વઢવાણ કાંપ અને વઢવાણ શહેરનાં જૈન આગેવાનોના ખાસ આમંત્રણથી તેઓશ્રી ત્યાં પધારતાં સાયલા ખાતે શ્રી દેવચંદ્રજી સ્થાનકવાસી જૈન લાયબ્રેરી સ્થાપી તે લાયબ્રેરી ખાતે હાલ ઘણાંક અત્યુત્તમ નોવેલ અને ધાર્મિક ગ્રંથો છે. ઘણાંક ઇતિહાસિક અને વાર્તાના નીતિમય પુસ્તકો સદરહુ ગ્રંથકર્ત્તાના લઘુબંધવ મી૦ નાગરદાસ નીમચંદ શાહ મુંબઇના અફીણવાળા તરફથી ભેટ આપવામાં આવ્યાં છે તેમજ તેઓશ્રીનાં ધર્માત્મા માતુશ્રી સાંકળીબાઇ તરફથી અમુક રૂપીઆ લાયબ્રેરીના ગમે તે ખાતામાં વાપરવા શેઠ હરજીવનભાઇ ઠાકરશીની મારફતે આપવામાં આવ્યા છે. તેમજ સાયલાના નામદાર ઠાકોર સાહેબ બહાદૂર તેમજ ના. યુવરાજ સાહેબે ખાસ પોતાના રાજદરબારમાં વ્યાખ્યાન આપવા આમંત્રણ કરવાથી લાગલાગટ ચાર દીવસ સુધી જુદા જુદા ધાર્મિક વિષયો ઉપર ભાષણો આપવાથી તેઓ નામદારશ્રીને સદરહુ મહાપુરૂષની વિદ્વતા માટે ભારે સંતોષ પ્રાપ્ત થતાં; ચાતુરમાસ રહેવાની પ્રેમપૂર્વક અરજ કરવામાં આવી હતી. પણ મહારાજશ્રીએ નમ્રતાપૂર્વક જણાવ્યું હતું કે, હાલ મ્હારા ગુરૂ સાહેબ લીંમડી ખાતે સ્થિરવાસ હોવાથી તેઓશ્રીની સેવાભક્તિ કરવા હું રોકાયો છું. પ્રસંગે આપની ઇચ્છા પાર પડશે. એ પ્રસંગે રાજદરબારમાં ઘણાંક જીવદયાના સુધારા થયા હતા. ત્યાંથી મુળી, વઢવાણકાંપ, દુધરેજ, વઢવાણ શેહેરમાં ભાષણો આપવાથી ત્યાંના શ્રાવકો પણ ભારે હર્ષિત થયા હતા.

લીંબડી ખાતે રાજ્યના દરેક અમલદારો અને ઘણીવાર ખુદ્દાવિંદ ઠાકોર સાહેબ બહાદુર ઉપાશ્રયમાં પધારે છે અને એ મહાત્માની લાયકાત અને વિદ્વતા માટે ઘણી સારી તારીફ કરે છે. દરવરસે પર્યુશણ પર્વમાં જૈનશાળા અને જૈન કન્યાશાળાનો મેળાવડો થાય છે

એ વખતના વિદ્યાર્થીઓ આપણે સુંદર ઉત્તમ રસ્તે અભ્યાસ રીતે થાય છે. જૈન કન્યાશાળાની બાબતે પણ કરવું રહે. દરેક કરવાના વિચાર, બાળકો ઉપર અસરકારક બન્યું આવે છે.

સદરહુ મહારાજના ઉપદેશથી આવી આપણ કાઠિયાવાડમાં લીંબડીની જૈન શાળા અને જૈન કન્યાશાળા આદિ નિશાળો સ્થાપની દરિયાપુર થાય છે. મહારાજશ્રી નાનચંદજી સ્વામીએ લીંબડી અને બીજું આઠ વરસમાં ઘણાં ગ્રંથો પ્રગટ કર્યા છે. જેના નામો— "સુબોધ સંગીત માળા" "આત્મસિદ્ધિનું સ્વરૂપ." "સંસ્કૃત કાવ્યાનંદ" વિદ્યાર્થીએ કરેલ "રેવતીરાસનો." "ઇંદ્રસંગદ." વિગેરે ઘણાં છે. સદરહુ મુનિશ્રી સ્યાદ્વાદનું ઊંડું જ્ઞાન ઉપરાંત દક્ષિણી અને હિન્દી અને સંસ્કૃત ભાષા પણ જાણે છે.

વ્યાખ્યાનમાં જ્યારે તેઓશ્રી પૂર્વક આપણે શબ્દ ઉચ્ચારે છે ત્યારે માણસો તે પર ફિદા ફિદા થઈ જાય છે.

શ્રી જિનેશ્વરદેવ આવા કોહિનુર સમાન જૈન મુનિને દિર્ઘાયુ બક્ષો એજ સદરહુ પુસ્તકના કર્તાની પ્રાર્થના છે.

વધારે ખુશી થવા જેવું તો એ છે કે, સંસાર પક્ષનાં તેઓશ્રીના વડીલ બાઈ મોંઘીબાઈ પણ ગુજરાતી અને ધાર્મિક જ્ઞાન સારૂં ધરાવે છે. અને સંસ્કૃતના અભ્યાસી હોવાથી જૈન કન્યાશાળામાં જૈન બાઈઓને ઉત્તમ શિક્ષણ આપે છે. જ્યારથી મુનિશ્રી નાનચંદજી સ્વામિએ દિક્ષા ગ્રહણ કરી ત્યારથીજ સદરહુ પુસ્તકના કર્તા સાયલાકરનાં ધર્માત્મા માતુશ્રી સાંકળીબાઇ સાથે તેઓશ્રીનાં વિધવા બાઈ મોંઘીબાઇ રહે છે અને તેઓશ્રીને જ્ઞાન આપવાનું અને બીજું સઘળું ખરચ શ્રી. નાગરદાસ નીમચંદ બારીવાળા આપે છે. સદરહુ ગ્રંથ કર્તા સદરહુ

મહાત્માશ્રીના સંસાર પક્ષે સગા કાકાના દીકરા ભાઇ થાય છે. મ-હારાજશ્રીએ અમારૂં કૂલ અંજવાલ્યું છે. એમ ગ્રંથ કર્ત્તા અને સહ કૂટુંબ ઇચ્છે છે. તથાસ્તુ ! ! !

મુનિશ્રી જ્ઞાનચંદ્રજી સાયલા પધારતાં રચવામાં આવેલી કાવ્ય.

(દોહરા.)

ધન્ય દિવસ છે આજનો, ધન્ય ઘડી પળવાર;
પવિત્ર મુનિ પધારીયા, સાયલા શેહેર મોઝાર.
કલ્પ વૃક્ષ ખિલ્યું હવે, હરખ્યો સકળ સમાજ;
ધન્યવાદ આપે સદા, નિમચંદ્ર સુત " જીવરાજ "

(રાગ દેશી લાવણી.)

આજ આનંદ મ્હારે, આજ દિવાળીરે;
પંડિત શ્રી " નાનચંદ્રજી " મુનિ, આજે તો નિહાળીરે—આજ.(ટેક)
પુરણ પૂણ્ય ઉદય થતાં, જ્ઞાની ગુરૂ મળીયારે;
વ્યાખ્યાન સુણીને, ભવો ભવમાં પ્રાયશ્ચિત ટળીયાંરે. „ ૧
અમૃત જેવી વાણિ, જાણી દુધે મેહ ઝરતારે;
ગુરૂજી નિર્મળ છો, નીર્ખિ ચક્ષૂ ટાઢી કરતારે— „ ૨
મહા પ્રતાપી ગુરૂ તમને, " દેવચંદ્રજી " મળીયારે,
શિષ્ય, ગુરૂ, સંગાથે જાણો, ચંદ્ર સૂર્ય ભળીયારે— „ ૩
સાયલા શેહેરના શ્રાવકોની, સ્તુતિને સ્વિકારીરે,
પ્રેમ ધરીને વંદે સરવે, નર–અને નારીરે— „ ૪

સોનાંનો સુરજ આજે, પૂરે પૂરો ઉગ્યોરે;
જૈન સકલમાં આજે મુનિ, હર્ષ છે અધિકોરે— „ ૫
કલ્પ વૃક્ષ સમ કોમળ સ્વામિ, સદ્ગુણના ભંડારીરે;
કુમતિ કાપી સુમતિ આપો, વદીએ વારમવારીરે— „ ૬
પંચ મહાવ્રત પાલણહારા, છકાયના રખવાળારે;
કંચન કામની દૂર નિવારી, રાગ દ્વેષને બાળ્યારે— „ ૭
અડોલ પ્રણામિ મેરૂ તુલ્ય, સશી સમ શીતળકારીરે;
બોધ આપીને મહિ મંડળથી તાર્યા નરને નારીરે— „ ૮
જૈનોદય કરવાને ઉત્તમ જ્ઞાન અમોને દીધુંરે,
કૃપા કરી દર્શન દેવાને, ક્ષેત્ર પાવન કીધુંરે— „ ૯
" જીવરાજ " કહે કરજોડી, સૌ શ્રાવકને સુધારોરે,
સંપ ઐક્યતા સ્થાપી, ગુરૂ–સાગરપાર ઉતારોરે— „ ૧૦

(દોહરો)

જહાં જિનકો નહિં પારખો, ત્યાં તિનકુ નહિં કામ;
ધોબી રહીને શું કરે, દિગમ્બરી કે ગામ.

" મહાપુરૂષ મુનિશ્રી છોટાલાલજી સ્વામિ. "

સદ્ગુરુ મહાત્મા શ્રી તલસાણીયા કુટુંબના ખાનદાન ગૃહસ્થ છે. તેઓશ્રીનું સંસારી કુટુંબ હાલ વરવાળ ગામમાં રહે છે જાતે દશા શ્રીમાળી વણિક છે. મરહુમ ગચ્છાધિપતી પૂજ્યશ્રી ૧૦૦૮ શ્રી લાધાજી સ્વામિ પાસે તેઓશ્રીએ ભાગવતી દિક્ષા ગ્રહણ કરી છે. પોતે

વિદ્યાવિલાસી હોવાથી ધર્મનાં કેટલાંએક નીતિદર્શક નોવેલ પ્રગટ કરે છે. ધાર્મિક જ્ઞાન સારૂં છે. કચ્છ રામાણી ગામમાં મળેલી સાધુ પરિષદ પ્રસંગે તેઓશ્રીએ સંતોષકારક કામ બજાવી, સાધુ સુધારામાં આગળ પડતો ભાગ લીધો છે. તે ખાતે ધન્યવાદ આપવામાં આવે છે. ગયા વરસમાં ચૈત્ર માસમાં શ્રી મહાવિર જયંતિ પ્રસંગે તેઓશ્રી અમદાવાદ પધાર્યા હતા. જે પ્રસંગે બનાવવામાં આવેલી કાવ્ય.

(રાગ—કંગનવા મેરે કરસે સરક ગયોરે.)

સંસાર સિંધુમાં સ્વામિ ? મ્હારૂં મન ભમેરે. (ટેક)
છકાય રક્ષ કરનારારે, મોક્ષ સુખ વરનારારે;
રહ્યા મોહ માયાથી ન્યારા, સહુ ટાલ્યા મન વિકારા,
નિશ દિનમેં દસ દસ વારા, મ્હારા શિર નમેરે. સંસાર. ૧
સદા સત્ય વેણુ વદનારારે, દેઇ બોધ કર્યા સુધારારે;
સ્થિર મનમાં ધીરજ ધારી, નાંખ્યા સહુ કર્મ નિવારી,
સમાવી ભ્રાંતિ મ્હારી, ઇંદ્રિયોને દમેરે— સંસાર. ૨
ધરો અર્જ ધ્યાનમાં મ્હારીરે, છો આપ બડા ઉપકારીરે;
આપ અભયદાન દાતારી, મેલી મનથી મમતા ન્યારી,
"જીવાને" એક ચિત્તે, ગાવા ગુણ ગમેરે— સંસાર

(દોહરો.)

કંચન કેરી ખાણમાં, લોહ ન નિપજે લેશ;
સંત પુરૂષના સ્નેહથી, ટળે-રાગ ને દ્વેષ.

શ્રી આઠ કોટી દરિયાપુરી સાધુજી મહાત્માનાં સ્તવનો.

(દોહરા.)

જૈનાચાર ધરીને રહે, એ સાધુ શિરતાજ;
સકળ જૈન ચાહે સદા, સત્ય વદે છવરાજ.
રાગ દ્વેશ રાખે નહિં, ખટપટ કરશે દૂર;
મોક્ષ સુખને પામતાં, કર્મ થશે ચકચૂર

શ્રી આઠ કોટી દરિયાપુરી સમુદાયના બાળબ્રહ્મચારી ગચ્છાધિપતી પૂજ્ય સાહેબ શ્રી ૧૦૦૮ શ્રી રઘુનાથજી મહારાજે થોડા દિવસ ઉપર કલ્લોલ મુકામે કાળ કર્યાના દુઃખદાયક ખબર મળવાથી તેઓશ્રીના ઘણાં ક્ષેત્રોમાં બેહદ ગમગીની પ્રાપ્ત થઇ છે. કલ્લોલ, અમદાવાદ, વિરમગામ, વિસલપુર, વઢવાણ શેહેર, સાયલા આદિ ઘણાંક ગામોમાં આ ખેદકર ખબર મળવાથી હડતાળ (પાખી) પાળવામાં આવી હતી. અને છવદયા વિગેરે શુભ ખાતામાં સારી રકમનું ફંડ કરવામાં આવ્યું હતું. સર્વે શ્રાવક, શ્રાવિકાઓએ અનેક પ્રકારનાં ધાર્મિક વ્રત પચખાણ કર્યાં હતાં.

કલ્લોલમાં મહારાજશ્રીના સ્વર્ગવાસ થતાંજ સ્થળે સ્થળે તાર કરવામાં આવ્યા હતા જેથી આજુબાજુના અને અમદાવાદ શેહેરનાં ઘણાં જૈન શ્રાવક બંધુઓ, અને બ્હેનો છેલ્લી વખતનું નમન કરવાને કલ્લોલમાં હાજર રહ્યાં હતાં.

મહારાજશ્રીને ' જય જય નંદા, જય જય ભદા. "ના પોકારો વચ્ચે પાલખીમાં બેસારી છેવટની યોગ્ય ક્રિયા કરવામાં આવી હતી,

આ પ્રસંગે હાજર રહેલા શ્રાવક શ્રાવિકાઓ બેહદ ગમગીનીમાં ગિરફતાર હતા. દરેકના મુખારવિંદ ઉદાશીમાં દ્રષ્ટિગોચર થતા હતા. કલ્લોલના શ્રાવકે મહાત્માશ્રીની યાદગીરી કાયમ રાખવા એક સરસ પાંજરાપોળ બાંધવાને મ્હોટી રકમની ટીપ કરી હતી. તેમજ ત્યાંના દરેક હિંદુ, મુસલમાન વિગેરે દુકાનદારોએ સહાયને માટે તે દિવસે પાખી પાળવા મુકરર કીધું હતું.

મહારાજશ્રી સ્વભાવે શાન્ત, અને વિદ્વાન હતા. દરેક ધર્મના માણસો પ્રત્યે એ પવિત્ર મહાત્માશ્રી સમભાવ રાખતા હતા. રાગ દ્વેષ ને ખટપટથી તેઓશ્રી તદ્દન અલગ રહ્યા હતા. સૌથી વધારે ખુશી થવા જેવું તો એ હતું કે, એ મહાત્માશ્રીના અમુલ્ય બોધ અને ઉપદેશથી [illegible] દરેક સાધુઓ નિંદાને ધિક્કારતા હતા, અને પોતાના આત્માનું કલ્યાણ કરવા અહોનિશ આતુરતા બતાવતા હતા.

એ મહાત્માશ્રીનો મુખ્ય બોધ એ હતો કે, [illegible]

"મહાપુરૂષશ્રી હાથીજી સ્વામિ"

આહ કોટી દરિયાપુરી સ્થાનકવાસી જૈન સંઘમાં તેઓશ્રી મુખ્ય છે. સ્વભાવે શાંત અને તદન ભદ્રિક છે. જૈન શાસ્ત્રનું સારૂં જ્ઞાન સંપાદન કર્યું છે. ગજમુનિની કાવ્યો વખણાય છે. તેઓશ્રીના શિષ્ય મુનિશ્રી પુરૂષોત્તમ પણ સુજ્ઞ અને વિદ્વાન છે. અમુક વરસ ઉપર સદરહુ મહાત્માશ્રીનું ચાતુર માસ સાયલા હતું. તે પ્રસંગે કોઇવાર તેઓશ્રીનો બોધ (વ્યાખ્યાન) સાંભળવા બપોરના ટાઇમમાં નામદાર-સાયલાના યુવરાજ કુમાર સાહેબશ્રી મદારસિંહજી બહાદુર પધારતા હતા. રાગ દ્વેશનો સદરહુ મહાત્મા પુરૂષે ત્યાગ કરેલો હોવાથી દરેક સાધુઓમાં અને શ્રાવક વર્ગમાં તારીફ થાય છે.

(દોહરો.)

ભોળા ભદ્રિક મુનિવર, હાથીજી ગુણવાન;
અમૂલ્ય બોધ આપે સદા, સુણો ધરીને ધ્યાન.

(રાગ—અધ કિલ્લો બાપુ છે શું કામ.)

ગુરૂ હાથીજી ગુણ અપાર,
નિરંતર વંદીએરે—ગુરૂ હાથીજી. (ટેક.)
દરિયાપુરીના ગચ્છ માંહેનો, આપ મ્હોટા છો આવાર;
સૌથી (આપ) મ્હોટા છો આવાર—નિરંતર ગુરૂ.
શાસ્ત્ર તણું શુભ જ્ઞાન ધરાવો, સદબુદ્ધિના ભંડાર;
(અતિ) સદબુદ્ધિના ભંડાર;—નિરંતર—ગુરૂ.

ગઇ સાલ રહ્યા વાટ જોઇને, વિત્યો જેઠજ માસ;
મેઘરૂપી મુનિવર નાવ્યા,—આ મ્યુરે મુકી આશ—પધાર્યા.

પંચ મહાવ્રત પાલણ હારા, છકાયના પ્રતિપાળ;
શાન્તિ સુધાકર હૃદય ધારી,—લેવા આવ્યા અમ ભાળ—પધાર્યા. ૩

પારગામી છો શાસ્ત્ર સિદ્ધાંતે, સત્યવાદી મુનિરાજ;
આજ અમારા ભાગ્ય ઉદયથી,—મળ્યું છે મોક્ષનું જહાજ.—પધા. ૪

મેરૂની પેરે અડોલ પ્રણામિ, સ્વામિ ? અમે સહુ દાસ;
ચત્ર માસાની મ્હેર કર્યાથી—હૃદય હુવો હુલ્લાસ.   ,, ૫

કામની, કંચન દૂર ધારીને, ગ્રહ્યો સંયમ શીકાર;
કામ, ક્રોધ, મોહ, મમત ખાળી,—બન્યા ઉત્તમ અણગાર. ,, ૬

ગુણનાં દરિયા, સાગર તરીયા, કરીયા અનંત ઉપકાર;
સ્વિકારો સેવક "સાયલાકરની"—વંદના વાર હજાર.   ,, ૭

મહા પૂરૂષ શ્રીમગનલાલજી મહારાજ.

સદરહુ મહાત્માએ પોતાની વિદ્વતાનો લાભ કાઠિયાવાડ અને ગુજરાતમાં આપીને, જીવ દયાના અને ધાર્મિક સુધારા કરાવ્યા છે. સૌરાષ્ટ્રમાં તેઓશ્રી લાંબો વખત રહ્યા છે. અવાજ બુલંદ અને કંઠ-કળા તારીફ કરવા યોગ્ય છે. રાજકોટમાં સદરહુ મહાપુરૂષનું પાંચ વરસ ઉપર પધારવું થતાં; તે પ્રસંગે સદરહુ પુસ્તકનો કર્તા ખાસ દર્શન કરવા ગયો હતો તે પ્રસંગે રાજકોટના જૈન વિદ્યાર્થીઓને ત્યાંના શ્રી જૈન સંઘના ફંડમાંથી પોતાના હાથે ઇનામ આપવા ઉપરાંત

" વિદ્યાર્થીને બોધ " એ નામનું ભાષણ આપ્યું હતું જે પ્રસંગે મહારાજશ્રીઓ પણ પ્રસંગને લગતું યોગ્ય વિવેચન કરી વિદ્યાર્થીઓની ફરજ સમજાવી હતી.

(દોહરા)

" મગ્ન " મુનિ બહુ મગ્ન થઇ, આપે છે ઉપદેશ;
સુબોધ સુણવાંથી સર્વેનો, ટળે રાગને દ્વેશ.

(રાગ-આદેશ્વર અલબેલા છો.)

મુનિ " મગનલાલજી " સ્વામિરે, ગંભીરને ગુણકારી છો. (૨૬)
નમે શ્રાવકો સહુ શિર નામીરે,—ગંભીરને ગુણકારી છો.
આપ વાણિ અમૃતની ધારારે,— "
ગચ્છ દર્યાપુરીના તારારે.— "
પંચ મહાવ્રત પાલણહારારે— "
આઠ મદના ગાલણહારારે— "
શાસ્ત્ર સિદ્ધાંતના પારગામીરે.— "
વિશ્વ વિશે રહ્યો યશ જામીરે.— "
છો સદગુણવાળા સ્વામિ·.— "
તપ, જપ તણાં મહા કામીરે — "
ગચ્છ દરિયાપુરી દિપાવ્યોરે.— "
સત્ય વિનુરાગ માર્ગ બતાવ્યોરે.... "
નથી અભ્યાસમાં જરા ખામીરે,— "
જ્ઞાન આપી, સુધારો સ્વામિરે ?— "

(દોહરો)

સાયલાના શ્રાવકતણી, અર્જ સ્વિકારો ઊર;
બોધ દેવા પધારીને, કરો કર્મ ચકચૂર.

(રાગ–પ્રભુ વિનંતિ હમારી ઉર ધરજો.)

મુનિ વિનંતિ હમારી ઉરે ધરજો;
દર્શન દેવાને દયા દ્રષ્ટિ તો કરજો.— મુનિ. (ટેક)
બાળ અજ્ઞાની આ શરણે આવ્યો છે,
એને કુમત્તિ કાપીને સુમતિ ભરજો — મુનિ. ૧
એક આધાર છે એહને આપનો,
આપ બોધ આપી અજ્ઞાનના સર્વ હરજો.— મુનિ. ૨
તપસ્વિ મોતીજીને સંગાતે લેઇને,
આપ સાયલા પધારી પૂર્ણ કરો ફરજો — મુનિ. ૩
ચંદ, ચકોર, મેહ, મયુરની પેરે,
નિરખવાને રાહ જુએ સાયલે સર્વ નરજો.— મુનિ. ૪
અલ્પ મતિની આ સેવક "છવાની" આપ,
ઉરમાં ધરી સદા સર્વ અરજો.— મુનિ. ૫

(દોહરો)

ઉત્તમ સુખનાં કારણે, કરે ઉત્તમ નિરધાર;
એવા ઉત્તમચંદને, નિત નમે "છવરાજ"

મહાપુરૂષ મુનિશ્રી પુરૂષોત્તમજી સ્વામિ.

આહું મુનિશ્રીના ગુરૂજી મહાપુરૂષ શ્રીલાધીજી સ્વામિ છે. તેઓ શ્રી સ્વભાવે શાંન્ત અને શાસ્ત્ર જ્ઞાન મેળવવા સારો શ્રમ લહે છે.

(રાગ-મ્હારા જેવી તો ઠગારી નારી)

પુરૂષોત્તમજી અમોથી આપ રવા છો શું ન્યારે. (૨) ટેક.
તારોને મુનિ આવાર, સુબોધ આપીને સાર,
વિનવુંછું વારવાર, વંદે સહુ નરનાર,
ગુરૂજી અમોથી આપ રવા છો શું ન્યારે; પુરૂષોત્તમજી.— ૧
સંસારની બાજી નીચ, માંહિ છે કાદવકીચ,
તેમાં પડ્યા અધબીચ, સુઝે નહિં એક દિશ,
માંહિ હળાહળ વિષ;
આપો જ્ઞાનરૂપી નાવ, જેથી તરી આ સિંધુને, (૨)
મુનિ સેવક સુધારવાને ચડો અમ વારે.—પુરૂષોત્તમજી—૨

(દોહરો)

મમત્વ, મોહ નિવારીને, બન્યા ખરા અણગાર;
ધન્ય વાદ આપે સદા, " જીવરાજ " આભાર.

મહાપુરૂષ મુનિશ્રી ઈશ્વરજી સ્વામિ.

સદરહુ મુનિશ્રી, મરહુમ પંડિત મહારાજશ્રી પુરૂષોત્તમજી સ્વામિના શિષ્ય છે. મુંબાઇના ચાતુરમાસ વખતે તેઓશ્રી મરહુમ ગુરૂજી

સાથે હાજર હતા. અને સાધુજીની વયાવંચમાં સારૂં કામ બજાવ્યું હતું. ધાર્મિક શાસ્ત્ર જ્ઞાન સારૂં છે. તેઓશ્રીના મુંબાઈના ચાતુરમાસ વખતે બનાવવામાં આવેલી કાવ્ય.

(રાગ-ચમકતી ઠમકતી પદમણિરે.)

અત્યાનંદ ઉરમાં આજે થયોરે,
ગુણિ ગુરૂજી મળ્યા, દુઃખ દૂર તો ટળ્યા. } ટેક.

કૃપા કરીને આપ પધાર્યા, સર્વ કાર્ય અમારાં સર્યારે.-ગુણિ-અત્યા
શ્રાવક વિનંતિ હૃદય ધારી, ચોમાસાના વચને પળ્યારે-ગુણિ-અત્યા
અજ્ઞાન કાપી, જ્ઞાનજ આપો, ધર્મ નીતિનાં કાયદા કળ્યારે-,, ,,
મોહ માયાથી લીયો ઉગારી, આ દુઃખી સિંધુમાં અમે બળ્યારે-,, ,,
સર્વેની વતી વદે છે જીવો, પૂરણ પુણ્ય ઉદયે થયારે—,, ,,

(દોહરો)

ભાણ ઉગતો ભાળીને, રજની પામે ત્રાસ;
નાશ કરે-અજ્ઞાનનો, અમૂલ્ય-શિક્ષા. ખાસ.

મહાપુરૂષ વિદ્વાન મુનિશ્રી હર્ષચન્દ્રજી સ્વામિ.

મરહુમ ગચ્છાધિપતી પૂજ્ય મહાત્મા શ્રી ૧૦૦૮ શ્રી રઘુનાથજી મહારાજના સદરહુ મુનિશ્રી શિષ્ય છે. તેઓશ્રીએ બાળવયમાં દિક્ષા ગ્રહણ કરી મરહુમ પૂજ્યશ્રીના પ્રતાપથી ગુજરાતી, સંસ્કૃત, ધાર્મિક શાસ્ત્ર જ્ઞાન સંપાદન કરવા સાથે અંગ્રેજી ભાષાનો પણ સં-

તોષકારક અભ્યાસ કર્યો છે. જુદા જુદા ધર્મનાં અનેક પુસ્તકોનું આ વિદ્વાન મુનિશ્રીએ અવલોકન કર્યું છે. સ્વભાવે શાંન્ત અને દયાળુ હોવાથી આજે દરિયાપુરી સમુદાયમાં તેઓશ્રીની વિદ્વતા માટે તારીફ થાય છે. સંવત ૧૯૭૦ ની સાલનું ચાતુરમાસ રાજનગરમાં હોવાથી સદરહુ પુસ્તકના કર્તાએ નીચે પ્રમાણે કાવ્ય બનાવી હતી.

(રાગ-ચાહીત પ્રભુજી અરજ કરૂંછું.)

હર્ષ મુનિશ્રી અર્જ કરૂંછું, અરજ ઊરમાં ધરીને,
સેવક જાણી, સાહ્ય થઇ, હાથ આપીને પાર ઉતારોને. (ટેક)
મુનિ તમે ન તારોતો હવે કોનો છે આધાર, (૨)
કૃપાળુ કૃપા કરીને, સુધારો આ વાર, (૨)
રૂષિજી હવે કરો આ સેવકની સાર.—મુનિ. (હર્ષ)
તપ, જપ, સર્વે વિધા માંહિ આપ મજબુત, (૨)
કાપી કુમતિ સુધારો, સર્વે શ્રાવકના સુત, (૨)
દર્શનનો લાભ આપી, કર્યા રૂળિભુત.—મુનિ. (હર્ષ.)

(દોહરો)

ચત્રમાસુ પધારીયા, ગુરૂ સંગાતે, આજ;
" હર્ષ " મુનિવર નીર્ખિને, હરખ્યો સકળ સમાજ.

મહાપુરૂષ વિદ્વાન મુનિશ્રી લક્ષ્મિચંદરજી સ્વામિ.

સદરહુ મુનિશ્રી રણુનીડીકરના રહીશ છે. તેઓના પિતાશ્રીનું નામ કાળીદાસ મહેતા. અને માતાજીનું નામ હાથબાઇ છે. તેઓશ્રીના

નાનાભાઇનું નામ ટપુચંદભાઇ છે. જેઓ હાલ વિરમગામમાં રહે છે. મુનિશ્રીનો જન્મ સંવત ૧૯૩૪ ના મહા સુદિ ૮ તેઓશ્રીએ ગચ્છમુ પૂજ્યશ્રી અમિચંદજી સ્વામિ પાસે સંવત ૧૯૫૨ ના માગસર સુદિ ૧૩ ના દિવસે વઢવાણ શેહેર મધ્યે, ચુડાના રહીશ મુનિશ્રી માણેકચંદજી સાથે બડી ધામધુમથી દિક્ષા લીધી છે. આ પ્રસંગે સદરહુ પુસ્તકનો કર્ત્તા માસ્તર સાયલાકર દિક્ષામાં હાજર રહેવાથી "દિક્ષા-ઓચ્છવ" નામનું પુસ્તક બનાવ્યું છે. તે પુસ્તકમાં વઢવાણના શ્રાવકોને ખાસ આ દિક્ષા ઓચ્છવની બાબતમાં ધન્યવાદ આપવામાં આવ્યો છે. સદરહુ મુનિશ્રી જૈન શાસ્ત્રમાં નિપુણ છે. જામનગરમાં તેઓશ્રીએ ત્યાંના વિદ્વાન શ્રાવકોને ઘણાંક જુદાં જુદાં સુત્રો સંભળાવવાથી જામનગરના શ્રાવકો સદરહુ મુનિની વિદ્વતા સંભાર્યા કરે છે.

પાંચ વરસ અગાઉ મારવાડી મહાત્મા પૂજ્યશ્રી ૧૦૦૮ શ્રીલાલજી મહારાજ કાઠિયાવાડમાં પધાર્યા હતા ત્યારે પણ સદરહુ મુનિની વિદ્વતા માટે ઉંચો અભિપ્રાય આપ્યો હતો. મુનિશ્રી બાલબ્રહ્મચારી છે. સ્વર મધુર અને બુલંદ હોવાથી હોવાથી વ્યાખ્યાન બહુજ અસરકારક ઢબથી તેઓશ્રી વાંચે છે. બે વરસ ઉપર વિરમગામમાં તેઓશ્રી ચાતુર માસ હતા ત્યારે સદરહુ પુસ્તકનો કર્ત્તા [illegible] ખાસ દર્શન માટે ગયો હતો અને નીચે પ્રમાણે કાવ્ય રચી [illegible] [illegible] સ્વભાવ, શાંત પ્રકૃતિ અને ઉત્તમ જૈન શાસ્ત્રનું જ્ઞાન હોવાથી તેઓશ્રીના ચાતુર માસ માટે ઘણેસ્થળે વિનંતિ [illegible] આવ્યા કરે છે.

(રાગ—કવિ કૃતિ નવિન.)

[illegible]

[illegible]

મહા વ્રતધારી, જ્ઞાનદાતારી, (૨) મોહ માયાથી ર્યા છો ન્યારાજ;
ન્યારા, ન્યારા, ન્યારા.—ગુરૂ. ૧
ગુણના દરિયા, સાગર તરીયા, (થ) અજ્ઞાનતાથી સૌને તાર્યાજ;
તાર્યા, તાર્યા, તાર્યા.—ગુરૂ. ૨
મહાગુણ ધામી, અમે શિર નામી, (૨) વંદતા આજે થઈ આનંદ ધારા;
ધારા, ધારા, ધારા—ગુરૂ. ૩
શુદ્ધ સમકીતિ, આણી પ્રીતિ, (૨) જૈન સમાજ સુધાર્યોજ;
ધાર્યો, ધાર્યો, ધાર્યો.—ગુરૂ. ૪
પૂર્ણ કૃપાળુ, ઉર મયાળુ, (૨) છકાય જીવ ખરા પાલણ હારા;
હારા. હારા. હારા.—ગુરૂ. ૫
પ્રિતે પધાર્યા, હર્ષ વધાર્યા, (૨) અર્પિને જ્ઞાનરૂપ ક્યારાજ;
ક્યારા, ક્યારા, ક્યારા.—ગુરૂ. ૬
આપ નિહાળી, આજ દિવાળી, (૨) દિવસ થયો છે મન મ્હારાજ;
મ્હારા, મ્હારા, મ્હારા.—ગુરૂ. ૭
"જીવો" આવી, શિર નમાવી, (૨) વદે છે સૌનાં ભાગ્ય સારાંજ;
સારાં, સારાં, સારાં,—ગુરૂ. ૮

(દોહરો.)
નમન કરૂં છું નિત્ય હું, પ્રેમ ધરી મુનિરાજ;
સંત પુરૂષની ચાહના, રાખે ઉર જીવરાજ.

મહા પુરૂષ મુનિશ્રી મુળચંદજી સ્વામી.

સદરહુ મુનિશ્રી દરિયાપુરી સમુદાયના—મ્હોટા ઉત્તમચંદ, મહારાજના શિષ્ય છે. દિક્ષા ગ્રહણ કર્યા વીસમું વર્ષ ચાલે છે. એ અર-

સામાં જૈન ધાર્મિક તત્વ જ્ઞાનનો સારો અભ્યાસ કર્યો છે. તેઓશ્રીનો એવો ઉત્તમ સ્વભાવ છે કે, જરૂરી કામ સિવાય કોઈ સાથે વાતજ ન કરવી. જો કોઈ ધર્મ સંબંધી વાત હોય તોજ તેઓશ્રી એ વાતમાં ધ્યાન આપે છે. આખો વિખત વિદ્યા વિનોદમાં અને શ્રી જિનેશ્વરની ભક્તિમાં પસાર કરી; આત્મ કલ્યાણ કરે છે. જૈનશાળા અને જૈન કન્યાશાળા તરફ વિશેષ પ્રેમ ધરાવી ધાર્મિક કેળવણીના કામમાં સારો ભાગ લેછે,

(રાગ—દક્ષિણી લાવણી.)

મુળચંદજી ગુણિ ગુરૂ મારારે. (૨) ટેક.
મુનિ સુજાણ, અમૃતવાણ ગુણની ખાણ;
શોભિતા ભાણ, નિંદાથી ર્યા છો ન્યારારે.—મુળ.
સદા મેરૂં છું ધ્યાન, લાગ્યા પૂર્ણ પ્યારારે; (૨)
પરમ દયાળ, જાણીને બાળ, લીયોને ભાળ,
ગુંચાયા જાળ, (હવે) શર્ણ છું તમારારે.—મુળ.
કરો સ્વામિ હવે આ જંગમાંથી ન્યારારે, (૨)
જીવો અજાણ. નથી કાંઈ ભાન, રહ્યા નાદાન,
આપોને જ્ઞાન, થાયે હર્ષ ધારારે.—મુળ.

(દોહરો.)

ગુણવંતા ગુરૂ ગચ્છમાં, સ્થાપ્યો સંપ સમાજ;
નહિ જશાસી જૈનની, કરજે છે, ઉશ્રાજ.

લીંબડી વિસાશ્રીમાળી સંઘની ઉપાશ્રયના મોટા પૂજ્ય શ્રી ૧૦૦૮ શ્રી " મોહનલાલજી મહારાજ "—સદગુરૂ મહાપુ-

રૂપશીને સ્વભાવ શાન્ત અને દયાળુ હોવા સાથે ધાર્મિકશાસ્ત્ર જ્ઞાન સારૂં છે. સંઘવી કુટુંબમાં સંપ સારો હોવાથી લીંબડી તાબાના બોડે-શ્વર (બોડીયા) ગામમાં વિસાશ્રીમાળી સ્થાનકવાસી ઝાલાવાડી ગોળ બાંધવાથી આજે કેટલાક વર્ષથી ગુજરાતમાં જતી કન્યાઓ અટકી પડી છે. તેથી દેશના સાધારણ સ્થીતિનાં પણ સારા કેળવાયેલા પુરૂષોને કન્યાની સગવડ થતાં, ઘણાં ભાગે કન્યાવિક્રય ઓછો થયો છે. આ ગોળ બાંધવામાં સદરહુ ગ્રંથ કર્ત્તા એ સારો શ્રમ લીધો હતો. અને તેથી હાજર રહેલા અગ્રેશરોએ એક રેશમી પાઘડી તથા પચીશ રૂપીઆ રોકડા માસ્તર "સાયલાકર" ને આપ્યા હતા. લીંબડીના મરહુમ મહારાજા સર. યશવંતસિંહજીની હાજરીમાં ગોળનું કામ સહી સલામત પૂર્ણ થતાં છેલ્લે દિવસે ખુશાલીમાં એક જનરલ મેળાવડો કર્યો હતો ત્યારે સદરહુ ગ્રંથ કર્ત્તાના કન્યાવિક્રયના ભાષણથી ઘણોજ સંતોષ બતાવી, શાબાસી આપી હતી. શ્રી સંઘવી ઉપાશ્રયના સાધુજી હવે ધાર્મિક સુધારા કરવા લક્ષ સારૂં આપે છે.

(રાગ—ખીસો)

નમું વિત્ રાગપાય, વંદું સારદમાય,
આધાર રાખું સદાય, ગુરૂરાજ તમારો;
દિન દિવાળી આજ, મળ્યા મણિમહારાજ,
સર્યાં સરવ કાજ, ધન્ય ભાગ્ય હમારો. ૧
શુભ ગુણુથી સોહાય, વંદન કરવા જાય,
શુદ્ધ બોધ અપાય, કર્મ દૂર કરે છે;

ટાળ્યાં કામ, ક્રોધ, માન, “મોહન” મુનિ આખ્યાન,
સર્વે સુણો જે કાન, સુણી સુખ ધરે છે. ૨

જીવ સર્વના પાળ, ગુણવંતા કૃપાળ,
[illegible] ભંજન, ગુરૂરાજ ભલા છે:
[illegible] નામ, નામ લેતાંજ કામ,
થાય સદા આરામ, ધર્મધારીજ ભલા છે. ૩

જેને ગુણના ભંડાર, સદ્બુદ્ધિ અપાર,
ધર્મી ઉત્તમ આચાર, જ્ઞાન દાન દેતા છે;
[illegible], તેમાં ગુરૂકો [illegible],
કહે બાળક [illegible], “ [illegible] ” કેતા છે.

દોહરો.

[illegible]
[illegible]

મહા [illegible] મુનિ શ્રી [illegible] મહારાજ.

[illegible]

જે કોઈ જૈન બંધુ બ્હેન વ્યાખ્યાન સાંભળવા ત્યાં આવે, તેઓ સ-ધળાને ત્યાં જઇ વસેલા ઝાલાવાડીઓએ બહુજ સરસ આગતા સ્વાગતા કરી, સંતોષ આપ્યો હતો.

શ્રી ચિંચપોકલી જૈન સ્થાનકમાંથી ચાતુરમાસ પૂર્ણ કરી તેઓ શ્રી જ્યારે કાઠિયાવાડ તરફ પધાર્યા ત્યારે શ્રી મુંબઈ ઝાલાવાડી જૈન. સભાના સેક્રેટરી સાયલાકર તરફથી મુંબઇના સમસ્ત શ્રી સ્થાનકવાસી જૈન બંધુ તરફથી મહારાજશ્રીનો યોગ્ય શબ્દોમાં આભાર માનતાં નીચે પ્રમાણે કાવ્ય ગાઇ બતાવી હતી. જે હાજર રહેલાઓને બહુજ પ્રિય લાગી હતી.

(રાગ-કર્ત્તાની બનાવેલી નવિન કાવ્ય.)

મણિ ગુરૂ મહારાજ, કરૂં અરજ હું આજ, સર્યા સર્વેનાં કાજ,
શિરતાજ; વહેલા પધારજો.— મણિ. (ટેક)
આપ્યો અમૂલ્ય બોધ, કાપ્યો કામ અને ક્રોધ વહો ધર્મનો ધોધ,
શોધ લેવાને; વહેલા પધારજો.— મણિ. ૧
અમે છૈયે અજ્ઞાન, નથી ધર્મનું ધ્યાન, દેવા શાસ્ત્રનું જ્ઞાન,
માનવંતા; વહેલા પધારજો.— મણિ. ૨
છવ છકાય પાળ, ગુણવંતા કૃપાળ, અમે છૈયે સૌ બાળ,
બાળ લેવાને; વહેલા પધારજો.— મણિ. ૩
ભ્રમર પુષ્પને નિત્ય, મયુરમેઘની રીત, ચંદ્રચકોર પ્રિત,
ચિત્ત ચાહીને; વહેલા પધારજો.— મણિ. ૪
સર્વ સૂત્રનાં જાણ, આપ અમૃતવાણ, ગુરૂ ગુણની ખાણ,
લાભ કરીયું; વહેલા પધારજો.— મણિ. ૫

ધરી ધર્મમાં ધીર, જીવ છકાય પીર, લળી નમાવું શીર,
શૂરવીર, વહેલા પધારજો — મણિ. ૬
ચિંચપોકલી ધામ, નક્કી મનમાં છે હામ, થશે ધર્મનાં કામ,
સ્વામ "જીવા"ના, વહેલા પધારજો— મણિ. ૭
આમ્બે શ્રાવક સાથ, વંદે જોડી દ્વી હાથ, અમે છીયે અનાથ,
કૃપાનાથ, વહેલા પધારજો.— મણિ. ૮
આપ વિયોગે આજ, કાંઇ સુઝે ન કાજ, વદે છે "જીવરાજ"
મુનરાજ; વહેલા પધારજો.— મણિ. ૯

(દોહરો)

સુબોધ આપ્યો સર્વને, પ્રેમ ધરી અહર્નિશ;
અપૂર્વ સાધુ અનંત, કરૂણા જગદિશ

મહાન તપસ્વિજી શ્રી ઉત્તમચંદ્રજી સ્વામિ.

[illegible]

ધનજીના કુટુંબવાળા તરફથી અચ્છી રીતે કરવામાં આવી હતી દર વરસે શીયાળામાં ઊનાળામાં અને વર્ષા રૂતુમાં કાયમ તેઓશ્રી તપશ્ચર્યા કર્યાજ કરે છે. તેઓશ્રી સાથે રહેલા મહાપુરૂષ શ્રી ફુલચંદજી સ્વામિ પણ સદ્‌ગુણિ છે. તપશ્ચર્યા પ્રસંગે બનાવેલી કાવ્ય.

(રાગ-નવિન.)

થયો આજે આનંદ અધિક. (૨)
આધક કર્યું ઠીક, ગઇ બીક-થયો. } ટેક.

મલ્યા મહાગુણિ મુનિરાજ, (૨)
મુનિરાજ, વંદી આજ, ગ્રહી જ્ઞાનની નીક.— થયો.
વાહ ! વઢવાણ સુંદિર શેહેર,
થઇ મ્હેર, લિધા લ્હેર, જોઇ તપસ્યાની ઝીક.—થયો.
નર નારી સુણો ધરી-પ્રિત, (૨)
ધર્મે પ્રિત, રાખો ચિત્ત, વાંચી બુક રસિક.— થયો.
વદે “ છબો ” ધરીને ઉમંગ, (૨)
ઉમંગ અતિ અંગ, આતો કઊંધું જરીક— થયો.

(દોહરો)

તપસ્વિજી ધન્ય આપને, ધન્ય ઘડી પલવાર;
મેળવશે આ-મુનિવર, સ્વર્ગ, સુખનું દ્વાર.

મહારૂષ પૂજ્ય શ્રી ૧૦૦૮ શ્રી હીરાચંદ્રજી સ્વામિ.



સદરહુ મહાત્માશ્રી હીરાજી સ્વામિ બોટાદ સંપ્રદાયના સુપ્રસિદ્ધ સાધુજી છે તેઓશ્રીની નીતિ રીતિ દરેક પ્રકારે વખાણવા યોગ્ય છે. આખા કાઠિયાવાડમાં તે મહાત્માશ્રીની ધાર્મિક વિદ્વતા, અને શાંન્ત સ્વભાવની તારીફ થાય છે. તેઓશ્રીના બોધથી સ્થળે સ્થળે જીવદયાના અને પરોપકારના સુકાર્યો થાય છે. ધાર્મિક વાત સિવાય તેઓશ્રી બીજી કાંઇ ખટપટમાં કદી પણ ઉતરતાજ નથી. તેઓશ્રીના વડીલ શિષ્ય શ્રી મુળચંદ્રજી સ્વામિ પણ વખાણવા યોગ્ય છે. તેઓશ્રી વિંછીયાના શ્રાવકોના આગ્રહથી સુબોધ આપવા વિંછીયા પધાર્યા હતા. ત્યારે સદરહુ પુસ્તકનો કર્ત્તા ખાસ ત્યાં દર્શન કરવા ગયો હતો અને લાગલાગટ બાર દિવસ સુધી જુદા જુદા વિષય ઉપર ભાષણો આપીને ત્યાંના શ્રાવકોને સંપૂર્ણ સંતોષ આપ્યો હતો અને ઘણાંક ધાર્મિક સુધારા કરાવ્યા હતા. ત્યાંના શ્રી સંઘ તરફથી હર્ષપૂર્વક એક સારી પાઘડી માસ્તર સાયલાકરને બક્ષિસ કરવામાં આવી હતી, ત્યાંથી સદરહુ મહાત્માશ્રી પાળીયાદ પધારતાં, વિંછીયાના શ્રાવકો સાથે માસ્તર સાયલાકર ત્યાં પણ દર્શન કરવા ગયા હતા ને ત્યાં પણ ઉપરા ઉપર છ દિવસ સુધી ભાષણો આપી ત્યાંની જૈન શાળા માટે અમુક પ્રકારનો લાગો કરાવી આપતાં, શ્રાવકોએ ત્યાં પણ તેઓશ્રીને એક સારી પાઘડી બક્ષિસ કરી હતી. વિંછીયાથી વિહાર કરતી વખતે ત્યાંના શ્રીસ્થાનકવાસી જૈન સંઘ તરફથી નીચે પ્રમાણે કાવ્ય બનાવી હતી.

(રાગ ધોળ.)

ય હિરાજી" મુનિ પધારતાં, આજે સંઘ સકળ છે, ઉદાસ;
મદુ આશ.—દર્શન વહેલા આપજો — ૧
શાન્તિ અતી અમને હતી, રતી ચડની થઈ ગચ્છમાંહી;
ઉપકાર—દર્શન વહેલા આપજો.— ૨
સદ્બોધ અમનેરે આપના, મદુ કાપના તાપ સંતાપ;
ધકો આપ.—દર્શન વહેલા આપજો.— ૩
ણચંદ" મુનિયાને નિર્ખિને, નરનારી થતાં રળિયાત;
ધ્યાને વાત—દર્શન વહેલા આપજો— ૪
પ્રેમ વધારીને વિચરો, કર્તા વિહાર સર્વે નિરાશ;
કરે હાશ—દર્શન વહેલા આવજો.— ૫
ઠિ ગણીને સંભારશો, ક્ષેત્ર તણી લેવાને સંભાળ;
ી આપ બાળ.—દર્શન વહેલા આપજો.— ૬
ધારો ઉદાસીથી થાય છે, ગુણ ગાવે સેવક "છવરાજ"
ક શિરતાજ.—દર્શન વહેલા આપજો.— ૭

(દોહરો)

હિરો તે હિરો નહિં, ખરો "હિરો" તુજ નામ;
હિરો જ્યપ પાલગમાં, એવું કર્યું શુભ કામ.

સોરઠના સુપ્રસિદ્ધ તપસ્વિજી શ્રીમાણેકચંદજી મહારાજ.

સરદુ પ્રતાપી મહાત્મા સોરઠ ઉપરાંત પોરબંદર, વેરાવળ, માંગરોળ, બગસરા, જેતપુર આદિ અનેક ગામોમાં ચતુર્માસ કરીને

ત્યાંના શ્રાવકોને અમૂલ્ય બોધ આપ્યો છે. રાજા રજવાડા તેઓશ્રીની વિદ્વતા જાણીતી છે છાપરીયા ભાઇઓ અને સંઘના પત્રથી મુંબાઇમાં ચાતુરમાસ રહી, સુબોધ આપી, સુધારા તેઓશ્રીએ કીધા છે. તેઓશ્રીના બોધથી ઘોરાજી પાસે ઉત્પન્ન થયા "ઘોરાજી પુસ્તક ભંડાર" નામની સુપ્રસિદ્ધ ચાલે છે. દર વરસે તેનાં મેળાવડા પણ થાય છે. આ કામ આ મહાત્માએ સ્તુતિપાત્ર કીધું છે.

[illegible] ગામમાં મહા ચાતુરમાસ હોવાથી ત્યાં તપસ્વિજી શ્રી જયચંદજી સ્વામિએ ઉપવાસ કીધા હતા. પારણાં પ્રસંગે દર્શન કરવા નવ હજાર ત્યાં એકત્ર થયા હતા. ત્યાંના દરબાર સાહેબ તરફથી મહાજનોનો મોટો સત્કાર કરવામાં આવ્યો હતો જે પ્રસંગે પુસ્તક આશરે પાંચ હજાર રૂપીયા થયા હતા. જ્યાં જ્યાં મહાત્માશ્રી માસ અથવા ઉપદેશ દેવા પધારે છે, ત્યાં ત્યાં સેંકડો માણસો ઓનાં દર્શન કરવા પધારે છે, અને સ્વામિવત્સલ આદિ અનેક [illegible] શુભ કાર્યો થાય છે એવા આ પત્રમાં પ્રગટ છે [illegible] થયું છે

તપસ્વિજીએ મુંબાઇમાં ચાતુર માસ કીધું તે પ્રસંગે
બનાવેલા કાવ્ય.

([illegible])

[illegible]

[illegible]

ધી દુરન્ત ચિતગના ધારે. ભવસિંધુથી ગુરૂ ઉગારે,
ાદમાયાથી રહ્યા છે ન્યારે,–વંદો વાર, ધરી પ્યાર, નરનાર,
ારસાર; વ્યાખ્યાન વાણિ સારી.— મુનિ
ાદ શ્રદ્ધાથી જે નામ જાપે, નામ લેતાંજ આનંદ વ્યાપે,
ાપ ત્રિવિધીનાં તેહ કાપે,–મુનિરાય, ગુણગાય,
ઃખ જાય, સુખ થાય;–ભજો સુણો મ્હારી— મુનિ.
ટ્ર છકાયના રખવાળી, કંચન કામનીને દૂર ટાળી,
ર્ય તપથી દે દેહ ગાળી,—" જીવરાજ " વંદે આજ,
ર્યો કાજ, મહારાજ;–જાઉં વારીવારી.— મુનિ.

(દોહરો)

તપસ્વિ માણેકચંદજી, સદ્‌ગુણનાં ભંડાર;
સ્વિકારશો જીવરાજની, વંદન વાર હજાર.

ખંભાત સંપ્રદાયના પૂજ્ય શ્રી ગીરીધરલાલજી સ્વામિ.

સદરહુ મહાત્મા પુરૂષ શ્રીની વિદ્વતા સુપ્રસિદ્ધ હોવાથી તેઓ
ે ઘણાંક ધાર્મિક પુસ્તકો રચ્યાં છે. "શ્રી સ્થાનકવાસી જૈન
ાદ્રુમ." તેઓશ્રીએ ઘણી મેહેનતથી તૈયાર કરી મુંબઇમાં પ્રગટ
ી છે. જેથી દરેક શ્રાવકો અને સાધુજીઓ તેઓશ્રીનો અહેસાન
ર છે, જે વખતે તેઓશ્રી મુંબઇમાં ચાતુરમાસ હતા તે વખતમાં
ાઇના શ્રી સ્થાનકવાસી જૈન અગ્રેસર અને શ્રી કચ્છી દશાશ્રીમાળી

જ્ઞાતિના શ્રીમંત શેઠ શ્રી દામજીભાઇ લક્ષ્મિચંદ જે. પી
વાળા સ્વર્ગવાસ પામતાં; તે પ્રસંગે સદરહુ મહાત્મા શ્રીના
શેઠ દામજીભાઇ સ્મારકફંડ મુંબઇ અને અમદાવાદમાં સ્થાપ
છે. જેમાંથી ઘણાંક સ્વધર્મિ ગરીબ વિદ્યાર્થીઓને મદદ મળે
ઉપરાંત તેઓશ્રીના બોધથી મરહુમ શેઠ દામજીભાઇના ધર્મ
શ્રીમતી શેઠાણી ડાઇબાઇએ આશરે એક હજાર રૂપીઆનાં પુસ્તક
ખરીદ કરી કાઠિયાવાડ, કચ્છ, ગુજરાત વિગેરે સ્થળે જુદા
સ્થાનક ખાતે મરહુમની યાદગીરીમાં બક્ષિસ કીધાં હતાં. અને
રાના કસાઇ ખાનામાંથી મોતના ડાચામાં જતી સેંકડો ગાયોને
કરી સદરહુ ગાયો પોતાના મુનીમ સાયલાકરની મારફતે સા
ગૌબ્રાહ્મણ પ્રતિપાળ ના૦ યુવરાજ કુમારશ્રીને તે ગાયોનો બચાવ
બક્ષિસ આપી હતી.

ધર્માત્મા શેઠાણી ડાઇબાઇએ પણ પોતાના પતિના સ્વ
પછી થોડા વરસમાં કચ્છમાં દિક્ષા ગ્રહણ કરી હતી અને ઉગ્ર
કરી માત્ર ૧।। વરસમાં સ્વર્ગસુખ સંપાદન કરવા આ અસ્થિ
સારને સદાયને માટે છોડીને ચાલ્યા ગયા છે. મરહુમ શેઠ શ્રી
જીભાઇએ મુંબઇ ખાતે શ્રી ચીચપોકલી જૈન સ્થાનકમાં વીશ
રૂપીઆ બક્ષિસ આપ્યા હતા. તે ઉપરાંત બીજાં અનેક ધાર્મિ
અને સાર્વજનિક શુભ ખાતામાં પોતાના વહાલા મિત્ર મરહ
લખમશીભાઇ નપુભાઇ જે. પી ની સલાહ મુજબ ગુપ્ત મદદ
કરી છે. તેથી તેઓશ્રીના નામનું ચીચપોકલી જૈન સ્થાનક
છે. મુબઇમાં શ્રી સ્થાનકવાસી જૈન સંઘમાં મર્હુમ શેઠ શ્રી દામ
અક્ષીણવાળાનું નામ સદાયને માટે સુવર્ણમય દરકતોથી ચલશે

હિંદમાં વસતા સમસ્ત શ્રાવક વર્ગ, અને સાધુજીઓ હમેશાનાં માટે ધર્મચંદ્રભાઈના નામને યાદ કરે છે. કારણ શ્રાવકો અને સાધુજીઓ પ્રત્યે તેઓશ્રી અનહદ પ્રેમ ધરાવતા હતા. ધન્ય છે! એવા પ્રતાપી પુરૂષને. !!! મહારાજશ્રી મુંબઈ પધાર્યા તે વખતે રચવામાં આવેલી કાવ્ય.

(રાગ એવીરે રંભા જાણી.)

ગિરીધર સ્વામિ, અર્જ સુણોને અમારી. (ટેક)
આનંદ પામી, અમે શિરનામી, દર્શન પ્રિતે કરીયે;
વિદ્યા વિલાસી મુનિવર નીર્ખિ, અંધ શ્રદ્ધાને હરીયેરે.—ગિરી.
કૃપા કરી બહુ ભારી ગુરૂ, દિન દિવાળી આજ;
સુબોધ દેવા, આપ પધાર્યા, મણિ તુલ્ય મહારાજરે.—ગિરી.
અમે અજ્ઞાની, આપ છો જ્ઞાની, ગુણવંતા ગંભીર;
મોહ માયાથી દૂરે ર્યા છો, તપસ્યામાં શુરવીરરે.—ગિરી.
જેને ચાહના પુષ્પ કરી, નિત્ય કરે ભ્રમર;
તેજ મિસાલે આપ ચાહના, કરતાતા કરકરરે.—ગિરી.
રાજનગરમાં રહીને નિત્યે, ગાવે ગુણ જીવરાજ;
અર્જુનજી કિંકર પુંન-સદા, એજ વદે છે આજરે.—ગિરી.

(દોહરો.)

વિદ્યા વિલાસી મુનિવર, ગિરીધર ગુણ ખાણ;
સુબોધ આપે સર્વને, અમૃત જેવી વાણ.

ખંભાત સંપ્રદાયના મહા મુનિશ્રી છગનલાલજી મહારાજ.

—xx—

સદરહુ મહા પુરૂષશ્રી જૈન શાસ્ત્રનો ગુજરાતી ભાષામાં તરજુમો કરીને તે તપાસવા અત્રેના જાણીતા જૈન ડાક્ટર. જીવરાજભાઇ ઘેલાભાઈ, એલ. એમ. એન્ડ. એસ. ની સલાહ અનુસાર જર્મનમાં જાણીતા જૈન પ્રોફેસર. હર્મન જે કોબી પાંસે મોકલાવી, ત્યાંથી તે શાસ્ત્ર તપાસ થઈ આવતાં છપાય છે. આ પ્રમાણે કેટલાંક જૈન શાસ્ત્ર ગુજરાતીમાં (અર્થ સાથે) છપાઇ ગયાં છે તેઓશ્રીએ પણ મુંબઇમાં ચાતુરમાસ કરી, સારી નામનાં મેળવી છે. જૈનોત્કર્ષ કરવાને તેઓશ્રીનો પ્રયાસ સ્તુતિપાત્ર છે. અમદાવાદના ચાતુરમાસમાં રચેલી કાવ્ય.

(રાગ-થયાછોરે પતિ તેજ પ્યારી.)

મલ્યાછોરે મુનિ મણિસમ મુજને, પ્રિત ધરી વંદી આજે. ટેક.
ગુણવંતા ગંભીર ભલેરા, જીવદયા પ્રતિપાળ (૨)
પ્યાર લાવ્યા, આપ આવ્યા, મન ભાવ્યા, જ્ઞાને ફાવ્યા;
કાપી કુમતિને સુમતિ તમે આપી, અતી યશ રહ્યો ગાજે.—મલ્યા.
શ્રાવકની સ્તુતિને સ્વિકારી, પધાર્યા ધરી બહુ વ્હાલ;
નરનારી, પ્રેમ ધારી, વંદે ભારી, વારી વારી;
વંદે મુખ થકી સૌ ચત્રમાસાની કૃપા કરી મુનિરાજે.—મલ્યા.
લાયક છે સૌ શિષ્ય તમારા, વનિતને વિદ્વાન;
એક ચિત્તે, નમિ નિત્યે, પુરી પ્રિતે, શુભ રીતે,
પર્યુષણ તણી ઓણુસાલની શોભા, સરી રવિ સમ છાજે.—મલ્યા.

અમેં અજ્ઞાની આપ હો જ્ઞાની, ગુણતણા ભંડાર;
"જીવરાજ," વદે આજ, સર્યાં કાજ, વધી લાજ;
દેવા બોધ અમોને આપે લીધી તસ્દી અમ કાજે.—ગમ્યા.

(દોહરો.)

દુર્જન મુખમાં દુર્વચન, સજ્જન મુખ મિઠાસ;
જે મુખડ સળગાવીએ, આપે સરસ સુવાસ.

"સાયલા સંપ્રદાયના પૂજ્ય શ્રી ૧૦૦૮ શ્રી મેઘરાજજી સ્વામિ."

——×✳×——

સદરહુ મહા પુરૂષશ્રી બાળ બ્રહ્મચારી છે. ઘણાં વરસની દિક્ષા છે. વ્યાખ્યાન વાણિ આપવામાં ઘણાંજ કાબેલ અને વિદ્વાન છે. જૈન શાસ્ત્રનો ઘણો અનુભવ મેળવી, કેટલાંક સુત્રોના તરજુમા તેઓશ્રી બાળબોધ લીપીમાં રચા સાથે કરે છે. સાયલા અને મુળીનાં ઉપાશ્રયમાં જૈન પુસ્તક ભંડાર છે. સાયલામાં તેઓશ્રીના બોધથી ઉપાશ્રયમાં કામદાર. સુંદરજી બાવાભાઇ દેશાઇ તરફથી પોતાનાં મરહુમ પુત્રીના સ્મરણાર્થે "ગોધીબાઇ જૈન પુસ્તકાલય" થોડા વખત ઉપર સ્થાપેલ છે. જેમાં પણ સારાં સારાં નોવેલ અને ધર્મનાં પુસ્તકો છે. સ્વભાવના ઘણાંજ દયાળુ અને શાંન્ત છે. થોડા વખત થયા શ્રી "મેઘ મુની જૈનશાળા" ચાલુ થઇ છે.

તેમાં વિદ્યાર્થિઓ તથા બાળાઓ અભ્યાસ કરે છે. માસ્તર નાગરદાસ લવજીભાઇ શિક્ષણ સંતોષકારક આપે છે. દરેક કામમાં શે. શે. સુંદરજીભાઇ મંગળજીભાઇ આમેચાની બરેકી બાગ લદે છે.

(રાગ–જોઈ જંગલ આભારી.)

" મેઘ " મુનિ મહારાજ, મેઘ મુનિ મહારાજ;
વંદે–સમાજ. — મેઘ. (૨) ટેક.
ગુણનાં છો દરીયા, સાગર તરીયા, ભરીયા જ્ઞાન જહાજ. (૨)
ભરીયા જ્ઞાન જહાજ; વંદે–સમાજ.—મેઘ. ૧
સદ્‌ગુણિ સ્વામિ, અમેં શિરનામી, જામી વિશ્વમાં લાજ. (૨)
જામી વિશ્વમાં લાજ; વંદે–સમાજ—મેઘ. ૨
દર્શન આપી, દુર્મતિ કાપી, સર્યાં સર્વના કાજ. (૨)
સર્યાં સર્વના કાજ; વંદે–સમાજ.—મેઘ. ૩
મોહ માયા ત્યાગી, ધર્મના રાગી, સજ્યા મુક્તિનો સાજ. (૨)
સજ્યા મુક્તિનો સાજ; વંદે–સમાજ.—મેઘ. ૪
સાયલા ગામે, શુભ ઠગામે, ગુણગાવે " જીવરાજ "
ગાવે જીવરાજ, વંદે–સમાજ.—મેઘ. ૫

(દોહરો.)

સજ્જની સંગતથી સહે, ભલાજનો દુઃખ ભાર;
માંકડના મેળાપથી, ખાય ખાટલો માર.

ભાવનગર સંપ્રદાયના મહા મુનિ કવિરાજ શ્રીઉમેદચંદજી મહારાજ."

—:o:—

સદરહુ મુનિરાજની કિર્તિ પ્રસિદ્ધ છે, તેઓશ્રીએ ઘણાંક પુસ્તકો, નીતિમય સુબોધ આપે એવાં ધાર્મિક ગાયનોથી બનાવ્યાં છે. અમુક

પ્રકારના દર્દથી તેઓશ્રી ઘણાં વરસ થયા ભાવનગરમાં સ્થિર વાસ રહ્યા છે. પર્યુષણ પર્વમાં ભાવનગર ખાતે મોકલાવેલી કાવ્ય.

(રાગ-ડરમાં, ડરમાં, ડરમાં રે.)

રંગમાં રંગમાં રંગમાં રે, આવો ઉપાશ્રે ઉમંગમાં;
શું! પ્રભુ વિચરી પડયા જંગમાં રે, આવો. (ટેક.)
પૂરણ પુણ્યે મુનિ મલ્યા છે;
(છતાં) ખપો નહિં અપંગમાં રે. આવો—રંગમાં. ૧
બોધ પ્રદિ આયુષ્ય સુધારો;
(એ) અર્જ કરૂં સદ્ સંઘમાં રે. આવો—રંગમાં. ૨
ધર્મ પ્રત્યેની વૃત્તિ જોઇને;
(મુંને) વધ્યો આનંદ અતિ ઉરમાં રે. આવો—રંગમાં. ૩
સર્વ સંઘાપે સ્નેહ ધરીને;
(સદા) હૃદય રાખો સત્સંગમાં રે. આવો—રંગમાં. ૪
પ્રેમ ધરીને વદે છે "જીવો;"
(મદૂ) ચેનો વખત આ તંગમાં રે આવો—રંગમાં. ૫

(દોહરો.)

ચિત્ત ધરી પરમાર્થનાં, કરો કાર્ય હમેશ;
જિનપ્રભુના ધ્યાનમાં, લોભ ન કરશો લેશ.

"બરવાળા સંપ્રદાયના મુનિશ્રી હરખચંદજી સ્વામિ."

સદરહુ મહાત્માશ્રીએ જૈન ધાર્મિક તત્વજ્ઞાનનો સારો અનુભવ મેળવી, જૈનસમાજને તેનો લાભ આપે છે. ગઇ સાલમાં સિદ્ધપુર ચાતુરમાસ હોવાથી અત્રેથી બનાવીને મોકલાવી કાવ્ય.

(રાગ–વટ સાવિત્રી વ્રત આજ.)

ધન્ય ધન્ય દિન આજ, મુનિ મળીયાં રે,
જેથી ભવોભવના પાપ સરવે ટળીયાં રે. (ટેક.)
એ પૂરણ પુણ્ય નિશાન મનમાં જાણો રે;
સહુ ધર્મ તણી નેક ટેક ઉરમાં આણોરે. (૨)
વૃત્તિ સુનીતિ તણી સાચવો તમો; (૨)
તેથી મંગળ તમારૂં થાયરે, ધ્યાન ધરમ તણુંરે વધારશો;
શાસ્ત્ર વૃત્તિ રાખી સદા ચાલજો તમો;
તેથી તમારૂં શુભ થાયરે, ધ્યાન ધરમ તણુંરે વધારશો.
પરભવ પુણ્યનાં તેજે તમારા, મલ્યા છે મુનિ મહાગુણિ સારા;
રહેશો કદિ નહિં ન્યારા, નીતિની રીતિ સંભાળો (૨)
પવિત્ર થઇ નિજ આત્મ સુધારો, લટકો મટકોને ચટકો નિવારો;
ખટકો ધર્મનો ધારો, કલેશ ને કુમતિ ખાળો.—ધન્ય.

(દોહરા).

ન્યાય નીતિમાં રહી સદા, કરો અત્યુત્તમ કાજ;
સત્ય વૃત્તિને આપશો, ધન્યવાદ–"જીવરાજ."

મહા પ્રતાપી મારવાડી મહાત્મા પૂજ્ય શ્રી ૧૦૦૮ શ્રી "શ્રી લાલજી" મહારાજ.

સદરહુ મહાત્મા પુજ્ય શ્રી લાલજી મહારાજની વિદ્વતા મારવાડ ગુજરાત, અને આખા કાઠિયાવાડમાં સુપ્રસિદ્ધ છે.

સદરહુ મહાત્માશ્રીની વિદ્વતા સાંભળી સદરહુ પુસ્તકનો કર્તા ખાસ બ્યાવર (નયા શહેર) દર્શન કરવા ગયો હતો ત્યાં ધાર્મિક વિષયો ઉપર લાગટ લાગટ પંદર દિવસ ભાષણો આપી, ત્યાં જીવદયાના કેટલાંક કાર્યો કરાવવા કર્તા ભાગ્યશાળી થયો હતો. બ્યાવરના શ્રી સાધુ માર્ગી જૈન સંઘ તરફથી માસ્તર. સાયલાકરને એક ચાંદ (મેડલ) બક્ષિસ કરવામાં આવ્યો હતો. અજમેરમાં ભરાયેલી કોન્ફરન્સ વખતે પણ "સાયલાકર" હાજર હતો અને જીવદયા ઉપર ભાષણો આપવાથી અજમેરના શ્રીમંત ગૃહસ્થ મરહુમ રાય શેઠ ચાંદમલજી સાહેબ તરફથી એક સરસ સર્ટિફિકેટ અને મેડલ આપવામાં આવ્યો હતો. તેમજ કોન્ફરન્સના પ્રેસિડેન્ટ સતારા વાળા શેઠ શ્રી બાળમુકુંદજી સાહેબે પણ સંતોષ પામી, માસ્તર સાયલાકરને એક સોનાનો ચાંદ આપ્યો હતો. સદરહુ મહાત્માશ્રી પોતાના સોળ સાધુઓ સાથે કાઠિયાવાડના શ્રાવકોના આમંત્રણથી પાંચ વરસ પહેલાં કાઠિયાવાડમાં પધાર્યા હતા. તેઓશ્રીએ રાજકોટ—મોરબી એ બે સ્થળે ચાતુર માસ કરી આખા કાઠિયાવાડના શ્રી સ્થાનકવાસી જૈન બાઇઓ પ્રત્યે મહાન ઉપકાર કર્યો છે. રાજકોટમાં ચાતુરમાસ હતા ત્યારે માસ્તર સાયલાકર અને કચ્છદેશના રહીશ શેઠ ભવાનજીભાઈ ડુંગરશીભાઈ કે જેઓ હાલ મુંબઈમાં રહે છે તેઓની સાથે દર્શન માટે ગયા હતા. ત્યાં પણ કેટલાંક ભાષણો આપ્યાં હતાં. રાજકોટમાં તે પ્રસંગે બનાવેલી કાવ્ય.

(રાગ—મને સહાય કરશે મોરારીરે.)

ધન્ય ધન્ય શ્રી લાલજી સ્વામિરે
દીન દાસ વંદે શિરનામી.— (ટેક)
અમે અજ્ઞાની, છો આપજ જ્ઞાની, ગુણધામી;
ગંભીર ગુરાંજી.— ધન્ય ધન્ય.
મોહ માયા ટાળી, છો મોક્ષના માળી, બાળી નિંદાની ટેવ
નઠારી. (૨) અર્જ મ્હારી, લ્યો સ્વિકારી;
અંતર માંહે ઉતારી.— ધન્ય ધન્ય.
ધર્મ કાર્યમાં ધ્યાન લગાવી, સહુ દુર્મતિ દૂરે નિવારી; (૨)
પાય લાગે, જ્ઞાન માગે, સેવક "જીવો" આભારી. ધન્ય.

નથી હિતના વચન [illegible] હોઠે, નથી વાણી પાળી ન લોક લાજે
નથી દાન દીધા [illegible] વ્યાખ્યાનમાંથી, ત્યાં જનમ ખોયો કરી શી કમાણી.

ધાર્મિક કાર્ય હજુ ચાલાજ કરે છે. એક વરસ પછી ફરીવાર ત્યાં તપાસ માટે ત્યાંના શ્રાવકોના આગ્રહથી અને પારેખ દીપચંદભાઇ સુણીવાળાનાં માતુશ્રીનાં વરશી તપનાં પારણે સાયલાકર ગયા હતા તે વખતે પણ ત્યાંના શ્રાવકોને ઉપર મુજબ સંતોષ આપ્યો હતો. ગોધરાના શ્રી સંઘ તરફથી એક ચાંદ (મેડલ) .મી. સાયલાકરને જનરલ મેળાવડા વચ્ચે એનાયત કરવામાં આવ્યો હતો. મોરબીમાં ચાતુરમાસ-ત્યાંના જાણીતા સ્વધર્મિ શેઠ શ્રી સુખલાલભાઈ મોનજીભાઇના વિશાળ મકાનમાં પૂજ્ય સાહેબ શ્રી ૧૦૦૮ શ્રી લાલજી સ્વામિ પોતાના શિષ્ય સાથે રહ્યા હતા તે વખતે બનાવેલી કાવ્ય.

પૂજ્ય મહાત્મા શ્રી લાલજી સ્વામિ ઠાણાં ૧૬. મોરબી ચાતુરમાસ પધારતાં રચાયેલી કાવ્યો.

(દોહરો.)

"શ્રીલાલજી" સ્વામિ સદા, સદ્ગુણનાં ભંડાર;
મયુરપુરી પધારતાં, આનંદ ઉર અપાર.

(કવિત.)

માળવદેશ પવિત્ર કરી, "શ્રીલાલજી" મોરબી માંહે પધાર્યા;
મોરબી સંઘ તણી જોઈ લાગણી, દિનદયાળ દિલે હરખાયા.
"શ્રીલાલ" સ્વામિ છે વિદ્યા વિશારદ, શાસ્ત્ર તણા પ્રભુ પારને પામ્યા;
અધમ ઉધારી કરીને કૃપા, મુનિ આશિરવાદ અનેકના પામ્યા. ॥૧॥
મહાન આભાર મયુરપુરી સંઘ, આપ તણો સ્વામિ દિલમાં માને;

દર્શન આપ તણા શિષ્ય મંડળી, સહિત થયાં ગણે પુરવ દાને.
પટ શિષ્ય કરે નિત્ય સેવ ગુરૂ તણી, પામતા ધર્મનો લાભ મહાને;
"રાજમલજી" છો ધર્મ ધૂરંધર, વંદીએ આપને બહુ વિધમાને. ॥૨॥
તપશી **ધનરાજ** વળી **છગનલાલજી**, તપો તણા તમો પારને પામ્યા;
"તારાચંદજી", **"મૂળચંદજી"**, **"દયારામજી"**, શાસ્ત્રે સુહાયા.
શોભાગ્યચંદજી ગુણના ગ્રાહક, **ચાંદમલ** મોટા સહુ મન ભાવ્યા;
હંસરાજ, પન્નાલાલ, કિશનજી, ચાંદમલજીએ જન્મ સુધાર્યા.॥૩॥
મેઘરાજજી છો ગુણસાગર, **ગુલાબચંદજી** મહાન અભ્યાસી;
મોતીલાલજી પૂર્ણ વિવેકી છો, વર્તતા પૂજ્યની મરજી તપાસી.
એવા ગુણ રૂપ શિષ્ય સંઘાતે, ચંદ્ર તુલ્ય ગુરૂ પુર્ણ પ્રકાશી;
મોરબી સંઘના હૃદય કુમુદો, દર્શનથી પ્રભુ થાય વિકાશી. ॥૪॥
પાવન કરી ભૂમિ પદમપાદથી, સદ્ગુરુ દયાળુ દયા દિલે લાવી;
ધર્માંકુરો ઉગે કરી ઉદ્યાન, ઉપદેશામૃત વારી વરસાવી.
[illegible] આગમનથી આપના, કલ્યાણકારક [illegible] ભાવી;
સંસાર સાગર [illegible], [illegible] ભગવી. ॥૫॥

તપસ્વિશ્રી છગનલાલજી સ્વામિએ મોરબીમાં "એકસઠ"
ઉપવાસ કર્યા, તે પ્રસંગે રચાયેલી કાવ્ય.

(રાગ-કલ્યાણ.)

શ્રી છગનલાલજી, તપ આદર્યું તમે;
અતિ ઉમંગે દર્શને, આ આવીઆ અમે. (ટેક.)
કામ, ક્રોધ ને લોભ મોહનો, માયાનો વિકાર;
દૂર કીધા જેણે તપથી, સદ્ગુણનાં ભંડાર. , શ્રીછગન.
એક ટેક રાખીને કીધાં, એકસઠ ઉપવાસ;
તે તપથી છે અવધી મુનિ, શું વર્ણવે આ દાસ. ,,
ધોવણ પાણી જેને ખપતું, દુર્લભ નભવી કાય;
કરૂણી આવીદેખી, ઉદ્યોત, ધર્મ તણો અતી થાય. ,,
દર્શન માટે દેશાવરથી, આવે જૈન અપાર;
અચરજ પામે તમને દેખી, વંદીએ વારંમવાર. ,,

સાખી.

આશિષ આપો મહા મુનિ, મોરબીના અમ બાગ;
પ્રિતેથી ગુરૂ વિનવીએ, ટાળો દુઃખ કરાગ.

ઉપરની બનાવેલી બજે કાવ્યો અને મોરબીથી ત્યાંના નવ્રીના ગૃહસ્થ દફતરી વનેચંદ પોપટભાઇએ સદરહુ પુસ્તકમાં પ્રગટ કરવા મોકલાવેલી હોવાથી; તેઓશ્રીની ઇચ્છા અનુંસાર પ્રગટ કરેલ છે.

કર્તા "સાયલાકર."



પાંચમા સુમતિ કૃપાળરે, ,,—તપમાં સેવે મ્હારી બાળરે.—,,
છઠ્ઠા પદમ્ ગુણ ખાણરે, ,,—દૈઉં જેનોમાં જેની આણરે.—,,
સાતમા સુપાર્શ્વ મહારાજરે, ,,—અખંડિત કરો મારૂં કાજરે.—,,
આઠમા ચંદ્રપ્રભુ દેવરે, ,,—કરીં કરણાં તત્ ખેવરે.—,,
નવમાં સુવિધીપ્રભુ નાથરે, ,,—ધ્યાન ધરૂં સૌ સંગાથરે.—,,
દસમાં શિતળ જીનરાયરે, ,,—વ્યાધિ સમયે સુખદાયરે.—,,
[૧૧]શ્રીયાંસ જીનેશ્વરદયાળરે, ,,—તપ કરૂં છોડી આ જંજાળરે.—,,
[૧૨]વાસુપૂજ્ય,[૧૩]વિમળ કરૂણાળરે, ,,—જપું હું વિભુની નિત્ય માળરે.—,,
[૧૪]શ્રીઅનંત, [૧૫]ધરમનાથદેવરે, ,,—તપસ્યાની પાડું પ્રભુ ટેવરે.—,,
શ્રી [૧૬]શાંતિ શાંતિના દાતારે, ,,—મેં રાખ્યો છે ત્હારો આધારરે—,,
[૧૭]કુંથુ, [૧૮]અર, [૧૯]મલ્લિ જિનરાયરે, ,,—કષ્ટ નષ્ટ નિત્ય થાયરે.—,,
શ્રી [૨૦]મુનિસુવ્રત મહારાજરે, ,,—(આ) રંક તણી રાખો લાજરે.—,,
[૨૧]નમી, [૨૨]નેમિ, કરીને કલ્યાણરે, ,,—ઉદ્યોત કરેછે જેમ ભાણરે—,,
[૨૩]શ્રીપાર્શ્વ, [૨૪]વિર, જિનરાયરે, ,,—જીવરાજ જિન ગુણ ગાયરે.—,,

---

(રાગ—જાળાં વાદીને કરજો વાદરે.)

તપસ્યાને રાખું: શાન્તિ રાખી છે સદાયરે,—તપસ્યા. (ટે.)
મોહ માયાનો કર્યો ત્યાગરે, તપસ્યા. ધર્મ પ્રત્યે છે જેનો રાગરે.—તપસ્યા.
કાયા ખેરૂ ખેર થાયરે,—,,—જેને છે જિનજીના સહાયરે.—,,
રાગ દ્વેશનો કર્યો ક્ષયરે —,,—કર્મ શત્રુનો બાંધ્યો બંધરે.—,,
નિર્મળ વૃત્તિ રાખી નિત્યરે.—,,—શ્રી વિર પ્રત્યે જેની પ્રિતરે.—,,
જાણ્યો સંસાર અસારરે,—,,—ધારી ધીરજ અપારરે.—,,
શાસ્ત્ર તણો જાણ્યો સારરે,—,,—તમ આવે તપો બળ પારરે.—,,
જીવરાજ ધરતા ધ્યાને પાયરે.—,,—ધન્ય છે! તાત તમ માતરે.—,,

(રાગ—લાવી લાવી લાવીરે એક વધામણિ.)

દઇએ, દઇએ, દઇએરે, ધન્યવાદ તપસ્વિને દઇએ. (ટેક.)
તૈયાર થાઓ જૈન બંધુઓ, સરસપુર શે'રમાં જઇએરે,—ધન્ય.
સુખશાતા સમ ભાવે પુછીને, સત્ય સિંધુમાં નઇએરે.—„
કામ "અમુલખ" જેણે કર્યું છે, ગુણ તેનાં નિત્ય ગાઇએરે.—„
સંત તુલ્ય અમુલ્ય બન્યા છે, વંદીને પાવન થઇએરે.—„
અમુલ્ય અવસર આવો ન મળશે, ચાલોને લાવો લઇએરે.—„
સરસપુરમાં આજે દિવાળી, जीवराज એવું કઇએરે.—„

(રાગ પીતળ લોટા જળે ભર્યા રે.)

તપસ્વિ [illegible] સિધાવ્યારે.— (ટેક.)
કામ, ક્રોધ, મોહ મારીને, રાગ દ્વેષના કર્યા ક્ષયરે. તપસ્વિ.
[illegible] „
[illegible] „
[illegible] „
[illegible] „
[illegible] „
[illegible] „
[illegible] „
[illegible] „
[illegible] „
[illegible] „
[illegible] „
[illegible] „

અમલક અમુલખ નામનેરે, અગ્નિદિપતીની જ્યોતરે. નાહરે.
ધર્મ ધ્યાન કરાવીનેરે, મોક્ષ માર્ગ લીધો હાથરે. „
સમભાવ મંત્રા રાખીનેરે, આવી ખોડે ટોળુ બાથરે. „
દેહ દીપો દેહ દેહમાંરે, અંતર તજી અભિમાનરે. „
ધ્યાન ધર્યું જિનરાજનુંરે, ગંભીર ઘણાં ગુણવાનરે. „
ઉગ્રન્યા શાસના ઠામ્યા નહિરે, મજબૂત રાખ્યું છે મનરે. „
સ્નેહે સાના સહુ પૂછીનેરે, વાહ વાહ કરી વદે ધન્યરે. „
ધન્ય રાયચંદભાઇ સુતનેરે, વિશ્વે વધારી છે સાનરે. „
માતા મણુબાઇ કુખનેરે, દિપાવી દીધી છે આનરે. „
મોરબી ગુરુની ઓરડીરે, ભક્તિ કરી બહુ ભાગરે. „
કુટુંબ સેવા કરે ભાવથીરે, ધર્મનો રંગે રંગે રાગરે. „
તમેં તર્યા અમને તારજોરે, કર્યું ઉત્તમ મહા કાજરે. „
ધન્યવાદ આપે છે સદારે, નિમચંદ સુત **જીવરાજ**રે. „

(દોહરા.)

કર્મ ખપાવા કારણે, તપસ્યા કરી ઉમંગ;
અડતાલીસ ઉપવાસમાં, મોક્ષ ગયા તજી અંગ.
સંથારો સુખ શાંતિમાં, થયો અતિ સુખકાર;
દેશ દેશથી આવીયા, પ્રેમ ધરી નર નાર.
"તપસ્યાઓચ્છવ"સ્નેહથી, રચી કર્યો તૈયાર;
વિશ્વ વિષે જૈન માર્ગનો, થયો ઘણો જયકાર.
ધન્ય માત તુમ તાતને, ધન્ય ઘડી પળવાર;
બલિહારી જાયે સદા, **જીવરાજ** આ વાર.

તપસ્વી શ્રી અમુલખભાઇનું ટુંક જીવનચરિત્ર.

———×✳×———

તપસ્વિશ્રી અમુલખભાઈ અત્રેના સરસપુર ગામના ભાવસાર જ્ઞાતિના શ્રી સ્થાનકવાસી ધર્મ પાળનાર ખાનદાન કુટુંબના ગૃહસ્થ હતા. તેઓશ્રીના પિતાજીનું નામ રાયચંદભાઈ અને માતાજીનું નામ મધુબાઈ હતું. તેઓશ્રીનો જન્મ સંવત ૧૯૧૬ ના આસો શુદિ ૧૦ (વિજ્યા-દસમી) ના પવિત્ર દિવસે સવારમાં ચાર વાગતાં થયો હતો. બાળ વય-થીજ તેઓશ્રીને ધર્મ પ્રત્યે અપૂર્વ શ્રદ્ધા હતી. હમેશાં જૈન સાધુજી યા સાધવીજીનાં દર્શન કરવા ઉપાશ્રયમાં જવાની તેઓશ્રીની આદત હતી. મહાપુરૂપશ્રીનો બોધ નાની વયથીજ હૃદયમાં તેઓ સંભારી રાખતા હતા.

ચૌદ પંદર વર્ષની ઉમ્મરમાં તો સામાયિક, પ્રાતક્રમણ તેઓશ્રી શીખવાને ભાગ્યશાળી નિવડયા હતા. જૂઠું બોલવાની રીતને તેઓશ્રી ધિઃક્કારતા હતા.

પોતાને ત્યાં રંગાટીનો જબરજસ્ત વ્યાપાર હતો તે છતાં હમેશાં ગ્રાહકોને તેઓશ્રી દરેક રંગાટી માલમાં વ્યાજબીજ ભાવ કહેતા. તેઓ-શ્રીનાં ધર્મપત્નિનું નામ પારવતીબાઇ છે. તપસ્વિજીને બે દીકરા છે મોટાનું નામ હરજીવનભાઈ અને નાનાનું નામ મોહનલાલ છે. બે પુત્રીઓ છે. તેઓશ્રીના આખા કુટુંબમાં ધર્મનો રંગ લાગેલો હોવાથી અમુક પ્રકારની ધાર્મિક ક્રિયા તો હમેશાં ચાલુજ રહેતી હતી. યોગ્ય ઉમ્મર પછી વખતો વખત એક માસમાં પાંચ પાંચ છ છ પોસાઓ પોતે કરતા હતા. ઉપરાંત છ પરબી ઉપવાસ તો ચાલુજ હતા.

હમેશાં વ્યાખ્યાનમાં (મહારાજશ્રીનાં બોધ વખતે) તેઓશ્રી હાજર

રહેતા હતા. હમેશાંના ધાર્મિક પરિચયથી ધર્મ શાસ્ત્રના ઘણાંક શાસ્ત્રો તેઓશ્રીએ અભ્યાસ કર્યો હતા. છકાયના બોલ, નવતત્વ, દંડક, ઉપરાંત શ્રી ભક્તામર સ્તોત્ર, શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર આદિ ઘણાંક સ્તવનો પણ તેઓથી હમેશાં સવારમાં યા સાંજના પ્રતિક્રમણ પ્રસંગે બોલતા હતા. જૈન ધર્મની અત્યુત્તમ શ્રદ્ધા હોવાથી ઉમરે દરેક વરસ થયાં તેઓશ્રી સંસારમાં રહ્યા છતાં એક સાધુ જીવન ગાળતા હતા. ઉનું પાણી પીવું, આદિ કેટલીક તપસ્યાઓ પણ પર્યુષણમાં દરેક વખતે તપસ્વિજી સાધુ રાખતા હતા. સાદો ખોરાક ખાવાની. તેઓશ્રીએ પાછળથી ટેવ પાડી હતી. તેઓશ્રીના હૃદયમાં વખતો વખત આ સંસારની મોહજાળ અસ્થિર છે. એમ તરંગો થયા કરતા હતા. અને કેટલીકવાર વૈરાગી થવા ઈચ્છા કરતા હતા.

અણુસણ (સંથારો) કરવા અગાઉ તેઓશ્રીએ બે માસ અગાઉ શ્રીવિશ્વપરમાત્મા (જિનેશ્વર) દેવ પાસે નીચે પ્રમાણે પ્રાતઃસ્મરણ કર્યું હતું. હે ભગવંત! આપ ત્રણ જગતના ઉપર અદ્વીતિય કૃપા કરવાને સમર્થ છો. મ્હારા જેવા મોહમાયામાં ખુંચેલા દુઃખી પ્રાણિને તારવા; અને સંસારના વિકારને મટાડનાર સમર્થ વૈદ્ય સમાન છો. આપ તો અચિન્ત્ય છો, તોપણ ભોળી બુદ્ધિએ આપને નમ્રતાપૂર્વક કાંઈક વિજ્ઞપ્તિ કરૂં છું; તે હે દયાળુ દેવ! કૃપા કરી શ્રવણ કરશો. એવી આશા છે. જેમ છોકરો પોતાના પિતાથી આગળ વિવેક વિનાનું યા કાલું ઘેલું બોલે; તેમ હું પણ આપની આગળ બોલું છું તે ખાતે ક્ષમા કરશો.

હે કૃપાળુ પ્રભુ! મેં દાન (પરોપકાર) દીધો નથી; રૂડાં આચરણ પાળ્યાં નથી; આ જન્મમાં મેં રૂડી ભાવનાઓ ભાવી નથી માટે હે નાથ? મ્હારૂં હવે શું થશે; તેનો મને બહુ ભય લાગે છે. હું ક્રોધરૂપ અગ્નિમાં બળું છું. લોભરૂપ ઝેરી સાપ મને હમેશાં લાગુ પડ્યો છે,

ચુંચાયો છે કે, પુણ્ય યા પાપ સમજી શકતો નથી, સદ્‌ગુરૂઓનો સત્સંગ કરતો નથી, ગૃહસ્થ ધર્મ—કે સાધુ ધર્મ એમાંથી એક પણ પાળતો નથી. એટલે એવો અભિમાન મનુષ્ય ભવ હોવા છતાં; એક જંગલી વાંદરાની માફક, મેં આચરણ કર્યું છે. પવિત્ર કામધેનુ (કલ્પવૃક્ષ) રૂપ જૈનધર્મ મળવા છતાં તે ઉત્તમ માર્ગને અંગિકાર કરવા ભાગ્યશાળી થયો નથી. રાગ દ્વેષ અને અદેખાઇના ઉધા પાટા મારી ચક્ષુમાં ફરી વળ્યાં છે. જ્ઞાન રૂપ દિપકને જાણવા છતાં, મિથ્યાત્વરૂપ (અજ્ઞાન) અંધકારમાં પરિભ્રમણ કરૂં છું.

હે દયાળુ દેવ! મેં પૂર્વજન્મમાં પુણ્ય કર્યું નથી, આગલા જન્મના માટે પુણ્ય કરતો નથી, આ ભવમાં તો હું ચોરાશીના ચોગાનમાં એ-મનો એમ રખડયાજ કરૂં છું. માટે, હે નાથ! મારા તો ત્રણે ભવ બગડયા; આજથી મ્હારા અંતઃકરણમાં હવે એમજ તરંગ ઊઠે છે કે, અણસણની ઉગ્ર તપશ્ચર્યા આદરી; સમાન ભાવ સાથે તે તપશ્ચર્યા પૂર્ણ કરવા ધારૂં છું. દયાળુ દેવ! તું મને સહાય થજે!

ગઇ સાલ એટલે સંવત ૧૯૭૨ ના બીજા વૈશાખ વદી ૧૩ ના દિવસે તપસ્વિજી થી અમુલખભાઇએ અંતરમાં ધારી રાખેલ અણસણની ઉગ્ર તપશ્ચર્યા શરૂ કરી એટલે તે દિવસથી અઠ્ઠમ ત્રણ ઉપવાસ) આદર્યા.

અઠ્ઠમનાં પારણાં પ્રસંગે તપસ્વીજીની ભાર્યાએ પારણું કરવા અત્યંત વિનયપૂર્વક સ્તુતિ કરી, ત્યારે તપસ્વિજીએ જણાવ્યું કે, હે ધર્મપત્નિ! આ જીવે ઘણો વખત ખાવા પીવામાં અને ગમ્મત રમ્મતમાં વખત કાઢયો છે. માટે હવે, આ શરીર અણસણ (સંથારો) કરવા ધારે છે. મનમાં કિંચિત્ પણ કલેશ ન કરતાં શાંતિથી ધર્મ પ્રત્યે શ્રદ્ધા રાખો! જેના પ્રતાપથી સર્વેનું કલ્યાણ થશે.

આ હકિકત સાંભળતાં તેઓશ્રીનાં ધર્મપત્નિ, એકદમ સ્તબ્ધ થઇ

ગયાં; અને વિનયપૂર્વક જણાવ્યું કે, આવા સખ્ત તાપમાં અણસણની ક્રિયા બહુજ કઠણ થઇ પડશે. માટે કૃપા કરી, અમુક છૂટા છૂટા ઉપવાસ કરશો એવી મ્હારી વિનંતિ છે. પતિ, પત્નિ વચ્ચે કેટલીક વાતચિત્ત થતાં કુટુંબમાં પણ એ હકિકત જાણવામાં આવી. એટલે અણસણની તપશ્ચર્યાની હકિકત ત્રીજે દિવસે સરસપુરમાં જાણવામાં આવી.

દરિયાપુરી સમુદાયના મરહુમ ગચ્છાધિપતિ પૂજ્યસાહેબ શ્રી ૧૦૦૮ શ્રી રૂગનાથજી મહારાજને આ ખબર મળવાથી તેઓશ્રીએ પણ આવા ઉષ્ણ તાપમાં આવી કઠણ તપશ્ચર્યા સંબંધી તપસ્વીજીને કેટલીક યોગ્ય વાત જણાવી, પણ જે મનુષ્યને અંતરમાં પુરૂષાર્થ કરવાની ઇચ્છા હોય, તે છુપા રહેતા નથી. જેથી પૂજ્યસાહેબે વિશેષ ઉપવાસ અદરાવ્યા. ને તેઓશ્રીને ધાર્મિક શાસ્ત્ર જ્ઞાન આપવા બાળ બ્રહ્મચારી મહાપુરૂષશ્રી નાના ઉત્તમચંદજીને સરસપુરમાં રહેવાને ફરમાસ કરી, પોતે ચાતુર્માસ કરવા [illegible] પધાર્યા.

[illegible] નાના ઉત્તમચંદજી મહારાજ તથા તપસ્વીશ્રી મોતીજી મહારાજ [illegible] પધાર્યા. [illegible] તપશ્ચર્યા આદર્યાના [illegible] કરાવ્યા. તેથી સેંકડો [illegible] આવો વખત) [illegible]

[illegible] તપસ્વીના [illegible] દર્શન કરવા [illegible] સ્વધર્મિ [illegible] તેઓએ એવો [illegible] ત્યાં સુધી [illegible] ધર્મિષ્ઠ

સૌભાગ્યમુનિને પણ નવમે દિવસે ખબર મળવાથી તેઓએ પણ તે દિવસથી તપસ્યા પૂર્ણ થતાં સુધી હમેશાં ચાર ચોગાની ઓસામણાં કરવા અભિગ્રહ ધાર્યો. આ ઉપરાંત બીજા અનેક ધાર્મિક બંધુઓ અને બહેનોએ ત્રણ પચખાણ આદર્યાં. મહાપુરૂષ પોતાના ઉત્તમસંઘટ મહા-રાજ ત્યાં એક પખવાડીયું રોકાયા હતા. અને આખો દિવસ તપસ્વી-જીને ધાર્મિક જ્ઞાન સંભળાવતા હતા. તેઓશ્રી વખત બરાબર જોતાંથી ચોમાસુ કરવા વિરમગામ પધાર્યા, અને તેઓની આજ્ઞાએ પૂજ્યશ્રીનાં ફરમાન અનુસાર મુનિશ્રી હરજીવનસ્વામિ ઠાણા બે ત્યાં (સરસપુરમાં) ચોમાસુ કરવા પધાર્યા. તેઓશ્રીએ પણ તપસ્યા પૂર્ણ થતાં સુધી આખો દિવસ તપસ્વિજીને અને સુખશાતા પૂછવા આવનાર સેંકડો માણસોને ધાર્મિક બોધ આપ્યો હતો. તપસ્વિજીનો શાન્ત સ્વભાવ જોઈ હાજર રહેલાઓ (શાતા પૂછવા આવનાર ભાઈઓ, બાઈઓ.) બહુજ ખુશાલી જાહેર કરતા હતા અને ધન્યવાદ આપતા હતા. રાજનગરનાં દરેક ધર્મનાં માણસો સુખશાતા પૂછવા રાત્રી દિવસ આવજાવ કરતા હતા. સદરહુ સુરતકનો રહેનાર માસ્તર સામલાકર પણ ઓછામાં ઓછા ત્રીસદિવસ સુધી હમેશાં એક કલાક ત્યાં ધાર્મિક સ્તવનો ગાવાને હાજર રહેતો હતો. અને તપસ્વિજીની શાન્તપ્રકૃતિ માટે ખુશાલી જાહેર કરતો હતો. દરિયાપુરી સમુદાયના આગેવાન ગૃહસ્થોએ ઘણી ઉત્તમ પ્રકારની સગવડતા તપસ્વિને કરી આપી હતી. સુખશાતા પૂછવા આવનાર કોઇપણ (દરેક) માણસને બપોરના વખતમાં સાકરનાં પાણી હમેશાં પાવાની સગવડતા કરવામાં આવી હતી.

બહારગામથી આવનાર માટે રસોડું ખુલ્લું રાખ્યું હતું. ૭ કોટી શ્રી સ્થાનકવાસી જૈન બંધુઓ એ પણ આવા ઉત્તમ પ્રસંગે સારી મદદ કરી હતી. તેઓશ્રીના કુટુંબીઓ પણ રાત્રી દિવસ સેવા ભક્તિમાં હાજર

રહેતા હતા. મિ૦ હરગોવિંદભાઇ, મિ૦ મનસુખભાઇ, મિ૦ છગનલાલ ભાઇ, ઉપરાંત બીજા ત્યાંના ભાવસાર બંધુઓની આગતાસ્વાગતા ખરે ખાત વખાણને પાત્ર હતી. લીંબડીવાળા ભાવસાર મોતીલાલ-તેમજ મા. [illegible]લાલે પણ આ તપશ્ચર્યાના કામકાજમાં ઘણી તકલિફ લીધી હતી.

[illegible]ની [illegible] એવી હતી કે લીંબડી સંપ્રદાયના પંડિત ના[illegible] અત્રે ચાતુર્માસ પધારનાર છે તેઓશ્રી લગભગ આઠે [illegible] સાંભળી પાવન થઉં, અને દર્શન કરી સ્વાર્થ [illegible] પારણા તપસ્વીજીની પાર પડી [illegible] સાલ અમદાવાદ ચોમાસું કર્યું [illegible] દર્શન દેતા તેમજ સુખશાતા [illegible] તેઓશ્રીના મહાતમ

[illegible]

દના. સોના રૂપાનાં ફુલો, રૂપાનાણું અને ત્રાંબાનાણું રસ્તામાં ઠેઠ સુધી ગરીબોને આપવામાં આવ્યું હતું. "જયજય નંદા," અને "જય જય ભદ્દા" ના અવાજો વચ્ચે છેવટની ક્રિયા ચાલુ થઈ હતી. સરસપુરથી તે ઠેઠ શાહપુર દરવાજા બહાર સાબરમતી નદીના પવિત્ર સ્થળે છેવટની અગ્નિ સંસ્કારની ક્રિયા કરવામાં આવી હતી, આ વખતનો અલૌકિક દેખાવ ખરેખાત નિહાળવા જેવો હતો, મોખરે ગરીબોને લાડવા, મિઠાઈ, અને બીજી વસ્તુઓ છૂટથી આપવામાં આવતી હતી. સુગંધી પદાર્થો ભરેલી નાની દીવીઓ સાથે ગુલાલ, બદામોનો તો વરસાદ વરસી રહ્યો હતો. સેંકડો સ્ત્રીઓ ઉડાવેલા પૈસા લેવા રસ્તામાં લુટી પાડતી દૃષ્ટિગોચર થતી હતી. જ્યારે કેટલીક બાઇઓ શુભ શુકન માટે પાલખી નીચેથી વારમવાર જતી આવતી જોવામાં આવતી હતી.

આ વખતે વીરમગામ, કલોલ, વઢવાણ, વિસલપુર, વિગેરે સેંકડો ગામનાં માણસો છેવટનું તપસ્વીજીને નમન કરવા હાજર હતાં. રાજનગરમાં ખરેખાત આ પ્રસગે શ્રીસ્થાનકવાસી જૈન બંધુ-બ્હેનોની કેટલી સંખ્યા છે તે જાણી શકવાનું સૌને ભાન થયું હતું. અન્ય કોમનાં માણસો તો આ દેખાવ અને હજારો મનુષ્યોથી અજાબ થતા હતા. દરેક રસ્તાપર પુષ્કળ માણસો નમન કરવા હાજર રહેલા જોવામાં આવતા હતા. અગ્નિ સંસ્કારની ક્રિયા સુખડના લાકડાથી મોટા ભાગે કરવામાં આવી હતી. જે પ્રસંગે તપસ્વીજી ઉપર ઓઢાડેલી સાલ ભાવસાર પુંજાભાઈએ ચોથું વ્રત પાળવાની શરતે મેળવી હતી. તે વખતે તેઓશ્રીને સૌ કોઇ તરફથી ધન્યવાદ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે જીવદયા અને બીજાં ધાર્મિક કાર્યો કરવા મોટી રકમનું સારૂં ફંડ પણ થયું હતું. આશા છે કે આગેવાન ગૃહસ્થો તેનો સદ્વ્યય કરશે.

તેઓશ્રીનાં કુટુંબીઓ સાથે તપસ્વિજીના બન્ને પુત્રો પણ છેવટની ક્રિયા પ્રસંગે હાજર રહ્યા હતા.

દરિયાપુરી જૈન આગેવાનોએ પણ છેવટની ક્રિયામાં ઠેઠ સુધી ભાગ લીધો હતો. તેમજ છ કોટી સ્થાનકવાસી ભાઈઓની તરફથી પણ ઘણી હતી. આ પ્રસંગે શ્રી સ્થાનકવાસી કોમમાં કેવો સંપ સલાહ છે તે સૌ કોઈ જાણી શકવાને ભાગ્યશાળી થયા હતા. તપસ્વિજીનું નામ અમુલખભાઈ હોવાથી તેઓશ્રીની યાદગીરી રાખવા આ પુસ્તકના કર્તાએ ગ્રંથનું નામ—"અમૂલ્ય-શિક્ષા રાખેલું છે.

(દોહરો.)

[illegible] ભાગ [illegible] મન [illegible]

[illegible] નામ.

ગ્રાહકોને નમ્ર વિનંતિ.

[illegible]

ભાગ-૪ થો.

भक्तामर स्तोत्रम्.

(वसंततिलका वृत्तम्)

क्तामरप्रणतमौलिमणिप्रभाणा-मुद्योतकं दलितपापतमो वितानम्,
सम्यक् प्रणम्य जिनपादयुगं युगादा-वालंबनं भवजले पततां जनानाम्.१
यः संस्तुतः सकलवाङ्मयतत्त्वबोधा-दुद्भूतबुद्धिपटुभिः सुरलोकनाथैः,
स्तोत्रैर्जगत्त्रितयचित्तहरैरुदारैः, स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेंद्रम्. २
बुद्ध्या विनापि विबुधार्चितपादपीठ, स्तोतुं समुद्यतमतिर्विगतत्रपोऽहम्.
बालं विहाय जलसंस्थितमिंदुबिंब-मन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम्. ३
वक्तुं गुणान् गुणसमुद्र शशांककांतान् कस्ते क्षमः सुरगुरुप्रतिमोऽपि बुद्ध्या
कल्पांतकालपवनोद्धत नक्रचक्रं, को वा तरीतुमलमंबुनिधिं भुजाभ्याम्
सोऽहं तथापि तव भक्तिवशान्मुनीश, कर्तुं स्तवं विगतशक्तिरपि प्रवृत्तः,
प्रीत्यात्मवीर्यमविचार्य मृगी मृगेंद्रं नाभ्येति किं निजशिशोः परिपालनार्थम्
अल्पश्रुतं श्रुतवतां परिहासधाम, त्वद्भक्तिरेव मुखरीकुरुते बलान्माम्,
यत्कोकिलः किल मधौ मधुरं विरौति, तच्चारुचाम्रकलिकानिकरैकहेतुः६
त्वत्संस्तवेन भवसंततिसन्निबद्धं, पापं क्षणात् क्षयमुपैति शरीरभाजाम्,
आक्रांतलोकमलिनीलमशेषमाशु, सूर्यांशुभिन्नमिव शार्वरमंधकारम्. ७
मत्वेति नाथ तव संस्तवनं मयेद-मारभ्यते तनुधियापि तव प्रभावात्,
चेतो हरिष्यति सतां नलिनीदलेषु, मुक्ताफलद्युतिमुपैति ननूदबिंदुः८

क शर्वरीषु शशिनाऽह्नि विवस्वता वा, युष्मन्मुखेंदुदलितेषु तमस्सु नाथ,
निष्पन्नशालिवनशालिनि जीवलोके, कार्यं कियज्जलधरैर्जलभारनम्रैः १९
ानं यथा त्वयि विभाति कृतावकाशं, नैवं तथा हरिहरादिषु नायकेषु,
नः स्फुरन्मणिषु याति यथा महत्वं, नैवं तु काचशकले किरणाकुलेऽपि
न्ये वरं हरिहरादय एव दृष्टा, दृष्टेषु येषु हृदयं त्वयि तोषमेति,
कं वीक्षितेन भवता भुवि येन नान्यः, कश्चिन्मनो हरति नाथ भवांतरेऽपि-
स्त्रीणां शतानि शतशो जनयंति पुत्रान्, नान्या सुतं त्वदुपमं जननी प्रसूता,
सर्वा दिशो दधति भानि सहस्ररश्मिं, प्राच्येव दिग्जनयति स्फुरदंशुजालम्-
त्वामामनंति मुनयः परमं पुमांस-मादित्यवर्णममलं तमसः पुरस्तात्,
त्वामेव सम्यगुपलभ्य जयंति मृत्युं, नान्यः शिवः शिवपदस्य मुनींद्र पंथाः
त्वामव्ययं विभुमचिंत्यमसंख्यमाद्यं, ब्रह्माणमीश्वरमनंतमनंगकेतुम्,
योगीश्वरं विदितयोगमनेकमेकं, ज्ञानस्वरूपममलं प्रवदंति संतः २४
बुद्धस्त्वमेव विबुधार्चितबुद्धिबोधात्, त्वं शंकरोऽसि भुवनत्रयशंकरत्वात्,
धातासि धीर शिवमार्गविधेर्विधानात्, व्यक्तं त्वमेव भगवन्पुरुषोत्तमोऽसि
तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ, तुभ्यं नमः क्षितितलामलभूषणाय,
तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय, तुभ्यं नमो जिन भवोदधिशोषणाय-
को विस्मयोऽत्र यदि नाम गुणैरशेषै-स्त्वं संश्रितो निरवकाशतया मुनीश,
दोषैरुपात्तविविधाश्रयजातगर्वैः, स्वप्नांतरेऽपि न कदाचिदपीक्षितोऽसि
उच्चैरशोकतरुसंश्रितमुन्मयूख-माभाति रूपममलं भवतो नितांतम्,
स्पष्टोल्लसत्किरणमस्ततमोवितानं, बिंबं रवेरिव पयोधरपार्श्ववर्ति. २८

(૧) ભક્તિ કરનારા દેવો પગે લાગે છે, તે વખતે ત્હેમના નમેલા મુગટની અંદર રહેલા મણિઓની કાંતિને પણ પ્રકાશ આપનારા, પાપ રૂપી અંધકારના સમૂહનો નાશ કરનારા, અને યુગની શરૂઆતથી સંસારરૂપી સમુદ્રમાં પડેલા માણસોને આશ્રયરૂપ, એવા શ્રી જીનેંદ્ર પ્રભુના બન્ને ચરણને રૂડે પ્રકારે નમસ્કાર કરીને—*

(૨) તમામ શાસ્ત્રોનું તત્વ જાણવાથી ઉત્પન્ન થયેલી નિપુણ બુદ્ધિવડે, ત્રણે લોકનું ચિત્ત હરણ કરે એવા ઉદાર સ્તોત્રથી ઇંદ્ર દેવે પણ જ્હેમની સ્તુતિ કરી છે: એવા પ્રથમ જીનેંદ્ર શ્રી આદિનાથ સ્વામીની હું પણ સ્તુતિ કરીશ.

(૩) જેના પગ મૂકવાના આસનની પણ દેવતાઓએ પૂજા કરેલી છે, એવા હે જીનેંદ્ર! જેમ કોઈપણ સમજુ માણસ જળની અંદર પડેલા ચંદ્રના પ્રતિબિંબને એકદમ ગ્રહણ કરવાને ઇચ્છતો નથી, પણ માત્ર બાળક જ ઇચ્છે છે; તેમ બુદ્ધિ વિનાનો એવો જે હું ત્હેણે લજ્જારહિત થઈને તમારી સ્તુતિ કરવામાં પ્રવૃત્તિ કરી છે.

(૪) હે ગુણસમુદ્ર! પ્રલયકાળના પવનવડે જેની અંદર મગર વગેરે પ્રાણીઓ [illegible] એવા સમુદ્રને હાથવડે તરવાને કોણ સમર્થ થાય છે? (અર્થાત્ કોઈ નહિ.) તેમ ચંદ્રના જેવા મનોહર ત્હમારા ગુણોને [illegible] પણ કેમ કરી સમર્થ થાય? (તો [illegible]?)

(૫) [illegible] સ્તુતિ કરવામાં અશક્ત [illegible] આધીન થઈને, જેમ મૃગપશુ પોતાના

---

* આ [illegible] નંબરના શ્લોક સાથે છે.

બાળકની પ્રીતિને આધિન થઇને ત્હેનું રક્ષણ કરવાને પોતાના બળનો વિચાર છોડી દઇને પણ સિંહની સામે થાય છે તેમ, હું પણ (મ્હારી શક્તિનો વિચાર નહિ કરતાં) ત્હમારી સ્તુતિ કરવાને પ્રવૃત્ત થયો છું.

(૬) જેમ ચૈત્ર માસને વિષે આંબાના મોરના પ્રભાવથી કોયલ મધુર શબ્દો ઉચ્ચારે છે તેમ; મ્હને પણ, હું થોડું જાણનાર (મૂર્ખ) અને વિદ્વાનોના હાસ્યનું પાત્ર છતાં ત્હમારી ભક્તિ જ બળાત્કારથી બોલાવે છે,

(૭) જેમ સૂર્યના પ્રકાશથી, રાત્રિને વિષે વ્યાપેલું ભમરાના જેવું કાળું અંધારૂં તત્કાળ નાશ પામે છે; તેમજ, ત્હમારી સ્તુતિ કરવાથી, દેહધારીઓનાં જન્મપરંપરાનાં બાંધેલાં તમામ પાપો, ક્ષણ માત્રમાં નાશ પામે છે.

[તેવીજ રીતે મ્હારાં પાપ પણ, હે પ્રભો ! ત્હમારા ગુણગ્રામથી દૂર થાઓ !] ‡

(૮) એ પ્રમાણે સમજીને, જો કે હું અલ્પ બુદ્ધિવાળો છું તો પણ, ત્હમારી આ સ્તુતિ કરવાનો આરંભ કરૂં છું; તે જેમ કમળપત્રની અંદર પડેલું પાણીનું ટીપું કમળપત્રના પ્રભાવથી મોતીના જેવી શોભા પામે છે તેમજ આ સ્તોત્ર પણ ત્હમારા પ્રભાવથી સજ્જનોના મનને ભાવવતું થઈ પડશે.

(૯) જેમ સૂર્ય ઘણે છેટે રહેલો છે, તો પણ ત્હેનાં કિરણો વડેજ સરોવરને વિષે રહેલાં કમળો પ્રફુલ્લિત થાય છે; તેમજ, સર્વ પાપોનો

‡ અત્રે એવી ભાવના ભાવવી કે પ્રભુના ગુણો સૂર્યરૂપે ત્હમને દેખાય છે. અને તે સૂર્યના તેજથી ત્હમારાં પાપોનો અંધકાર અદૃશ્ય થતો જાય છે. એક પછી એક અંધારી લીટીઓ દૂર થતી ત્હમે જાણતા હો એવી કલ્પના કરો

નાશ કરનારૂં ત્હમારૂં સ્તવન ભલે (દુર) હો, પણ ત્હમારી કથા માત્ર પણ લોકોનાં પાપોનો નાશ કરે છે !

[હું કમળ છું; આપ સૂર્ય છો. આપનું તેજ મ્હને વિકસાવનાર થાઓ ! મ્હારા આનંદને ઉલ્લસાવનાર થાઓ !]

(૧૦) હે પૃથ્વીના આભુષણ ! હે ભૂતનાથ ! ત્હમારા અનેક સત્ય ગુણો વડે કરીને ત્હમારી સ્તુતિ કરનાર આ લોકમાં જ ત્હમારા સરખો થાય, એમાં વિશેષ આશ્ચર્ય શું છે ? કેમકે લોકમાં પણ પોતાનો આશ્રય લેનારને શું આશ્રયદાતા પોતાની સંપત્તિવડે પોતાના સમાન નથી કરતો ? (કરે છે જ.)

(૧૧) હે ભગવન્ ! એકી નજરે જોઈ રહેવા યોગ્ય આપનું શાન્ત સ્વરૂપ (એકવાર) જોયા પછી, માણસનાં નેત્ર બીજે ઠેકાણે સંતોષ પામતાં–ઠરતાં નથી; કેમકે ચંદ્રના કિરણ જેવું ઉજ્જવળ ક્ષીરસાગરનું દુધ પીધા પછી જળના સમુદ્રના ખારા પાણીને પીવાને કોણ ઇચ્છે ? (કોઈજ નહિ.)

[હે પ્રભો ! ઉત્તમોત્તમ પુદ્ગલો વડે આપનું શરીર બનેલું હોવાથી તેજ, વર્ણ, ગંધ–રસની બાબતમાં પણ તે અદ્ભૂત જ હોય આલૌકિક છે. [illegible] સ્વભાવને કેવા બદલી નાખે છે એ પ્રત્યક્ષ સમજનાર [illegible] સ્થૂલ દેહને પણ હું નમન કરૂં છું.]

(૧૨) હે ત્રણ ભુવનને વિષે એકજ માત્ર આભૂષણરૂપ ! જે શાંત [illegible] વડે આપ નિર્માણ થયા છો તે પરમાણુઓ [illegible] વિષે તેટલાજ હોવાથી, ત્હમારા સમાન બીજાનું રૂપજ નથી !

(હે [illegible], મનુષ્ય અને નાગ [illegible] નેત્રોનું હરણ કરનાર

એવું; અને ત્રણે જગતને વિષે રહેલાં ચંદ્ર, કમળ આદિક ઉપમાનને જીતનારૂં એવું; ત્હમારૂં મુખ ક્યાં ? અને દિવસને વિષે ખાખરનાં પાનના જેવું ફીકું પડી જનારૂં એવું; તેમજ વળી કલંકવાળું; એવું ચંદ્રમાનું બિંબ તે ક્યાં ?

(૧૪) સંપૂર્ણ ચંદ્રની કાંતિ જેવા ત્હમારા ઉજ્જવળ ગુણો, ત્રણે જગતને ઉલ્લંઘન કરીને વ્યાપી રહ્યા છે; કેમકે ત્રણે જગતના આપ એકલાજ સ્વામી છો; તેથી ત્હમારો આશ્રય કરીને રહેલા તે ગુણોને, ઈચ્છા પ્રમાણે વર્તતાં કોણ અટકાવી શકે એમ છે ?

[ત્હમારા તે ગુણોને ઇચ્છા પ્રમાણે ગતિ કરતાં કોઈ અટકાયત કરતું નથી તો પછી હે પ્રભો ! તે ગુણોને મ્હારામાં પ્રવેશ કરવા દો.]

(૧૫) હે પ્રભો ! દેવાંગનાઓ ત્હમારા મનમાં કિંચિત્ માત્ર પણ વિકાર લાવી શકે નહિ, તેમાં શું આશ્ચર્ય છે ? કેમકે પ્રલયકાળના પવનથી તમામ પર્વતો ડોલે છે તોપણ મેરૂ પર્વતનું શિખર કદાપિ ડોલે છે શું ?

[વીર્યના ખજાનારૂપ હે દેવ ! ત્હમે મ્હને એવો બનાવો કે જેથી હું સુંદરમાં સુંદર સ્ત્રીનાં નખરાંને પણ જીતી શકું.]

(૧૬) હે નાથ ! જેની અંદરથી ધુમાડો નીકળતો નથી, જેને દીવેટની જરૂર નથી અને તેલની પણ જરૂર નથી, જે આ સમગ્ર ત્રણે જગતને પ્રકાશીત કરે છે, અને પર્વતોને પણ ડોલાવી નાખે એવો પવન પણ જેની પાસે જઇ શકતો નથીઃ એવા વિલક્ષણ દીવારૂપે આ જગતને વિષે તું પ્રકાશે છે.†

---

† અને એવા દીવાની કલ્પના કરવી. આ શ્લોક ફરી ફરી ત્રણ ચાર વાર બોલાવો અને ઠબ્બો સાચી માનીને ઉચ્ચારવા.

નાશ કરનારું ત્હમારું સ્તવન ભલે (દૂર) હો, પણ ત્હમારી કથા માત્ર પણ લોકોનાં પાપોનો નાશ કરે છે!

[હું કમળ છું; આપ સૂર્ય છો. આપનું તેજ મ્હને વિકસાવનાર થાઓ! મ્હારા આનંદને ઉલસાવનાર થાઓ!]

(૧૦) હે ભુવનના આભૂષણ! હે ભૂતનાથ! ત્હમારા અનેક સત્ય ગુણો વડે કરીને ત્હમારી સ્તુતિ કરનાર આ લોકમાં જ ત્હમારા સરખો થાય [illegible] આશ્ચર્ય શું છે? કેમકે લોકમાં પણ પોતાનો આશ્રિત [illegible] સંપત્તિવડે પોતાના સમાન નથી

સંતોષ પામે છે. આ લોકમાં ત્હમને જોવાથી, ભવાન્તરને વિષે પણ અન્ય કોઇ દેવ મ્હારૂં મન હરણ કરી શકનાર નથી.

(૨૨) જેમ તારાઓના સમૂહોને સર્વે દિશાઓ ધારણ કરે છે, પણ તેજસ્વી સૂર્યને તો માત્ર પૂર્વ દિશા જ જન્મ આપે છે; તેમજ સેંકડો સ્ત્રીઓ ઘણાએ પુત્રોને જન્મ આપે છે. છતાં ત્હમારા સમાન પુત્રને તો બીજી કોઇ જનેતા (સ્ત્રી) ઉત્પન્ન કરતી જ નથી !

(૨૩) હે મુનીંદ્ર ! ત્હમને મુનિઓ પરમ પુરૂષ માને છે, અને ત્હમે અંધકાર આગળ નિર્મળ સૂર્ય જેવા છો; વળી ત્હમને રૂડે પ્રકારે પામવાથી (જાણવાથી) મૃત્યુને પણ જીતી શકાય છે. અને (એ કારણથી) ત્હમારા સિવાય બીજો (કોઇ પણ) મોક્ષ (મુક્તિ) પામવાનો કલ્યાણકારક માર્ગ નથી જ.

(૨૪) હે પ્રભો ! ત્હમે અવ્યય,[૧] વિભુ,[૨] અચિન્ત્ય,[૩] અસંખ્ય, આદ્ય,[૪] બ્રહ્મા, ઈશ્વર, અનંત,[૫] અનંગ-કેતુ[૬] યોગીશ્વર, યોગને જાણનાર, અનેક, અને એક છો સત્પુરૂષો ત્હમને અનેક વિશેષણોથી ઓળખે છે. જ્ઞાનના સાક્ષાત સ્વરૂપ રૂપે અને વળી નિર્મળ પણ કહે છે. *

(૨૫) હે દેવતાઓના પૂજનીક ! ત્હમે બુદ્ધિનો બોધ કરો છો તેથી 'બુદ્ધ' જ છો. ત્હમે ત્રણે જગતનું કલ્યાણ કરનાર છો તેથી 'શંકર' રૂપજ છો. અને કલ્યાણકારક માર્ગના વિધિને ધારણ કર-

૧ અવ્યય-ઓછું થઇ શકે નહિ એવા. ૨ પરમેશ્વર. ૩ ચિંતવન કરી શકાય નહિ તે. ૪ સર્વથી પહેલો ૫ જેનો અંત નહિ તે. ૬ કામ-મદનનો નાશ સૂચવનાર તારા રૂપ.

* આ શ્લોક પણ ૩-૪ વાર વાંચી વાંચીને બોલવો.

(૧૭) હે મુનીંદ્ર! જગતને વિષે તમે સૂર્યના કરતાં પણ વધારે મહિમાવાન છો; કેમકે [સૂર્યની પેઠે] રાહુ તમને ઘેરી શકતો નથી, તમે કદી પણ અસ્ત પામતા નથી, મેઘ તમારા પ્રભાવનો અવરોધ કરી શકતો નથી, અને એકી વખતે તમે ત્રણે જગતને પ્રકાશીત કરો છો.

(૧૮) જેનો ઉદય હમેશાં છે, જેણે મોહરૂપી અંધકારનો નાશ કર્યો છે, જેનો રાહુથી ગ્રાસ થઈ શકતો નથી, જેને મેઘ પણ ઘેરી શકતો નથી, તેમજ જેની કાંતિ કદી પણ ઓછી થતી નથી; એવું તમારું મુખ કમળ જગતને વિષે સંપૂર્ણ ચંદ્રબિંબની પેઠે શોભી રહે છે.

(૧૯) હે નાથ! તમારા મુખરૂપી ચંદ્રમાથી જ્યારે અંધકારનો નાશ થાય છે, ત્યારે પછી રાત્રિને વિષે ઉગતા ચંદ્રમાનું શું કામ છે? તેમજ દિવસે ઉદય પામતા સૂર્યનું પણ શું કામ છે? કેમકે શોભાયમાન શાલિનું ધાન્ય પાકી ચુક્યા પછી આકાશમાં ચઢી આવેલા વર્ષાદનું શું પ્રયોજન રહે છે?

[હે પ્રકાશના દેવ! તું [illegible] માં એવો પ્રકાશી રહે [illegible]]

(૨૦) હે નાથ! તમારામાં [illegible] રીતે પરિપૂર્ણ શોભી રહે છે, તેવું [illegible] હરિહરાદિક દેવોમાં [illegible] શોભતું નથી જ. [illegible] પ્રકાશમાન [illegible] ભાસે છે, [illegible] કાચના [illegible] કકડાને [illegible] પણ [illegible] નથી જ.

(૨૧) હે સ્વામી! [illegible] હરિહરાદિક દેવો [illegible] દીઠા [illegible] તે [illegible] થયું છે. [illegible] હૃદય તમારે વિષે [illegible] (તે સર્વને [illegible] થી અને તે [illegible] તમને [illegible] એમ જાણ્યા

* અહીં એવા પ્રચંડ સૂર્યની કલ્પના કરવી.

મુક્તિ પામે છે. આ લોકમાં તમને જોવાથી, ભવાન્તરને વિષે પણ અન્ય કોઇ દેવ મ્હારૂં મન હરણ કરી શકનાર નથી.

(૨૨) જેમ તારાઓના સમૂહોને સર્વ દિશાઓ ધારણ કરે છે, પણ તેજસ્વી સૂર્યને તો માત્ર પૂર્વ દિશા જ જન્મ આપે છે; તેમજ સેંકડો સ્ત્રીઓ ઘણાએ પુત્રોને જન્મ આપે છે. છતાં તમારા સમાન પુત્રને તો બીજી કોઇ જનેતા (સ્ત્રી) ઉત્પન્ન કરતી જ નથી !

(૨૩) હે મુનીંદ્ર ! તમને મુનિઓ પરમ પુરૂષ માને છે, અને તમે અંધકાર આગળ નિર્મળ સૂર્ય જેવા છો; વળી તમને રૂડે પ્રકારે પામવાથી (જાણવાથી) મૃત્યુને પણ જીતી શકાય છે. અને (એ કારણથી) તમારા સિવાય બીજો (કોઇ પણ) મોક્ષ (મુક્તિ) પામવાનો કલ્યાણકારક માર્ગ નથી જ.

(૨૪) હે પ્રભો ! તમે અવ્યય,[૧] વિભુ,[૨] અચિન્ત્ય,[૩] અસંખ્ય, આદ્ય,[૪] બ્રહ્મા, ઈશ્વર, અનંત,[૫] અનંગ–કેતુ[૬] યોગીશ્વર, યોગને જાણનાર, અનેક, અને એક છો એમ સત્પુરૂષો તમને અનેક વિશેષણોથી ઓળખે છે. જ્ઞાનના સાક્ષાત સ્વરૂપ રૂપે અને વળી નિર્મળ પણ કહે છે. *

(૨૫) હે દેવતાઓના પુજનીક ! તમે બુદ્ધિનો બોધ કરો છો તેથી 'બુદ્ધ' જ છો. તમે ત્રણે જગતનું કલ્યાણ કરનાર છો તેથી 'શંકર' રૂપજ છો. અને કલ્યાણકારક માર્ગના વિધિને ધારણ કર-

૧ અવ્યય–જેનો ક્ષય થતો નહિ એવા. ૨ પરમેશ્વર. ૩ ચિંતવન કરી શકાય નહિ તે. ૪ સર્વમાં પહેલા. ૫ જેનો અંત નહિ તે. ૬ કામ–મદનનો નાશ કરવામાં ધ્વજા રૂપ.

* આ શ્લોક ૧૦૮ વાર ગણી શંખને ઓળખવો.

નાર—જાણનાર છો તેથી ત્હમેજ 'ધાતા' છો. અને હે ત્હમેજ સ્પષ્ટ 'પુરૂષોત્તમ' એટલે 'નારાયણ' રૂપ છો !

(૨૬) હે નાથ ! ત્રણે જગત્‌ની પીડાને હરણ કરનાર મ્હારા નમસ્કાર હો ! પૃથ્વીના તળ ઉપર અમલ અથવા ભૂષણ રૂપ આપને મ્હારા નમસ્કાર હો ! વળી ત્રિલોકના [illegible] એવા આપને મ્હારા નમસ્કાર હો ! હે જીન ! આ સંસાર રૂપ શોષણ કરનાર—નહિ સરખો કરી દેનાર—આપને મ્હારા નમસ્કાર હો !

(૨૭) હે મુનીંદ્ર ! તમામ ગુણોજ ત્હમારામાં પરિપૂર્ણ આશ્રય કરીને રહેલા છે, ત્હેમાં શું આશ્ચર્ય છે ? કેમકે અનેક આશ્રય મળવાથી જેમને ગર્વ ઉત્પન્ન થએલો છે એવા દોષો ત્હમને સ્વપ્નાંતરે—સ્વપ્નમાં પણ જોયેલાજ નથી !

(૨૮) હે જીનેશ્વર ! જેમ મેઘના સમીપમાં રહીને, અંધ[illegible] નાશ કરીને, અને સ્પષ્ટ ઉંચા કિરણો પસારીને, સૂર્ય શોભી રહે [illegible] તેમજ અશોકવૃક્ષની નીચે રહેલું આપનું સ્વરૂપ (પાપ રૂપી અં[illegible] રનો નાશ કરીને અને ઉંચા કિરણ પસારીને, અત્યંત [illegible] શોભા[illegible]

[illegible] ઉંચા ઉદયાચળ પર્વતના ઉપર, [illegible] કિરણો [illegible] સૂર્યનું બિંબ [illegible] છે; [illegible] કિરણોની પંક્તિઓ [illegible]

* [illegible] અને [illegible]

† [illegible]

ેવ દેખાતા સિંહાસનને વિષે, સુવર્ણ જેવું મનોહર આપનું શરીર, ંત શોભે છે.

(૩૦) જેમ ઉદય પામેલા ચંદ્રમાના જેવી, નિર્મળ પાણીનાં ની ધારાઓ વડે, મેરૂ પર્વતનું સુવર્ણમય ઉચું શિખર શોભી રહે તેમ મોગરાના પુષ્પ જેવા ધોળા વીંઝાતા (ફરતા) ચામરોવડે, નાના જેવું મનોહર આપનું શરીર શોભી રહે છે.‡

(૩૧) હે ભગવન્ ! (તારા સહીત) ચંદ્રના જેવાં મનોહર, ના કિરણના તાપનું નિવારણ કરનાર, અને મોતીઓના સમૂહની નાથી શોભાયમાન, એવાં ત્હમારા ઉપર રહેલાં ત્હમારાં ત્રણ છત્રો ામી રહ્યાં છે; તે જાણે ત્હમારૂં ત્રણે જગતનું અધિપતિપણુંજ જાહેર તાં હોય નહિ શું તેમ શોભે છે.

(૩૨) ઉચા અને ગંભીર શબ્દ વડે જેણે દિશાઓના વિભાગો ી દીધા છે, ત્રણે જગતના લોકોને શુભ સમાગમની સંપત્તિ આપ- ામાં જે કુશળ છે, અને સત્ય ધર્મના રાજાના જયના શબ્દને જે હેર કરે છે; એવો ત્હમારો જે દુંદુભિ તે આકાશને વિષે ગર્જના ી રહ્યો છે !

(૩૩) મંદાર, સુંદર, નમેરૂ, પારિજાત અને સંતાનક ઇત્યાદિ ક્ષોનાં ફુલોની જે દિવ્ય વૃષ્ટિ, સુગંધીદાર પાણીના બિંદુ વડે શીતળ

‡ આ વર્ણન, માત્ર મ્હોંથી બોલી ન જતાં એ કલ્પના દૃષ્ટિ સમક્ષ લાવવા કોશીશ કરવી.

અને મંદવાયુએ પ્રેરાએલી સ્વર્ગમાંથી ઘણીજ પડે છે; તે જાણે ભાપણુની દીવ્યમાળાજ પડતી હોય નહિ શું! ‡

(૩૪) હે વિભો ! શોભાયમાન છે પ્રભામંડળ તે જેવું ઘણીજ તેજસ્વી ત્હમારી કાંન્તિ, ત્રણે જગતના તેજસ્વી પ... તેજને ઝાંખું પાડે છે તે. ત્હમારી કાંતિ અસંખ્ય સૂર્યના સરખી ... જસ્વી હોવા છતાં ચંદ્રના જેવી શીતળ પ્રભાવથી રાત્રિને પણ જીતે...

(૩૫) સ્વર્ગ અને મોક્ષનો માર્ગ બતાવવામાં ઇષ્ટ, તેમજ ... લોકને વિષે સત્ય ધર્મનું તત્વ કહેવામાં જે એકજ માત્ર નિપુણ... એવો ત્હમારો જે દિવ્ય ધ્વનિ તે નિર્મળ અર્થવાળો હોવાથી ભાષાના સ્વભાવના ગુણને પામીને (સર્વત્ર) થાય છે.§

(૩૬) હે જીનેંદ્ર! સુવર્ણનાં નવાં ખીલેલાં કમળોના સ... કાંતિ જેવા પ્રસરી રહેલા નખોનાં કિરણોની પંક્તિ વડે જે સુંદર ... છે એવા ત્હમારા પગો, પૃથ્વી ઉપર જ્યહાં જ્યહાં ડગલા ભરે ... તે ઠેકાણે દેવતાઓ કમળની કલ્પના–રચના કરે છે.

(૩૭) હે જીનેંદ્ર ! એ પ્રકારની (પાછળ જણાવેલા અષ્ટ ... હાર્યની) ત્હમને જે જે સંપત્તિયો ધર્મનો ઉપદેશ કરતી વખતે ...

---

‡ ભગવાનની વાણીનું આ વર્ણન છે. હજી ૩૫ મા ... વિશેષ વર્ણન છે. એવી વાણીથી ભગવાન ત્હમારી સમક્ષ લો... ઉપદેશ કરે છે એવી કલ્પના કરો.

§ તીર્થંકરના ધ્વનિ તેમજ અર્થની આ ખુબી લક્ષમાં ... તેજ ભગવાન ત્હમારી સમક્ષ ત્હમારા તારણનો રસ્તો કરમાવે છે ... કલ્પના કરો. એનું પરિણામ એ આવશે કે ત્હમને કાંઇક રસ્તો ...

ऽवुं) थई, ते प्रमाणे अन्यने (हरिहरादिक नामथी कहेवाता
ने कदी पण) थई नथी, केमके अंधकारनो सम्पूर्ण नाश कर-
सूर्यनी जेवी प्रभा छे तेवी प्रकाश पामेला ग्रहोनी पण क्यां-
य होय ?

(३८)* जेनुं गंडस्थळ झरता मदवडे करीने खरडाएलुं छे,
थी जे माथुं धुणाव्या करे छे, अने आजुबाजु भमता उन्मत्त
भमराओना गुंजारव वडे जेनो कोप वृद्धिने पामेलो छे, वळी जे
त ऐरावत जेवो छे एवो हाथी पण जो कदाच सामो आवे
पण तेने देखीने तमारो जे आश्रित होय छे तेने भय उप-
तो नथी.

(३९) जेणे हाथीओनां कुंभस्थळ छेदीने, तेमांथी गळतां
ज्वळ अने लोहीथी खरडाएलां मोती वडे पृथ्वी शोभावी छे.
वा बळवान दोडता सिंहनी दोटमां जे माणस आवी पडयो होय,

* ३७ श्लोक सुधी भगवाननां शरीर, समोसरण, ज्ञानप्रभा
विगेरेनुं वर्णन कर्युं, के जेथी देशना देता प्रभुजी आपणी आंख आ-
गळ कल्पी शकाए. हवे ३८ मा श्लोकथी, ए प्रभुमां दढ श्रद्धा
धारनारनां संकटो नाश पामे छे ए वर्णन छे. पाठ करनारे अहीं
स्थिर थवुं. आ श्लोक दढतापूर्वक अने जुस्साथी बोलवाना छे.
बोलती वखते मनमां एवो ख्याल धरवो जोइए के: म्हारे माथे
आमांनुं कोई संकट आवी शकेज नहि अने आवे तो म्हारा समर्थ
प्रभुना नाम मात्रथी ते अदृश्य थवुंज जोइए. पोताना हृदयरूपी
...ने आवी कल्पना वडे दृढ अने संकटने माटे नालायक बनाववुं
एज आ तथा हवे पछीना श्लोकनी भावनानुं तात्पर्य छे.

તે પણ જો ત્હમારા ચરણ રૂપી પર્વતનો આશ્રય લે, તો ત્હેને તેનો સિંહ પણ પંઝામાં લઈ શકતો નથી.

(૪૦) પ્રલયકાળના પવનથી ઉદ્ધત થયેલા અગ્નિ જેવો, જેની અંદરથી ઘણા ઓદા (તનખા) ઉડે છે એવો, અને ઘણાજ પ્રકાશવાળો એવો દાવાનળ–વનનો અગ્નિ, જાણે જગતને બાળી નાખવાની જ ઇચ્છા કરતો હોય નહિ તેમ જોરમાં સળગતો સળગતો જો સન્મુખ આવે તો ત્હેને પણ ત્હમારા નામનું કીર્તન રૂપી–ત્હમારા સ્તવન રૂપી જળ અશેષ સમાવી દે છે–સમગ્ર બુઝાવી નાખે છે.

(૪૧) લાલચોળ આંખો વાળો, મદોન્મત્ત કોયલના કંઠ જેવો કાળો, અને ક્રોધે કરીને ઉદ્ધત, (છંછેડાયેલો) એવો સર્પ ઉંચી ફેણ કરીને સામો ધસી આવતો હોત ત્હેને પણ, જે માણસની પાસે ત્હમારા નામ રૂપી નાગ–દમની (સર્પનું દમન કરનાર ઔષધી) હોય છે, તે માણસ નિઃશંક પગે ઓળંગી જાય છે! (એવો સાપ પણ ત્હમારા ભક્તને ડસી શકતો નથી.

(૪૨) [illegible] અંદર ઘોડાઓ કુદી રહ્યા છે અને હાથીઓની ગર્જનાના ભયાનક શબ્દો થઈ રહ્યા છે એવા [illegible] રહેલા બલવાન [illegible] સૈન્યને પણ [illegible] પામેલા સૂર્યનાં કિરણોની શિખાઓ વડે અંધકારનો નાશ [illegible] તેમજ ત્હમારા કીર્તન [illegible] નથી [illegible] નાશ [illegible] પણ છતી [illegible] શકાય છે.)

(૪૩) [illegible] અગ્રભાગ [illegible] રૂધિરનો પ્રવાહ [illegible] [illegible] તરવામાં આતુર થઈ [illegible]

જેમને તમારા ચરણકમળ રૂપી વનનો આશ્રય હોય છે તેઓ અ- જીત શત્રુઓને પણ જીતી શકે છે.

(૪૪) ભયંકર મગરમચ્છ આદિ—નક્રચક્ર જળચર જંતુઓ જેની અંદર ઉછળી રહ્યા છે. અને ભયાનક વાડવાગ્નિ જેની અંદર અતિશય પ્રજ્વલિત થઈ રહ્યો છે, તથા મોટાં મોટાં મોજાંઓ જેની અંદર ઉછળી રહ્યાં છે, એવા તોફાની સમુદ્રની અંદર જે વહાણો (વહાણોની અંદરનાં મનુષ્યો) આવી પડેલાં હોય છે, તે પણ તમારા સ્મરણથી નિર્ભયપણે જઈ શકે છે !

(૪૫) ભયંકર જળોદર રોગના ભારથી નમી ગયેલા અને તેથી કરીને જેમણે જીવતરની આશા છોડી દીધી છે એવી મહા દુઃખદ અવસ્થાને જેઓ પામેલા હોય છે તેઓ પણ તમારા ચરણકમળની રજ રૂપી અમૃતનું જો પોતાના શરીરને લેપન કરે તો (રોગથી રહિત થઈને) કામદેવ જેવા સુંદર શરીરવાળા થાય છે !

(૪૬) પગથી તે ગળા સુધી જડેલી બેડીઓ વડે જેનાં અંગ વિંટાઈ ગયાં છે, અને ને મોટી બેડીઓના આકરા બંધનથી જેની કોટીઓની ઝીણી અણીઓ વડે જેમની જાંઘો ઘસાયા કરે છે, તે માણસો પણ જો તમારા નામનું નિરંતર સ્મરણ કરે છે તો ઉતાવળા પોતાની મેળે બંધનના ભયથી મુક્ત થઈ જાય છે.

(૪૭) જે બુદ્ધિમાન માણસ તમારું આ સ્તવન ભણે છે તેના મદોન્મત્ત હાથીથી; સિંહથી, દાવાનળ અગ્નિથી, યુદ્ધથી, સમુદ્રથી અને જળોદર તથા બંધન એ સર્વથી ઉત્પન્ન થએલા ભય; ભયભીત જેમ નાશ પામતા હોય તેમ (આ સ્તોત્રના પાઠ માત્રથી) ઝટ નાશ પામે છે.

જ્હેમને ત્હમારા ચરણકમળ રૂપી વનનો આશ્રય હોય છે તેઓ અ-જીત શત્રુઓને પણ જીતી શકે છે.

(૪૪) ભયંકર મગરમચ્છ આદિ—નક્રચક્ર જળચર જંતુઓ જેની અંદર ઉછળી રહ્યા છે. અને ભયાનક વાડવાગ્નિ જેની અંદર અતિશય પ્રજ્વલિત થઈ રહ્યો છે, તથા મોટાં મોટાં મોજાંઓ જેની અંદર ઉછળી રહ્યાં છે, એવા તોફાની સમુદ્રની અંદર જે વહાણો (વહાણની અંદરનાં મનુષ્યો) આવી પડેલાં હોય છે, તે પણ ત્હમારા સ્મરણથી નિર્ભયપણે જઈ શકે છે !

(૪૫) ભયંકર જળોદર રોગના ભારથી નમી ગયેલા અને તેથી કરીને જેમણે જીવતરની આશા છોડી દીધી છે એવી મહા દુઃખદ અવસ્થાને જેઓ પામેલા હોય છે તેઓ પણ ત્હમારા ચરણકમળની રજ રૂપી અમૃતનું જો પોતાના શરીરને લેપન કરે તો (રોગથી રહિત થઈને) કામદેવ જેવા સુંદર શરીરવાળા થાય છે !

(૪૬) પગથી તે ગળા સુધી જડેલી બેડીઓ વડે જેનાં અંગ વિંટાઈ ગયાં છે, અને તે મોટી બેડીઓના ગાઢ બંધનથી ત્હેની કાડીઓની ઝીણી અણીઓ વડે જેમની જાંગો ઘસાયા કરે છે, તે માણસો પણ જો ત્હમારા નામનું નિરંતર સ્મરણ કરે છે તો ઉતાવળા પોતાની મેળેજ બંધનના ભયથી મુક્ત થઈ જાય છે.

(૪૭) જે બુદ્ધિમાન માણસ ત્હમારૂં આ સ્તવન ભણે છે ત્હેના મદોન્મત્ત હાથીથી, સિંહથી, દાવાનળ અગ્નિથી, યુદ્ધથી, સમુદ્રથી અને જળોદર તથા બંધન એ સર્વેથી ઉત્પન્ન થએલા ભય; ભયથીજ જેમ નાશ પામતા હોય તેમ (આ સ્તોત્રના પાઠ માત્રથી) જલ્દ નાશ પામે છે !

સ્તોત્ર રૂપી માળા મ્હેં ત્હમારા ગુણ
રૂપી દોરાવડે, વિચિત્ર અક્ષરરૂપી રંગવાળાં પુષ્પો થકી ભક્તિવડે ગુંથેલી છે; ત્હેને જે માણસ હમેશાં પોતાના કંઠને વિષે ધારણ કરશે, તે સન્માન થકી ઉંચા થયેલા એવા (હોઇને) સ્વતંત્ર લક્ષ્મીને પામશે.

અહીં ભક્તામર સ્તોત્ર પુરૂં થાય છે. કોઈ સખસ એકાગ્રહ ચિત્તે એકાંતમાં સમ્પૂર્ણ દૃઢતાપૂર્વક જો આ પાઠ કરે અને લાગલાગટ ત્રણેક માસ એકજ ટાઇમે તેમ કર્યા કરે તો ઇચ્છીત કાર્ય સફળ કરી શકે, એમાં કાંઈ શક જેવું નથી. એવા અખતરા અજમાવેલા છે. આ સ્તોત્રથી વળી ચિત્તની એકાગ્રતા રૂપી લાભ થાય છે, હીપ્નોટીક શક્તિ આવે છે અને પ્રભુસ્મરણથી થતી આત્મશુદ્ધિનો પણ લાભ થાય છે. અર્થ સમજી સમજીને, શબ્દોના ઉચ્ચાર સાથે તેવીજ કલ્પના કરતા જવું જોઇએ.

ભ્રમરીના 'ધ્યાન' થી ચેળ ભ્રમરી બને છે. માટે જો 'ધ્યાન' ખરેખર દૃઢ હોય તો કશું અશક્ય નથી; બાકી માત્ર પાઠ બોલી જવાથી તો કશો આત્મિક લાભ થતો નથી.



એક ન માવે શરીરા; મેરૂ અચળ જિમ અંતર જાણી, પણ ન રહે પ્રભુ એકણ ઠામી. ૧૦ લોક કહે જીનજી સબ દેખે, પણ સુપનાંતર કબહુ ન પેખે; રીસ વિના બાવીશ પરીશા, સેના જીતી તે જગદીશા. ૧૧ માન વિના જગ આણ મનાઇ, માયા વિના શિવ શું લય લાઇ; લોભ વિના ગુણ રાશિ ગ્રહિજે, ભિક્ષુ ભાવે ત્રિગડો સેવિજે. ૧૨ નિર્ગ્રંથપણે શિર છત્ર ધરાવે, નામ યતિ પણ ચમર ઢળાવે; અભય દાન દાતા સુખ કારણ, આગળ ચક્ર ચાલે અરિદારણ. ૧૩ શ્રી જિનરાજ દયાળ ભણીજે, કર્મ સવેકા મૂળ ખણીજે; ચઉવિહ સંઘ તિરથ થાપે, લચ્છી ઘણી દેખે નવિ આપે. ૧૪ વિનયવંત ભગવત કહાવે નાંહિ કીસીકું શિશ નમાવે; અકંચનકો બીરૂદ ધરાવે; પણ સોવન પદ પંકજ ઠાવે. ૧૫ રાગ નહિ પણ સેવક તારે, દ્વેષ નહિ નિગુણા સંગ વારે; તજી આરંભ નિજ આતમ ધ્યાવે, શિવ રમણીકો સાથ ચલાવે. ૧૬ તેરો મહિમા અદ્ભુત કહીએ, તેરા ગુણકો પાર ન લહિએ; તું પ્રભુ સમરથ સાહેબ મેરા હું મન મોહન સેવક તેરા. ૧૭ તું રે ત્રિલોક તણો પ્રતિપાળ, હું રે અનાથ ને તું રે દયાળ; તું શરણાગત રાખણ ધીરા, તું પ્રભુ તારક છે વડ વીરા. ૧૮ તુંહી સમો વડ ભાગજ પાયો, તો મેરો કાજ ચડયો રે સવાયો; કરજોડી પ્રભુ વીનવું તમશું, કરો કૃપા જિનવરજી અમશું. ૧૯ જનમ મરણના ભય નિવારો, ભવ સાગરથી પાર ઉતારો; શ્રી હસ્તીણાપુર મંડન સોહે, ત્યાં શ્રી શાંતિ સદા મન મોહે. ૨૦ પદ્મસાગર ગુરૂરાય પસાયા, શ્રી ગુણસાગર કહે મન ભાયા; જે નર નારી એક ચિત્ત ગાવે, તે મનવંછિત નિધ્ધિ પાવે. ૨૧ ઇતિ.

શ્રી સિદ્ધારથ કુળ શણગાર, ત્રિશલા દેવી સુત જગ આધાર; શોભે સુંદર સોવન વાન, શરણ તમારૂં શ્રી વર્દ્ધમાન. ૧ તુમ નામે લહિયે સંપદા, તુમ નામે મન વંછિત મુદા; તુમ નામે લહીયે સનમાન, શરણ૦ ૨ દુર્જન દુષ્ટ વૈરી વિકરાળ, તુમ નામે નાસે તતકાળ; તુમ નામે દિન દિન કલ્યાણ, શરણ૦ ૩ તુમ નામે નાવે આપદા, ભૂત પ્રેત વ્યંતર નહિ કદા; રોગ શોગ ચિંતા નવી જાણ, શરણ૦ ૪ ગ્રહાદીક પીડા નવી કરે, નામ તમારૂં જે અનુસરે; ધર્મસિંહ મુનિ ભાવ પ્રધાન, શરણ૦ ૫ ઇતિ.

મહાવીર છંદ.

ચોવીસમા મહાવીર શૂરવીર મહાધીર, વાણી મિઠી દૂધ ખીર સિદ્ધારથ નંદહે; નાગિણીસિ નારી જાણી, ઘટમાં વૈરાગ આણી યોગ લિયો જગ ભાણ; ટાળ્યા મોહફંદહે, ચૌદહજાર સંત તાર દિયા ભગવંત; કર્મકો કિયો અંત, પામ્યા સુખ કંદહે, કહે કવિ ચંદ્રભાણ, સુણો હો વિવેકવાન; મહાવીર કીયા ધ્યાન ઉપજે આનંદહે.

શ્રી ગૌતમ સ્વામિનો છંદ.

શ્રી ગૌતમ નામે ગામો ગામે, નવનિધિ ઠામો ઠામે. એ આંકણી.
વીર પટોધર રૂપે સુંદર, સંત્ર સકળ સિરદાર;
મોટું મંગળ નામ તુમારૂં, ભવ્ય જીવને હિતકાર. શ્રી૦ ૧

વન રણુ શત્રુ જળ દવ માંહી, સાગર પર્વત શીશ;
પ્રભનપાગાથી સંકટ સઘળાં, નાસે વિસવા વીશ. શ્રી० २.
માત પીતા નીજ કુળ અજવાળ્યું, અજવાળ્યો નીજ વંશ;
મુનિ મંડળી માંહી બેઠા સોહે, રાજ સભામાં જેમ હંશ. શ્રી० ૩
સહસ્ત્ર ચતુર દશ મુનિવર માંહી, પ્રસંસ્યા વર્ધમાન;
તન વજ્જર તણું પદ સોંપ્યું, મહીમા મેરૂ સમાન. શ્રી० ૪
વીર જીણેશ્વર મુક્તિ પધાર્યા, તિણુ દીન દિન પ્રભાત;
ધર્મ શુકળ મન ધ્યાન તણે બળ, કેવળ જ્ઞાન વિખ્યાત. શ્રી० ५.
બાર વર્ષ લગે કેવળ પાળી, ભવિક જીવને તારી;
જીવ દયા શુદ્ધ ધર્મ બતાવી, દીધા પાર ઉતારી. શ્રી० ૬
કલ્પતરૂ સમ નામ તુમારૂં, વંછિત શુભ ફળ દાતા;
પ્રહ ઉઠીને જે કોઈ જપશે, તે લેશે સુખ શાતા. શ્રી० ૭.
કરજોડી જીનદાસ પ્રભુને, અરજ કરે શિરનામી;
સમય સમય મુજ શરણુ તુમારૂં, હું રાખું શિવ ગામી. શ્રી० ૮

શ્રી જીવ રાશિની સઝ્ઝાય.

હવે રાણી પદમાવતી, જીવરાશી ખમાવે; જાણુપણું જગદોયલું, એણીવેળાયે આવે તે મુજ મિચ્છામિ દુક્કડં. ૧. અરિહંતની સાખ, જે મેં જીવ વિરાધિયા; ચોરાશી લાખ, તે મુજ० ૨. સાત લાખ પૃથ્વી તણા, સાત અપકાય; સાત લાખ તેઉ કાયના, સાતે વળી વાઉકાય. તે મુજ० ૩. દશલાખ પ્રત્યેક વનસપતિ, ચઉદે સાધારણ સાર; બીતિ ચોરેંદ્રિય જીવના, બે બે લાખ વિચાર. તે મુજ० ૪. દેવતાતિર્યચ નારકી, ચાર ચાર પ્રકારી; ચઉદ લાખ મનુષ્યના, એ

લાખ ચોરાશી. તે મુજ૦ ૫. ઇણ ભવે પરભવે સેવીયાં, જે પાપ અઢાર; ત્રિવેધે ત્રિવેધે કરી પરિહરૂં, દુર્ગતિના દાતાર. તે મુજ૦ ૬. હિંસા કીધી જીવની, બોલ્યા, મૃષાવાદ; દોષ અદત્તાદાનના, મૈથુન ઉનમાદ. તે મુજ૦ ૭. પરિગ્રહ મેળ્યો કારમો, કીધો ક્રોધ વિશેષ; માન માયા લોભ મેં કિયાં, વળી રાગ ને દ્વેષ. તે મુજ૦ ૮. કલહ કરી જીવ દુહવ્યા, દીધાં કુડાં કલંક; નિંદા કીધી પારકી, રતિ અરતિ નિશંક. તે મુજ૦ ૯. ચાડી કીધી પારકી, કીધો થાપણ મોસો; કુગુરૂ કુદેવ કુધર્મનો, ભલો આણ્યો ભરોંસો. તે મુજ૦ ૧૦. ખાટકીને ભવે મેં કિયા, જીવના વધ ઘાત; ચડીમાર ભવે ચરકલાં, મારયાં દિન રાત. તે મુજ૦ ૧૧. કાજી મુલ્લાને ભવે, પઢી મંત્ર કઠોર; જીવ અનેક જીભ્બે કિયા, કીધાં પાપ અઘોર. તે મુજ૦ ૧૨. માછીને ભવે માછલાં, ઝાલ્યાં જળવાસ; ધીવર ભીલ કોળી ભવે, મૃગ પાડ્યા પાસ. તે મુજ૦ ૧૩ કોટવાળને ભવે મેં કિયા, આકરા કર દંડ; બંધીવાન મરાવિયા, કોરડા છડી દંડ. તે મુજ૦ ૧૪. પરમાધામીને ભવે, દીધાં નારકી દુઃખ; છેદન ભેદન વેદના, તાડન અતિ તિખ્ખ. તે મુજ૦ ૧૫ કુંભારને ભવે મેં કિયા, નીભાહ પચાવ્યા; તેલી ભવે તલ પીલીયા, પાપે પિંડ ભરાવ્યા. તે મુજ૦ ૧૬. હાળી ભવે હળ ખેડીયાં, ફોડયાં પૃથ્વીનાં પેટ; સૂડ નિદાન કિયાં ઘણાં, દીધા બળદ ચપેટ. તે મુજ૦ ૧૭ માળી ભવે રોપ રોપિયા, નાનાવિધ વૃક્ષ; મૂળ પત્ર ફળ ફુલનાં, લાગ્યાં પાપ અલક્ષ. તે મુજ૦ ૧૮. અધોવાઇયાને ભવે, ભરયા અધિકા ભાર; પોઠી ઉંટ કીડા પડયા, દયા નાણી લગાર. તે મુજ૦ ૧૯. છીંપાને ભવે છેતર્યા, કીધાં રંગણ પાસ; અગ્નિ આરંભ કીધાં ઘણા, ધાતુર્વાદ અભ્યાસ તે મુજ૦ ૨૦ શુરપણે રણ જુઝતાં, માયા માણસ વૃંદ; મદિરા માંસ માખણ ભખ્યાં, ખાધાં મૂળ ને કંદ. તે મુજ૦ ૨૧.

ખાણ ખણાવી ધાતુની, અતિ પાણી ઉલેચ્યાં; આરંભ કીધા અતિ ઘણા, પોતે પાપજ સંચ્યાં. તે મુજ૦ ૨૨. અંગાર કર્મ કીધા વળી, ઘરમેં દવજ દીધા; સમ ખાધા વીતરાગના, કૂડા કોસજ કીધા. તે મુજ૦ ૨૩ બિલ્લી ભવે ઉંદર ગલ્યા, ગિરોળી હત્યારી; મૂઢ ગમાર તણે ભવે, મેં જું લીખ મારી. તે મુજ૦ ૨૪. ભાડભુંજા તણે ભવે, એકેંદ્રિય જીવ; જાર ચણા ઘઉં શેકિયા, પાડંતા રીવ. તે મુજ૦ ૨૫. ખાંડણ પીસણ ગારના, આરંભ અનેક; રાંધણ ઇંધણ અગ્નિનાં, કીધ પાપ ઉદ્દેગ. તે મુજ૦ ૨૬. વિકથા ચાર કીધી વળી, સેવ્યા પંચ પ્રમાદ; ઇષ્ટ વિયોગ પડાવિયા, રુદન વિખવાદ તે મુજ૦ ૨૭. સાધુ અને શ્રાવક તણાં, વ્રત લેઇને ભાગ્યાં; મૂળ અને ઉત્તર તણાં, મુજ દૂષણ લાગ્યાં. તે મુજ૦ ૨૮. સાપ વીંછી સિંહ ચીતરા, શકરાને સમળી; હિંસક જીવ તણે ભવે, હિંસા કીધી સબળી. તે મુજ૦ ૨૯ સુવાવડી દૂષણ ઘણાં, વળી ગર્ભ ગળાવ્યા, જીવાણી ઢોળ્યાં ઘણાં, શીળવ્રત ભંજાવ્યાં. તે મુજ૦ ૩૦. ભવ અનંત ભમતાં થકાં, કીધા દેહ સંબંધ; ત્રિવિધ ત્રિવિધે કરી વોસિરું, કરું જન્મ પવિત્ર. તે મુજ૦ ૩૧. ભવ અનંત ભમતાં થકાં કીધા પરિગ્રહ સંબંધ, ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરું, તિણશું પ્રતિબંધ, તે મુજ૦ ૩૨. ભવ અનંત ભમતાં થકાં, કીધા કુટુંબ સંબંધ; ત્રિવિધ ત્રિવિધે કરી વોસિરું, તિણશું પ્રતિબંધ. તે મુજ૦ ૩૩. ઇણીપરે ઇહ ભવ પરભવે, કીધાં પાપ અખત્ર; ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરું, કરું જન્મ પવિત્ર. તે મુજ૦ ૩૪. એણિ વિધે એ આરાધના, ભાવે કરશે જેહ; સમય સુંદર કહે પાપથી, વળી છૂટશે તેહ. તે મુજ૦ ૩૫. રાગ વેરાડી જે સુણે, એહ ત્રીજી ઢાળ; સમય સુંદર કહે પાપથી, છૂટે તત્કાળ. તે મુજ૦ ૩૬. ઇતિ સમાપ્ત

ઉપદેશક દોહરા.

દયાજ સુખની વેલડી, દયાજ સુખની ખાણ; અનંત જીવ મુક્તે ગયા, દયા તણા ફળ જાણ. ૧. હિંસા દુઃખની વેલડી, હિંસા દુઃખની ખાણ; અનંત જીવ નરકે ગયા, હિંસાના ફળ જાણ. ૨. ચેતોરે ભવ પ્રાણીયા, એ સંસાર અસાર; થીરતા કોઈ દીસે નહીં, ધન જોવન પરીવાર. ૩. ધર્મ કરો તમે પ્રાણીયા, ધર્મથકી સુખ હોય; ધર્મ કરતાં જીવને, દુઃખી ન દીઠા કોય. ૪. જીવ દયા પાળી સહી, પાલન કરી છે છકાય; વસ્તા ઘરનો પ્રાહુણો, મીઠાં ભોજન ખાય. ૫. જીવ દયા પાળી નહીં, પાળી નહીં છકાય; સુના ઘરનો પ્રાહુણો, જેમ આવ્યો તેમ જાય. ૬. રત્ન પડેલ બજારમાં, રહ્યો ગરદ લપટાય; મુરખ જાણે કાંકરો, ચતુરે લીયો ઉઠાય. ૭. ચતુર જનો ચોગાનમાં, લાંબા પાન ચજુર; ચડે તો ચાખે પ્રેમરસ, પડે તો ચકના ચુર. ૮. એ શીક્ષા સાચી કહી, સર્વને હીતકાર; કાંઈક કરૂણા રાખજો, તોહ ઉતરશો ભવપાર. ૯. ખરો મારગ વીતરાગનો, સુક્ષ્મ જેના ભેદ; સમજુ થઇને સરધજો, મનમાં ધરી ઉમેદ. ૧૦. ઢીલ ન કીજે ધર્મની, તપ જપ લીજે લુંટ; જેસી નાશા કાચકી, જાય પલકમેં ફુટ. ૧૧. દુસમ આરો પંચમો, નિશ્ચળ રાખો મન; થોડામાં નફો ઘણો, (જેમ) કુંડા માંહી રતન. ૧૨. સાધુ ચંદન બાવના, શીતલ જાકો અંગ; લેહેર ઉતારે ભુજંગકી, દેવે જ્ઞાન કો રંગ. ૧૩. સાધુ બડે પરમારથી, મોટા જીન કો મન; ભર ભર મુટી દેતહે, ધર્મ રૂપીયા ધન ૧૪. હળવા કરમી જીવને, રુચે એ ઉપદેશ; ખરો માર્ગ વીતરાગનો, કુડ નહીં લવલેશ ૧૫.

આત્મહિત ચિંતક દોહરા.

પરલોકે સુખ પામવા, કર સારો સંકેત;
તક આજ છે હાથમાં, ચેત ચેત નર ચેત. ૧
જોર કરીને જીતવું, ખરેખરૂં રણ ખેત;
દુશ્મન છે તુજ દેહમાં, ચેત ચેત નર ચેત. ૨
આફત રહીશ ગમાર તું, ફોગટ થઈશ ફજેત;
કરે જરૂર હોશીયાર થઈ, ચેત ચેત નર ચેત. ૩
તન ધન તે તારાં નથી, નથી પ્રિયા પરણેત;
પાછળ સૌ રહેશે પડયા, ચેત ચેત નર ચેત. ૪
પ્રાણ જશે જ્યાં પીંડથી, પીંડ ગણાશે પ્રેત;
માટીમાં માટી થશે, ચેત ચેત નર ચેત. ૫
રહ્યા ન રાણા રાજીયા, સુર નર મુનિ સમેત;
તું તો તરણા તુલ્ય છો, ચેત ચેત નર ચેત. ૬
રજકણ તારાં રખડશે, જેમ રખડતી રેત;
પછી નર તન પામીશ ક્યાં, ચેત ચેત નર ચેત. ૭
કાળાં કેશ મટી ગયા, સર્વે બનીયા શ્વેત;
જોબન જોર જતું રહ્યું, ચેત ચેત નર ચેત ૮
માટે મનમાં સમજીને, વિચારીને કર વેંત,
ક્યાંથી આવ્યો ક્યાં જવું, ચેત ચેત નર ચેત. ૯
ગુરુ શિખામણ સમજ તો, પ્રભુ સાથે કર હેત;
અંતે અવિચળ એજ છે, ચેત ચેત નર ચેત. ૧૦

કરો હંસના કામ.

દોહરા.

ઉજ્વળતાને આદરો, શરીર ન કરશો શ્યામ;
કર્મ તજી દઈ કાગના, કરો હંસના કામ. ૧
બુદ્ધ થઇ બનશો નહીં, ગોબર તણા ગુલામ;
નીર ક્ષીર ન્યારા કરો, કરો હંસના કામ. ૨
મુક્તાફળ મુકી દઇ, ચુંચો નહિ કદિ ચામ;
દુધતણા દરિયે વસો, કરો હંસના કામ; ૩
સ્થાન તજો સમળાતણું, કરો હંસના કામ;
બગ જેવા ઠગ ના બનો, કરો હંસના કામ ૪
અધર્મને અડકો નહીં, રહો ધર્મના ધામ;
રમો હંસના રાજ્યમાં કરો હંસના કામ. ૫
પામર સેવા પરહરી, રટો હૃદયમાં રામ;
શ્વાનપણું છોડી દીયો, કરો હંસના કામ. ૬
ક્ષુદ્ર બની ખાશો નહીં, હકને તજી હરામ;
ભુંડ સંગ ભળશો નહીં, કરો હંસના કામ. ૭
અવગુણને અળગા કરો, ગ્રહો સુગુણનાં ગ્રામ;
પ્રવેશ ન કરો પાપમાં, કરો હંસના કામ. ૮
આરોગો અમૃત ફળો, વિમળ કરી વિશ્રામ;
સુરતપણું ધરવા તને, કરો હંસના કામ. ૯
રજને તજી અજને ભજો, નિત્ય નિરંજન નામ;
સંત શિષ્ય સુખ પામવા, કરો હંસના કામ. ૧૦

" બાર ભાવનારૂપ આત્મગોષ્ટી. "

(પ્રાતઃકાળમાં એકાંત જગાં અને શુદ્ધ ચિત્તે અણુપૂર્વી ગણી, એ સાધનથી મનને એકાગ્ર કરી, પછી બાર ભાવનારૂપ આ આત્મ-ગોષ્ટી કરવી.)

(૧) હે જીવ ! ત્હારી આસપાસ નજર કર. જે જે પદાર્થો તું જુએ છે તે અને ત્હારા પોતામાં કાંઈ તફાવત ત્હને જણાય છે ? ત્હારી આસપાસનો દરેક પદાર્થ–ત્હારી લક્ષ્મી, ત્હારો વૈભવ, અરે ત્હારૂં પોતાનું શરીર પણ વિજળી કે પરપોટા જેવું વિનાશી છે અ-નિત્ય છે. તું ગમે તેટલું રખોપું કરીશ તો પણ તે દરેક પદાર્થ વિનાશી તે વિનાશી જ છે,–નાશ પામવાનો એનો ધર્મ જ છે. એ સર્વ વિનાશી-અનિત્ય વસ્તુઓના વચ્ચમાં તું એક અવિનાશી–નિત્ય, ભૂલો પડવાથી આવી ચ્હડયો છું; માટે એ નાશવંત વસ્તુ-ઓમાં મોહ ન પામતાં તું અવિનાશી એવા ત્હને પીછાન. આ ક્ષણના પ્રસંગમાં ન રાચ.

ભરત રાજાએ વીંટીના પ્રસંગ ઉપરથી આવી " અનિત્ય ભાવના " માં ડુબકી મારી હતી, જેના ફળ તરીકે સમુદ્ર તળેથી એ તો કેવલ મૌક્તિક પામ્યા હતા.

(૨) હે જીવ ! તું અવિનાશી-નિત્ય એવા ત્હને પિછાનના શ્રમ નહિ લે તો નક્કી માનજે કે, નાશ માટેજ નિર્માયલી એ વસ્તુ-ઓના નાશ કે વિયોગથી ત્હને થતાં દુઃખોમાં દિલાસો કોઈ રીતે નહિ મળે. અને જ્યારે તું એ બધી ચીજોને છેલ્લી સલા

(૪) જીતવો ? ક્રોધને ક્ષમાથી, માનને વિનયથી, માયાને સર-
ળતાથી, અને લોભને સંતોષથી જીતાય છે.

(૫) " પુરાણ "માં પણ કહ્યું છે કે, જેણે ચિત્તને સમાધિથી, શુદ્ધ કર્યું છે; વદનને સત્ય ભાષણથી શુદ્ધ કર્યું છે; અને કાયા બ્રહ્મચર્યથી શુદ્ધ કરી છે; એવા મનુષ્યો ગંગાસ્નાન વિના પણ સદાય શુદ્ધ જ છે.

(૬) જુદાજુદા પદાર્થોનો સ્વભાવ, અને તેમનો અરસપરસનો સંબંધ; એ બેનાં જાણપણાની ખામીને લીધેજ દુઃખ ઉત્પન્ન થાય છે. દુઃખનું મૂળજ આપણી અજ્ઞાનતા છે. ખરેખાત–દુઃખ એજ અંધકાર છે. અને સુખ એ પ્રકાશ છે.

(૭) શ્રી વિરપ્રભુ જણાવે છે કે, ક્રોધથી પ્રીતિનો, માનથી વિનય (નમ્રતા)નો માયાકપટથી મિત્રતાનો અને લોભથી સર્વ સદ્-ગુણનો નાશ થાય છે. (ઉપરના શબ્દો હમેશાં યાદ રાખવાનાં છે.)

(૮) ડાભની અણી ઉપર જળબિંદુ–વાદળાનો રંગ, અને પવનના ઝપાટા વચ્ચે રહેલો દીવો, એ ત્રણેની જેવી સ્થીતિ છે. એથી પણ થોડી આ મનુષ્યજીવનની સ્થિરતા છે. માટે પરમાર્થિક કે ધાર્મિક કાર્યો કરવાનું મુલતવી ન રાખતાં; એવાં ઉત્તમ કાર્યો તુરત કરશો

(૯) ધ્યાનમાં રાખજો કે, જો તમો [illegible]ની પ્રજાને ઉત્તમોત્ત[illegible] બનાવવા ઇચ્છતા હોતો; પ્રથમ તમો [illegible] આચરણવા[illegible] બનો ! (એટલે પ્રજા પણ તેવી થશે [illegible]

(૧૦) ધર્મના મુખ્ય ચાર રસ્તા [illegible] (૨) [illegible] (૩) તપ. (૪) ભાવ. એ ચાર મુખ્ય [illegible] તો [illegible] છે. રસ્તા મનુષ્ય ગ્રહણ[illegible]

(૧૯) મનુષ્યને બે કાન અને એક જીભ બક્ષિસ થવાનું કારણ એ છે કે, વિચાર પૂર્વક થોડું બોલી, સદ્દ્જ્ઞાન વધારે સાંભળવું.

(૨૦) મસાણમાં (સ્મશાનમાં) મનુષ્યની જેવી વૃત્તિ થાય છે, તેવી વૃત્તિ જો કાયમને માટે રહે, તો કોણ બંધનથી મુક્ત ન થાય?

(૨૧) જે ઝરાનું પાણી વહેતું નથી તે છેલ્લે ગંધાવા માંડે છે તેજ પ્રમાણે જે મનુષ્યો પોતાને મળેલા જ્ઞાનનો અને લક્ષ્મીનો લાભ બીજાને આપવા (પરમાર્થમાં ઉપયોગ કરવા) ઇચ્છતા નથી તેની પણ ભવિષ્યમાં તેવી જ સ્થિતિ થાય છે.

(૨૨) વેર કદાપી વેર લેવાથી નાશ પામતું નથી. પણ પ્રેમથી નાશ પામે છે. આ મહાન પુરૂષોનું અમૂલ્ય વાક્ય છે.

(૨૩) કહેવત છે કે, " વધાર્યું વધે, અને ઘટાડયું ઘટે " તેના સાત રસ્તા છે. (૧) આહાર વધાર્યો વધે, અને ઘટાડ્યો ઘટે. (૨) નિદ્રા વધારી વધે, અને ઘટાડી ઘટે. (૩) આળસ વધારી વધે અને ઘટાડી ઘટે. (૪) ઉદ્યોગ વધાર્યો વધે. અને ઘટાડ્યો ઘટે. (૫) કામ વધાર્યો વધે, અને ઘટાડ્યો ઘટે. (૬) કજીયો વધાર્યો વધે, અને ઘટાડ્યો ઘટે. (૭) ભય વધાર્યો વધે ને ઘટાડ્યો ઘટે.

(૨૪) સ્ત્રીઓને નીચેના દશ વાક્યો સ્મરણમાં રાખવા. (૧) પતિના સુખે સુખ અને દુઃખે દુઃખ સમજી, પોતાના પતિને પરમેશ્વર તુલ્ય લેખવા. (૨) મૃત્યુનો ભય નહિ રાખતા, ધર્મ અને નીતિ માર્ગે શિયળનું રક્ષણ કરવું. (૩) સ્ત્રીઓએ મીઠા [illegible] થવું (૪) સ્ત્રીઓએ [illegible] વગર ના થવું. (૫) સ્ત્રીઓએ [illegible] થવું. (૬) સ્ત્રીઓએ ખંતીલા થવું. ([illegible]) [illegible] થવું. (૮) સ્ત્રીઓએ ઉદારતા સાથે [illegible] થવું [illegible] સ્ત્રીઓએ [illegible], [illegible], દરેક વખતે પોતાના પતિને મદદગાર થવું (૧૦)

સ્ત્રીઓએ કોઇ પણ કર્તવ્ય એવું ન કરવું કે જેથી પતિ અથવા તો કોઇ પણ માણુસ એ કૃત્યથી નારાજ થાય.

(૨૫) બહેનો ! યાદ રાખજો કે ચડતા દિવસોના સ્નેહીઓની પરિક્ષા પડતા દિવસમાં થાય છે (મતલબમાં ખરી આશનાઇની કસોટી પડતીમાં જાહેર થાય છે.)

(૨૬) સંકટ સમયે સમય સુચકતા રાખવી એજ વિદ્વાન સ્ત્રી પુરૂષનું કર્તવ્ય છે.

(૨૭) કુદરત પાસે કરામત અને તકદિર પાસે તદબિર ચાલતી નથી માટે હિમ્મત રાખો.

(૨૮) પરમાર્થમાં ખર્ચેલા પૈસા અણિને પ્રસંગે ઉપયોગી થઇ પડશે તે ખાત્રી રાખજો.

(૨૯) પરોપકારમાં વાપરેલું વિત્ત (નાણું) એ એક પરમાત્માની ધાર્મિક બેંકમાં મુકવા બરોબર છે. જે વખત આવ્યે ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે તમોને અવશ્ય મળશે. *

(તેની ગેરંટી આ ગરીબ સેવકની છે.)

(૩૦) સર્પને દાંત (દાઢ) માં ઝેર હોય છે, પણ દુર્જન અને નીચ માણુસમાં તો સર્વ અંગમાં ઝેર વ્યાપેલું છે.

(૩૧) કાન કુંડળથી શોભતા નથી, પણ સદ્શાસ્ત્રના શ્રવણથી જ શોભે છે. હાથ કંકણથી શોભતા નથી, પણ દાન દેવાથી શોભે છે. તેજ પ્રમાણે મનુષ્ય દેહ પણ પરોપકારથીજ શોભે છે.

(૩૨) જેમ પડી રહેલુ લોઢું કાટથી ખવાય છે. તેમ શરીર આળસથી ખવાય છે. માટે લોકોપયોગી ઉત્તમ કાર્યો કરતાં કદી પણ આળસ કરશો નહીં.

(૩૩) અન્નદાન કરતાં વિદ્યાદાન અતિશ્રેષ્ટ છે. કારણ કે અન્નથી ક્ષણિક તૃપ્તિ થાય છે ને વિદ્યારૂપી દાનથી તો જીંદગી પર્યંત સુખ મળે છે.

(૩૪) બુદ્ધિવાન મનુષ્યો પોતાનો વખત વ્યવહારિક અને ધાર્મિક શાસ્ત્રોના વિનોદમાં ગાળે છે અને અજ્ઞાની મૂર્ખ, મનુષ્યો તો પોતાનો વખત નિદ્રા, વ્યસન, અને મિથ્યા વાદ વિવાદ અને કુથલીમાં ગાળે છે.

(૩૫) યુદ્ધમાં હજારો યોદ્ધાઓને જીતવા સ્હેલા છે, પણ મનને જીતવું એ સૌથી મુસ્કેલ છે કહેવત છે કે "મન જીત્યું તેણે સર્વસ્વ જીત્યું."

(૩૬) મારે સર્વ સાથે મૈત્રી છે, મારે કોઈ પણ પ્રાણિ સાથે વેર નથી. સર્વ જીવોને હું ક્ષમા આપું છું. અને તે પ્રમાણે સર્વ જીવો મને ક્ષમા આપો. એવી હંમેશાં અંતઃકરણમાં ભાવના રાખવી.

(૩૭) આપણે આ સંસારરૂપી નાટકમાં નટની પેઠે અનેક પ્રકારના વેશ લાવી થાક્યા હવે તો એવો વેષ લાવો કે જેથી મુક્તિરૂપી સ્ત્રીનાં વલ્લભ થઈએ.

(૩૮) દ્રવ્ય રોગ મટાડનાર જેમ વૈદ છે, તેમ ભવરોગ (ભાવરોગ) મટાડનાર સદગુરૂ છે. માટે સદ્ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તવું એજ આત્માને કલ્યાણકારી છે.

(૩૯) કોઈપણ કાર્યનો આરંભ કરતાં પહેલાં તેનાં પરિણામનો વિચાર કરો. યાદ રાખજો કે કદીપણ સહસા કાર્ય કરવું નહિ.

(૪૦) દેહની જેટલી ચિંતા રાખો છો, તેટલી નહિ પણ તેથી અનંતગણી ચિન્તા આત્માની રાખો કારણકે અનંત ભવ એક ભવમાં ટાળવાં છે.

(૪૧) દરેક કર્મ કરતી વખતે દરેક કર્મના ફળ કેવાં છે, તેના માટે પ્રથમ પુરતો વિચાર કરો.

" પતિવૃતાનો ધર્મ. "

(પુનમચાંદના ખીલો—એ રાગ.)

સેવે તન મન ધનથી નિજ પતિને પ્રેમે કરીરે.
ત્યાગી આળસ ને કંકાસ કપટ કુછંદ,
તેવી વનિતાને મુજ બ્હેન નિરંતર ધન્ય છે રે.
જાયે પ્રાણ ભલે પણ શીયળવ્રત ચૂકે નહીંરે;
પાળે શાસ્ત્ર વિષે દર્શાવ્યા છે જે નેમ,—તેવી વનિતાને૦
કુશળ રહી ગૃહકાર્યમાં, ભજે સદા કિરતાર,
વિષયતણી ઉર વાસના, નવ રાખે તલભાર.
આડી આંખ કરી નવ જુવે કો સામું કદીરે;
ઉંચા સ્વરથી બોલે નહીં વળી કાયની સાથ-તેવી વનિતાને૦
નીતિને નવ પરહરે, ન કરે નિંદા લેશ,
કરે નહીં બંનતાં લગી, કાયની સાથે ક્લેશ.
પ્હેરે નહીં પટ આછાં, લાજ વધારે નાથનીરે;
ચાલે નહીં વળી કદી ચતુરા ચંચળ ચાલ—તેવી વનિતાને૦
ગુરૂજન કેરે સર્વદા રાખે પુરણ માન,
સુખ દુઃખને સરખાં ગણે, ધરે પતિનું ધ્યાન.
ધારે નહીં અભિમાન વદે વાણી વિવેકથીરે
રાખે હિંમત સુયશ વધારે જગ મોઝાર — તેવી વનિતાને૦
સદા રહે આનંદમાં, ધરે નહીં ઉર રોષ,
આપે સર્વ પ્રકારથી, વડીલોને સંતોષ.
ચાલે સમય મુજબ વશ વિનયવડે પતિને કરેરે,

પતિને પુછયા વિણ નહીં કાર્ય કરે જે નાર—તેવી વનિતાને૦
પતિતણા દુર્ગુણ કદી કયે નહીં કો' પાસ,
આફતમાં પણ સહાયતા કરે પતિની ખાસ.
રાખે શુદ્ધ હૃદય સદ્બોધ અહરનિશ સાંભળેરે,
કુલટાની કદી સંગતિ કરે ન સ્વપ્ના જેહ—તેવી વનિતાને૦
પતિ વિણ પરનરને ગણે સુત પિતુ ભ્રાત સમાન,
રહે વિભુના ભજનમાં સદા, વળી ગુણવાન.
પાળે પ્રાચિન સતીઓ સમજી પતિવ્રત ધર્મનેરે
રાખે સમદ્રષ્ટી સમતા સહુ સાથે નિત્ય સંપ—તેવી વનિતાને૦

શ્રીમંત શ્રાવકોનું કર્તવ્ય.

(રાગ—શ્રીજિનેશ્વરા દયાળુછો પ્યારા પ્રભુ.)
શ્રીમંત શ્રાવકો વિચારી "વિત" વાપરો,
ધર્મ, કર્મને પિછાણી, કાર્ય આદરો;—શ્રીમંત૦ (ટેક.)
નિશાળ, જૈનશાળને વિશાળ બાંધીને,
સ્વધર્મિ બાળ કેળવો સુ રીત સાંધીને.—,, 1
અનાથ બંધુઓને નિત્ય બોધ આપ ી,
સદા સંભાળ લેઇ પિડા તેની કાપવી.—,, ૨
પરસ્ત્રીને સદાય નિજ માતુ જાણવી,
છ કાય જીવ પ્રત્યે સદા દયાજ આણવી.—,, ૩
કદિ દેશનો થવા સ્વદેશી માલને,
વાપરો વિચારી વિજ, લાવી ખ્યાલને.—,, ૪

" પતિવૃતાનો ધર્મ. "

(પુનમચાંદના ખીલો—એ રાગ.)

સેવે તન મન ધનથી નિજ પતિને પ્રેમે કરીરે.
ત્યાગી આળસ ને કંકાસ કપટ કુછંદ,
તેવી વનિતાને મુજ બ્હેન નિરંતર ધન્ય છે રે.
જાયે પ્રાણ ભલે પણ શીયળવ્રત ચૂકે નહીંરે;
પાળે શાસ્ત્ર વિષે દર્શાવ્યા છે જે નેમ,—તેવી વનિતાને૦
કુશળ રહી ગૃહકાર્યમાં, ભજે સદા કિરતાર,
વિષયતણી ઉર વાસના, નવ રાખે તલભાર.
આડી આંખ કરી નવ જુવે કો સામું કદીરે;
ઊંચા સ્વરથી બોલે નહીં વળી કોયની સાથ—તેવી વનિતાને૦
નીતિને નવ પરહરે, ન કરે નિંદા લેશ,
કરે નહીં બનતાં લગી, કોયની સાથે દ્વેશ.
પ્હેરે નહીં પટ આછાં, લાજ વધારે નાથનીરે;
ચાલે નહીં વળી કદી ચતુરા ચંચળ ચાલ—તેવી વનિતાને૦
ગુરૂજન કેરૂં સર્વદા રાખે પુરણ માન,
સુખ દુઃખને સરખાં ગણે, ધરે પતિનું ધ્યાન.
ધારે નહીં અભિમાન વદે વાણી વિવેકથીરે
રાખે હિંમત સુયશ વધારે જગ મોઝાર—તેવી વનિતાને૦
સદા રહે આનંદમાં, ધરે નહીં ઉર રોષ,
આપે સર્વ પ્રકારથી, વડીલોને સંતોષ.
ચાલે સમય મુજબ વશ વિનયવડે પતિને કરેરે,

પતિને પુછ્યા વિણ નહીં કાર્ય કરે જે નાર—તેવી વનિતાને૦
પતિના દુર્ગુણ કદી કયે નહીં જો ખાસ,
આફતમાં પણ સહાયતા કરે પતિની ખાસ.
રાખે શુદ્ધ હૃદય સદ્બોધ અહર્નિશ સાંભળીરે,
કુલટાની કદી સંગતિ કરે ન રાખે નેહ—તેવી વનિતાને૦
પતિ વિણ પરનરને ગણે સુત પિતુ ભ્રાત સમાન,
રહે વિભુના ભજનમાં સદા વળી ગુલતાન.
પાળે પ્રાચિન સતીઓ સમજી પતિવ્રત ધર્મનેરે
રાખે સમકતી સમતા સહુ સાથે નિત સંપ—તેવી વનિતાને૦

શ્રીમંત શ્રાવકોનું કર્તવ્ય.

(રાગ—શ્રીજિનેશ્વરા દયાળુદા પ્યારા પ્રભુ.)
શ્રીમંત શ્રાવકો વિચારી "વિત" વાપરો,
ધર્મ, કર્મને પિછાણી, કાર્ય આદરો;—શ્રીમંત૦ (ટેક.)
નિશાળ, જૈનશાળાને વિશાળ બાંધીને,
સ્વધર્મિ બાળ કેળવો સુ રીત શોધીને.—„ ૧
અનાથ બંધુઓને નિત બોધ આપવી,
સદા સંભાળ લેઇ વિપત તેની કાપવી.—„ ૨
[illegible] નાથ વિણ [illegible],
[illegible] આપવી.—„ ૩
[illegible],
[illegible].—„ ૪

શ્રેષ્ટ દાન જ્ઞાન છે, એ ભાન રાખજો;
સિદ્ધાંતના સુબોધનો, સુ:સ્વાદ ચાખજો.—,, ૫
જ્ઞાન વૃદ્ધિ માટે ગ્રંથ તો રચાવવા,
અજ્ઞાન અંધકારથી જરૂર બચાવવા.—,, ૬
સુપાત્ર જોઈ સ્નેહથી સુદાન આપજો,
કુંચન કામનીનાં ત્યાગી ગુરૂ સ્થાપજો.—,, ૭
કુષાય, ક્રોધ, મોહ, માન, કામ મારજો,—,
જીવિતને જરૂર બે ભવે સુધારજો.—,, ૮
નેક ટેક સત્યતા સદા ઉરે ધરો,
પવિત્ર સાધુ સંતની સેવા બહુ કરો.—,, ૯
ચિત્ત, પ્રિત, લાવી વાત ઉર ધારજો,
યાદ લાવી "જીવરાજને" સંભારજો.—,, ૧૦

શ્રીમંત શ્રાવકોને અપીલ.

(રાગ—મામા આવો જુલમ શું સહન કરોરે.)

શાણાં શ્રીમંત બંધુઓ દયા દિલે ધરોરે,—(૨)
દયા દિલે ધરોરે, પર પિડા હરોરે;
દુઃખી બંધુની વ્હાર કરો.—શાણાં૦ (ટેક.)
ખાવાના વાંધા, સુવાના સાંધા; (૨)
બાંધા, નબળા જણાયે તેની સાર કરોરે.—શાણાં૦
શ્રીમંત શૂરા, પૈસામાં પૂરા; (૨)
બૂરા, હાલે બિચારાનો થાય દુકાળે મરોરે.—શાણાં૦
દુધ ચોખા ખાઈ, નિરાંતે નાઈ; (૨)

[illegible] ઠરે.—કાળજું
[illegible] (૨)
[illegible]—કાળજું
[illegible] (૨)
[illegible]—કાળજું
[illegible] (૨)
[illegible]—કાળજું
[illegible] (૨)
[illegible]—કાળજું

હિન્દની હાલત માટે પ્રભુ પ્રાર્થના.

(હરિગીત.)

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

કામ, ક્રોધ ને ઇર્ષા થકી, મદ્ય પાન થઈ શુદ્ધ શાન જ્યાં,
અભ્યુદય કરોને ઇશ્વરા, પિડાય હિન્દુસ્થાન આ.—૩
કારીગરી વિદેશમાં વખણાય હિન્દુસ્થાનની,
નહોતી કદી કાંઇ ન્યુનતા, ઘર માંહે તો ધનધાનની;
ચાહ બીડી ને હોટેલમાં વ્યસની થયા મદ્ય પાનમાં,
અભ્યુદય કરોને ઇશ્વરા, પિડાય હિન્દુસ્થાન આ.—૪
હિન્દીઓ હતા ઉદારને પુરુષાર્થમાં પૂરા હતા,
નેક ટેક ને બ્રહ્મચર્ય સાથે સત્યમાં શૂરા હતા;
બુઢ્ઢા રહી વયમાં હવે કન્યાવિક્રય ગુલ્તાનમાં,
અભ્યુદય કરોને ઇશ્વરા, પિડાય હિન્દુસ્થાન આ.—૫

(ધર્મ વિષે કાવ્ય.)

ધર્મ ન જાણે પ્યારા, જૈન બંધુઓ!
ધર્મનો છે બહુ સાર, ધર્મ ન જાણે પ્યારા.—(ટેક.)
જૈન ધર્મ અતિ સાર, ધ્યાન ધરો નાર,
રહે સત્ય શું આચાર, ખોટું આણો ન લગાર;
તેથી થશો ભવપાર, એજ મોક્ષ કેરું દ્વાર.—ધર્મ૦
જિનરાજ વાણી રસાળ, આણિ અતિશે વ્હાલ,
[illegible]
[illegible]—ધર્મ૦
[illegible]
[illegible]
[illegible]—ધર્મ૦

માયામાં ડોલતા અજ્ઞાની જનોને ચેતવણી.

અજ્ઞાની જરા જોને ઝીણી આંખ ખોલી. (૨)
કેમ માયામાં રહો ડોલી—અજ્ઞાની૦ (ટેક)
સીતા હરી જ્યારે રાવણે ગઈ ક્યાં રામની શક્તિ અતોલી, (૨)
એજ રાવણ બળ ક્યાં ગયું જ્યારે રામે લંકા રોળી.—અજ્ઞાની૦
દિશા ફરે ત્યારે બુદ્ધિ ફરે, ગુમ થાયે સહુ ચતુરાઈ, (૨)
હાથ કેરાં હથિયાર રહે હાથમાં, એમનાં એમ કટાઈ.—અજ્ઞાની૦

સદ્જ્ઞાન માટે.

જેમ માનસરોવર હંસ વિના, રજની જેમ ચંદ્રનાં અંશ વિના;
ગુણિકા જેમ શોભિત જ્ઞાન વિના, તેમ દેહ ગણો સદ્જ્ઞાન વિના.
જન શોભિત છે પણ વસ્ત્ર વિના, વળી વૃક્ષ ગણો તમે પત્ર વિના;
મણિ દીપ તથાપિ તે ભાન વિના, તેમ દેહ ગણો સદ્ જ્ઞાન વિના.

(મનુષ્ય ભવને સુધારવા અર્જે.)

(મનહર.)

રૂડો મનુભવ[1], આર્ય ક્ષેત્ર[2], ને ઉત્તમ કુળ[3],
લક્ષ્મિતણી લ્હેર[4], લાંબુ આયુષ્ય[5], પ્રમાણિયે;
પાંચે ઇન્દ્રિયો[6] મળી, શરીર નિરોગી[7] વળી,
અધમમ આપુ તજીને[8], જેથી મોક્ષ સુજાણીએ.—૧

પ્રતીતિ ધરમ કેરી[૯], ઇચ્છા તપ-સંયમની[૧૦],
એવી દસ જોગવાઈ, દુરલભ જાણીએ;
મળ્યાં જે સાહિત્ય સારાં, કરીએ ન તે અકારાં,
રૂડા ઉપયોગ વડે, આતમને તારીએ.—૨

(પરત્રિયાથી થતી હાનિ.)

પર ત્રિયા સંગે નર ચાલમાં, ચાલમાં ચાલમાં ચાલમાંરે,
પર ત્રિયા સંગે નર ચાલમાં........................(એ ટેક.)
ઓચિંતો પડીશ કાળમાંરે, પર૦ નાહક જીવને બાળમાંરે. પર૦
ક્ષણભંગુર સુખને માલમાંરે, પર૦ અરે જેલખાનું સંભાળમાંરે. પર૦
પછી કહેવાયે કાળુ દાળમાંરે, (પર.) વિના કારણ કૌવત ટાળમાંરે. પર.
પડે કોઈ દિન જોડા ટાળમાંરે, (પર.) ખરેખરો શત્રુ ઘેર ઘાલમાંરે. પર.
કુળ નાશક ઔષધ ઝાલમાંરે, (પર.) નીચ ! નારીનો નેહ નિહાળમાંરે. પર.
ચેતી અમૂલ્ય અવસર ગાળમાંરે, (પર.) કરી કાવ્ય જીવે નિશાળમાંરે. પર.

(કન્યાવિક્રયની ક્રૂરતા.)

(મહા જુલમ જગત માંહે—એ રાગ.)

મહા જૂલમ જગત માંયે, કન્યા વિક્રય બહુ થાયે;
અરે હાં, અરે હાં, અરે હાં, અરે હાં હાં હાં—મ૦
પુત્રિતણું જે વિત્ત, [illegible] [illegible]ત્ત,
[illegible] છે ચિત્ત, નહિ જવા [illegible] આં...

હાય હાય થાયે છે અધર્મ, અને છે કુકર્મ,
જરા નહિં શર્મ, બાળા વેચા...આં...આં...આં..યે—મહા૦
શું જૈનોમાં જૂલમ થાય, લાગે છે લાય,
અખાદ્ય ખવાય, દેવ તું ધા...આં...આં...આં...યે—મહા૦
ધરી શકે ધરા, કેમ શેષ, કુકર્મ ક્લેશ,
ધર્મ નહિં લેશ, પરમહત્યા...આં...આં...આં...યે—મહા૦
કન્યાવિક્રય દાદા વિર, ભઈ શરીર,
વહે આંખે નીર, જોયું ન જોવા.આં...આં...આં.યે—મહા૦

કર્મના ફળનું દિગદર્શન.

સદ્‌કર્મની ગતિ, અતિ વિચિત્ર છે અરે,
સ્વધર્મી નર આદરે, કુકર્મિ શ્રી હરે.—સદ્‌૦ (ટેક.)
દયાળુ દુઃખ પામતાં, દેખાય છે ખરે,
પંડિત પામે કષ્ટ, મૂર્ખ છત્ર શિરધરે.—સદ્‌૦
પાપિષ્ટ પૈસો પામીયા, જે પાપ બહુ કરે,
કમાઈ કર કાર્યથી, ગાડી ઘોડે ફરે.—સદ્‌૦
કૃપણ ધન, ધાન્યથી, ભરી ભરી ધરે,
ઉદાર નર અન્નવિના, ભૂખથી મરે.—સદ્‌૦
સરખું હિત ગાનથી, વેશ્યા કરે અતિ:
જ્ઞાની ખંગે આદરે, જિનંદીઓ સતિ.—સદ્‌૦
કોમલ કાંતિ અંગ, અને રૂપ બહુ ધર્યું,
કેરાનું નિષ્ટ નર, ખાંડ સામટે બહુ—સદ્‌૦

ધર્મિ ને વેર ઘાર, ગેલ સામગી રડે,
પાખંડીએ પ્રુજનાય, સત્યવાદીઓ સડે—સદ્૦
શ્રીમંત સ્ત્રીઓ છોકરાંની ચાહના કરે,
ભીખારી નાર ઝુંડ સમ ભેગાં લઈ ફરે.—સદ્૦
વિતરાગ વાણિ ચિર એક ધ્યાનમાં ધરા,
કહે છે "જીવરાજ" કર્યાં કર્મ ભોગવો.—સદ્૦

(લોભને થોભ નહિ.)

(મનહર.)

હતી દિનતાઈ ત્યારે તાકી પટેલાઈ,
અને મળી પટેલાઈ, ત્યારે તાકી છે શેઠાઈને;
સાંપડી શેઠાઈ ત્યારે તાકી મંત્રતાઈ
અને મળી મંત્રતાઈ, ત્યારે તાકી [illegible]
[illegible]ળી નૃપતાઈ ત્યારે તાકી [illegible]
[illegible]ને દીઠી દેવતાઈ ત્યારે તાકી [illegible]
[illegible]ણો સુત્ર બંધુ સહુ મળી [illegible]
[illegible]થાપી તે લોભીજન રહ્યો [illegible]

વઢવાણ શેહેરમાં મહાપુરૂષ શ્રી હાથીજી સ્વામિને આપવામાં આવેલી પૂજ્ય આચાર્યની પદવી.

શ્રાવકોનો અપૂર્વ ઉત્સાહ.

વઢવાણ શહેરમાં દરિયાપુરી સ્થાનકવાસી જૈનસમુદાયમાં ગઈ મિતી સંવત ૧૯૭૨-ફાગણ શુદિ ૨ (બીજ) સોમવારનો દિવસ અત્યાનંદની સાથે સદાવને માટે સુવર્ણ મય અક્ષરેથી કોતરાઇ રહેશે ! કારણ કે એ દિવસે મહાપુરૂષ શ્રી ૧૦૦૮ શ્રી હાથીજી સ્વામિને "પૂજ્ય આચાર્ય"ની "પદવી" સવારના સવા નવ વાગતાં શુભ ચોઘડીયામાં શ્રી ચતુર્વિધ સંઘ તરફથી આપવામાં આવી છે.

આચાર્ય પદની ખાલી પડેલ ગાદી પૂજ્ય શ્રી ૧૦૦૮ શ્રી રૂગનાથજી મહારાજના શિષ્ય અને સર્વ સાધુજીમાં વડિલ હાથીજી સ્વામીને આપવા માટે વઢવાણ શહેરના દરિયાપુરી સંઘે સર્વ સાધુજી તથા સાધ્વીજીને વિનતી કરી હતી જેથી સાધુજીના ઠા. ૨૬ તથા આર્યાજીના ઠા. ૩૮ પધાર્યા હતા. આ વખતે લીંબડી સમુદાયના મુનિ મહારાજ ઉત્તમચંદજી મુનિ આદિ ઠા. ૬ તથા બોટાદ સમુદાયના મુનિ મહારાજ મળી કુલ ઠા. ૮૦ બીરાજ્યા હતા. તેવીજ રીતે દરેક ગામના શ્રાવક શ્રાવકીઓને વઢવાણના દરિયાપરી સંધે આમંત્રણ કર્યું હતું. જેમાં અમદાવાદ, કડી, કલોલ, પ્રાંતિજ, વીરમગામ, છરોડા, વડોદરા શહેર સુરત, જામનગર, વીછીઆપર, કોઠ, સાયલા, સીતાપર, લખતર, મુળી, વઢવાણકાંપ. વિગેરે આસપાસના ગામના શ્રાવક શ્રાવીકાઓ પધાર્યા હતા. સંવત ૧૯૭૨ના ફાગણ શુદ ૨ અને સોમવારના શુભ દિવસે પૂજ્ય શ્રીહાથીજી સ્વામીને આચાર્ય પદ આપવામાં આવ્યું હતું.

સ્થાનકવાસી કોમમાં સાધુજી, સાધ્વીજી, શ્રાવક, શ્રાવિકાઓ આવો મોટો સમુદાય એકઠો થયેલો જોઈ દરેક ગામના શ્રી સંઘને ખાસ કરીને વઢવાણ શહેરનો સંઘ ઘણો હર્ષિત થયો હતો. આ વઢવાણ શહેર સ્થાનકવાસી કોમનું જાત્રાનું એક સ્થળ ગણાય છે. આ શુભ પ્રસંગે વોરા ચાતર ભાયચંદ તરફથી ઉતારામાં [illegible] વામાં આવ્યો હતો, અને વોરા રૂપશાહ [illegible] [illegible] શુદ ૧ ને રવિવારે ચોથું વ્રત આદર્યું હતું.

આનંદદાયક ભાષણ

લે:

[illegible]

[illegible]

સાધુમાં રહેલા જ્ઞાન, દર્શન, આચાર, ક્રિયા, ચારિત્ર આદિ ગુણોથી અલંકૃત મહારાજ શ્રી હાથીજી મહારાજને આ સંપ્રદાયના મુનિ મહારાજો તથા સાધ્વીઓ અને શ્રી સંઘ, ગચ્છનું અધિપતિપણું સમર્પે છે. મુનિશ્રી હાથીજી મહારાજ સંસારી તરીકે કાઠિયાવાડ ગામના રહીશ છે અને તેઓએ સંવત ૧૯૩૦ની સાલમાં દિક્ષા લીધેલ છે. એટલે આજે દિક્ષા લીધા તેમને લગભગ ૪૨ વરસ થયા છે. આટલા વરસના આચાર અને અનુભવથી તેઓ શ્રી સુત્રજ્ઞાનમાં અને ચારિત્રમાં એટલા બધા સમર્થ થયા છે કે સદ્‌ગત પુજ્ય મહારાજ શ્રી રૂગનાથજી મહારાજની માફક તેઓ શ્રી સકળ સાધુ સાધ્વીઓ અને શ્રી સંઘનું અનેક પ્રકારે સંરક્ષણ કરી તેઓ શ્રીને પ્રાપ્ત થતા આચાર્ય પદને સારી રીતે શોભાવશે. સાધુ સાધ્વી અને શ્રી સંઘની આ ઇચ્છા અને આશા શ્રી વીર ભગવાન સફળ કરો!!!

પૂજ્ય મહારાજ શ્રી હાથીજી મહારાજ!

રાજા વિના પ્રજા શોભતી નથી, સેનાધિપતિ વિના લશ્કર શોભતું નથી, ન્યાયાધિશ વિના ઇન્સાફની કોર્ટ શોભતી નથી, વર વિના જાન શોભતી નથી, અને વડીલ વિના ઘર શોભતું નથી એજ મિસાલે આચાર્ય વિના સાધુ સાધ્વી અને સંઘનો સમુદાય શોભતો નથી. વ્હાણને જેમ કપ્તાનની જરૂર છે, આગગાડીને જેમ ડ્રાઈવરની જરૂર છે, પ્રજાને જેમ રાજાની જરૂર છે તેજ પ્રકારે સાધુ સાધ્વી અને શ્રી સંઘને આચાર્યની જરૂર છે. આ નિયમ અમારા શાસ્ત્રોએ ભૂતકાળના મુનિયોએ, આચાર્યજીઓએ અને અમારા વડીલોએ સ્વીકાર્યો છે તેવીજ રીતે ઘણા હર્ષથી મ્હોટી આશાઓ ઉમલકા અને વિનય સાથે આચાર્ય પદ આજે આપને સમર્પીએ છીએ. સારા રાજાથી, સારા

શ્રી સંઘની અને મારી જાતની વતી તેમનો ઉપકાર માનું છું. એકજ સ્થળે સાધુ સાધ્વીનો આવો મોટો સમુદાય ભાગ્યેજ એકઠો થાય છે. અને આપે અહીં આવી સાધુ સાધ્વીના દર્શનનો લાભ લેવામાં સુબુદ્ધિ વાપરી છે તેને માટે ફેરીને આભાર માનું છું.

લી.

શ્રી સંઘનો એક સેવક.

("ત્રીજા ગૃહસ્થનું વિશેષ વિવેચન")

ગૃહસ્થો મારા પહેલાના બોલનારે જે આશાઓ અને વિચારો દર્શાવ્યા છે તેની સાથે હું મળતો થાઉં છું. અને આજના હર્ષ અને આનંદમાં વૃદ્ધિ કરનાર એક શુભ ખબર જાહેર કરવા હું રજા લઉં છું. સદ્ગત મહારાજ શ્રી રૂગનાથજી સ્વામીના સ્મરણાર્થે આપણા માનવંતા શ્રાવક શા ઝુંઝાભાઈ વેલશીએ અત્રેના શ્રી દરીયાપુરી સંઘને એક સંસ્કૃત પાઠશાળા સ્થાપવા વાર્ષિક રૂ. ૨૨૫)ની રકમ જાપુને માટે આપવા કબુલત આપી છે. આ પાઠશાળાનું નામ "પુજ્ય શ્રી રૂગનાથજી સંસ્કૃત પાઠશાળા" રાખવામાં આવશે. સ્થાનકવાસી સંપ્રદાયના સાધુ સાધ્વીઓ, શ્રાવક શ્રાવિકાઓને એક સંસ્કૃત જાણનાર શિક્ષક રાખી સંસ્કૃતનું શિક્ષણ આ પાઠશાળામાં આપવામાં આવશે. શેઠ મથુરચંદભાઈએ નવાજેશ કરેલ આ વાર્ષિક રકમ શ્રી સંઘે ઉપકાર સાથે સ્વીકારી છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, અને તપ એ મોક્ષ મેળવવાના સાધનો છે. જ્ઞાનની વૃદ્ધિ માટે જૈનશાળાઓ અને સંસ્કૃત પાઠશાળાઓ પણ ઉપયોગી સંસ્થાઓ છે શ્રીયુત શેઠ મથુરચંદ

ઝુંઝાભાઇને તેમની આ ઉદાર સખાવતને માટે શ્રી સંઘની અને અત્રે પધારેલા શ્રાવક શ્રાવિકાઓ અને મારી જાતની વતી અંતઃકરણ પુર્વક મુબારકબાદી આપું છું અને આભાર પ્રદર્શીત કરૂં છું.

લી.
શ્રી સંઘનો એક સેવક.

" મુંબઈ ખાતે કાંદાવાડીમાં શ્રી સ્થાનકવાસી જૈન સંઘનો મેળાવડો.

—xx◆xx—

મી. સુંદરજી દામજી લખમીચંદ અને મી. હેમચંદ જાદવજીને આપવામાં આવેલો ધન્યવાદ.

—x*x—

પંડિત શ્રી રત્નચન્દ્રજીનું ભાષણ.

શ્રી મુંબઈ સ્થાનકવાસી જૈન સંઘનો એક મેળાવડો ગયા ફેબ્રુઆરી માસમાં કાંદાવાડીમાં શ્રી કચ્છી દશાશ્રીમાળીની " વાડી "માં કરવામાં આવ્યો હતો જે પ્રસંગે ઘણાં સ્ત્રી પુરૂષો હાજર હતા. મહાપુરૂષ શ્રી ગુલાબચંદ્રજી સ્વામિ તથા પંડિત શ્રી રત્નચંદ્રજી સ્વામિ ઠાણાં ત્રણ અત્રે પધાર્યા હતા. જે મહાત્માશ્રીએ માંગળિક પ્રભુ સ્તવન સંભળાવ્યા બાદ શ્રી દશાશ્રીમાળી જ્ઞાતિ તરફથી સેક્રેટરી મી. નરશીભાઈ વીરજીએ આમંત્રણ પત્રિકા વાંચી બતાવી હતી.

જામ્બુના ગૃહસ્થ શેઠ. મેઘજીભાઈ પીમજીભાઈ એ હાજર રહેલાઓને માન પૂર્વક જણાવ્યું હતું કે,—ગૃહસ્થો ! સદરહુવાડી ધાર્મીક ક્રિયા કરવા માટે મી. સુંદરજી દામજી લખમીચંદ અને મી. હેમચંદ જાદવજીએ જે ઉત્તમ સગવડ સદરહુ વાડીના માલીક સાથે ગોઠવણ કરી; તેઓ સહુની સંમતિ મેળવી, અત્રે પધારતા જૈન મહાત્માઓ માટે ચાતુર માસ તથા શેષકાળ કરવા કરી આપી છે તે ખાતે શ્રી સંઘ એ બંને ગૃહસ્થનો ઉપકાર માને છે. ને શીલા લેખ સદરહુ વાડીમાં ખુલ્લો મુકવા હું વિનંતિ કરૂં છું.

મુંબઈના શ્રી સ્થાનકવાસી જૈન સંઘને મરહુમ શેઠ શ્રી દામજી ભાઈ લખમીચંદ જે. પી. એ જે અણીને વખતે ઉદાર મદદ કરી છે તે કદી પણ ભૂલાય તેવી નથી. મરહુમ શેઠ દામજીભાઈએ પોતાની ઉત્તર અવસ્થામાં ધાર્મીક ઝુંડો ઉડાવ્યો હતો ત્યારે તેમનાં ચિરંજીવી સુંદરજી ભાઈએ પહેલી અવસ્થાથી ધાર્મીક કાર્યોની શરૂઆત કરી. પોતાના પીતાશ્રીના પગલે ચાલવાનું પસંદ કર્યું છે. એ જોઈ શ્રી સંઘને બહુ ખુશી થવા જેવું છે. હું ફરીથી શ્રી સંઘ તરફથી તેઓશ્રીનો ઉપકાર માનુંછું. અને શીલાલેખ ખૂલ્લો મુકું છું.

શીલાલેખ ખુલ્લો મુકતી વખતે જય જિનેંદ્રની ગર્જના થઈ હતી. જે વખતે અત્રેની શ્રાવિકાશાળામાં અભ્યાસ કરતી એક જૈનબાળાએ હાજર રહેલી બહેનો તરફથી અસરકારક શબ્દોમાં ઉપકાર માનતાં; આવી ઉત્તમ સંસ્થાને વિશેષ ઉત્તેજન મળો. એવી પ્રબળ ઇચ્છા જાહેર કરી, શ્રી જિનેશ્વર સ્તુતિ ગાઇ બેઠક લીધી હતી.

મી. દેવીદાસ લક્ષ્મીચંદ શેવરીવાળાએ જયજિનેંદ્રના અવાજો વચ્ચે બુલંદ અવાજે જણાવ્યું કે, કચ્છીકોમ વ્યાપારમાં તેમજ બીજા લોકોપયોગી કાર્યોમાં આગળ વધતી જાય છે. આ શહેરમાં કચ્છી ભાઇઓ

ઘણાં શ્રીમંતો વસે છે, આપણી શ્રી સ્થાનકવાસી કોમના પ્રમુખ પદ મેળવવાનું માન પણ કચ્છીભાઇઓએજ મેળવ્યું છે. શ્રી. સુંદરજી ભાઈ હજુ આપણાં વિશેષ પરિચયમાં આવ્યા નથી. તોપણ તેઓ શ્રીની ધર્મ પ્રત્યેની લાગણી તેમના ધર્માત્મા પિતાશ્રીના જેવીજ છે. (જે આ કાર્યથી સાબિત થાય છે.) ભવિષ્યમાં તેમનાં હાથ સારાં કાર્યો થવાની આગાહી રૂપે આ કાર્ય છે; એમ માનીએ તો કાંઈ ખોટું નથી. નવા મકાન માટે જે ફંડ ઉભું કરવાની શરૂઆત થઇ છે તે હવે આ વાડી ધાર્મિક ક્રિયા માટે આ બંન્ને ગૃહસ્થે શ્રી સંઘને અર્પણ કરી છે તેથી કેટલીક જરૂરીયાત આ મકાનની સગવડથી દૂર થઈ છે. પણ આ શહેરમાં હજુ એથી પણ વિશેષ કરવાની જરૂર છે. માટે જે ફંડ થયું છે તે ચાલુ રાખી; એ ફંડને આગળ વધારવા હું આપ સહુને અરજ કરી; બેશી જવાની રજા લઉં છું.

પંડિત શ્રી રત્નચંદ્રજીનું વિવેચન.

મુનિમહારાજ પંડિત શ્રી રત્નચંદ્રજી સ્વામીએ જયજિનેંદ્રની ચાલુ ગર્જના વચ્ચે મધુર ભાષણ કરતાં જણાવ્યું છે કેઃ—બંધુ બ્હેનો? આપણે માણસાઇના કામો કરીએ તોજ માણસ હોવાનો દાવો કરી શકીએ. કારણ કે મનુષ્યને બીજાં સર્વ પ્રાણિ કરતાં વિચાર શક્તિ વધારે મળેલી છે. તે બીજાને છેતરવા માટે નહિં, પણ આત્મશ્રેયનો વિચાર કરવા માટે છે. હું કોણ છું? અને મ્હારૂં કર્તવ્ય શું છે? તે બે પ્રશ્ન પ્રાતઃકાળમાં દરેક સ્ત્રી પુરૂષોએ પોતાના મનને પૂછવાનો છે? ધર્મ કોઈ પણ દેશમાં કોઈ પણ સ્થીતિમાં થઈ શકે છે. આયુ-

જેનો ક્ષણ માત્રનો ભરોસો નથી. મહનતથી મેળવેલો પૈસો શુભ કાર્યમાં પરોપકાર (દાન) અર્થે વાપરવા; પ્રભુ મહાવિરના જીવનચરિત્રપરથી સાબિત થાય છે. મનુષ્ય જીવનનો એક સમય પણ ધર્મ વિનાં ગુમાવવો એ પોતાને મળેલો કિંમતી હીરો (કોહીનુર) ગુમાવ્યા બરાબર છે.

સિધ પોળની મકાન દરેક પ્રકારે સગવડવાળું છે પણ ઘણાં બંધુ, બહેનોને એ મકાન દુર પડે છે તેથી તેઓ વખત મેળવી શકતા નથી ને (વાહનના અભાવે) શાસ્ત્ર શ્રવણનો લાભ મેળવી શકતા નથી એમ તેઓ જણાવે છે તે વ્યાજબી છે. આ શંકાવાડીનું મકાન શાતાકારી છે. વળી શેહેરની વચ્ચોવચ્ચ હોવાથી આ વાડી એક આશિર્વાદરૂપ ગણી શકાય. આવી ઉત્તમ સગવડ કરવા માટે શેઠ સુંદરજીભાઈ તથા હેમચંદભાઇએ જે ગોઠવણ કરી છે તે ખરેખાત પ્રશંસનીય છે. આરંભ સમારંભ વિના આ વાડીથી મુબઇનાથી સંઘને કેટલીક મુશ્કેલીઓ દુર થઈ છે.

ઉદાર હૃદયના મનુષ્યો પરોપકારનું કાર્ય કરે છે તે કીર્તિ, કે માનપાનને માટે નહિં; પણ પોતાના આત્મશ્રેયજ માટે હોવું જોઇએ. જે બે ગૃહસ્થોએ આ વાડી ધાર્મિક કાર્યો કરવા બક્ષિસ કરી છે તે પણ પોતા માટેજ છે. ગુણાનુવાદ કરવો કે ઉપકાર માનવો એ અસલ કદરદાન સજ્જનોની કદરદાની છે. કે જેનો ધડો બીજાઓ પણ તેથી લેઈ શકે છે. બોલવા કરતાં કામ કરી બતાવવું એમાંજ ડહાપણ છે. બાદ જયજિનેંદ્રના અવાજો વચ્ચે ખુશાલી જાહેર કરી વિખરાયા હતા:—

ભાગ-૬ ઠ્ઠો.

" અહિંસા-પરમોધર્મ.
જીવદયા.

દોહરા.

સબળાને કહેવાય નહિં, નબળાનેજ નડાય;
"વાઘ" તણો માગે નહિ, ભોગ **"ભવાની"** માય.
જોરાવરના જૂલમનો, કોણ કરે દરિયાફ;
વાઘે માર્યું માનવી, તેનો શું ! ઇન્સાફ.

પ્રિય વાંચનાર !

આ જગતમા રહેલા સર્વ પ્રાણિયોનો આત્મા આપણાં આત્મા જેવો છે એક કીડીથી તે કુંજર (હાથી.) સૂધીના તમામ પ્રાણિનો આત્મા સરખો છે આપણાં શરીરને કાંઈ પણ વાગે અને આપણને જેટલું દુઃખ થાય છે તેજ પ્રમાણે એ બિચારાં નિર્દોષ અવાચક પશુ પક્ષિને પણ આપણી માફકજ પીડા થાય છે. શ્રી વિર પરમાત્મા ખુલ્લા શબ્દોમાં જણાવી ગયા છે કે, " **વૈરાણી બંધાણી મહાભયાણી.** " એટલે કોઈ પણ પ્રાણિ સાથે વેર બાંધવું-એ મહાભયનું કારણ છે. જેવાં કર્મો કરશો તેવાં ફળ અવસ્ય ભોગવવા પડશે. કોઈ

પણ પ્રાણિનું મન દુઃખાય તેવું કામ કદી પણ મન, વચન, અને કાયાથી પણ કરવું નહિ. હસતાં હસતાં (ગમ્મતમાં) પણ કોઈ પ્રાણિને મારવા પડે તેવા શબ્દો બોલવા નહિ. હિંસા મહા પાપનું કારણ છે. અને હિંસાથી નર્કનાં મહાન દુઃખો ભોગવવાં પડે છે.

દરેક ધર્મશાસ્ત્રમાં હિંસા અને માંસભક્ષણની વિરૂદ્ધમાં શું જણાવે છે?

"હિંદુધર્મ" શાસ્ત્રોનાં પ્રમાણ. "अहिंसापरमोधर्मः" (વેદવાક્ય)

(૧) શ્રી મહાભારતના શાંતિપર્વના ૧૬૨ મા અધ્યાયમાં જણાવે છે કેઃ-
મન, વાણી તથા કર્મે કરી પ્રાણિમાત્રનો દ્રોહ ન કરવો— (ભૂંડું ન ઇચ્છવું.) દયા રાખવી, તથા ઉપકાર કરવો, એ સત્પુરૂષોનો સનાતન ધર્મ છે.

(૨) શ્રી મહાભારતના અનુશાસન પર્વમાં કહ્યું છે કે—
જે પારકા માંસે કરી, પોતાના માંસને વધારવા ઇચ્છે છે, તેનાથી કોઈ વધારે અધમ નથી. અને તે અતિ ક્રૂર છે.

(૩) શ્રીમદ્ ભાગવતમાં શ્રી નારદમુનિ જણાવે છે કેઃ—
હરણ, ઉંટ, ખર, વાંદરા, ઉંદર, સાપ, પક્ષી અને માખો એ સર્વને પોતાના પુત્રની પેઠે જાણવાં, તેને વિષે અંતર રાખવું નહિ.

(૪) શ્રીમનુસ્મૃતિમાં જણાવે છે કેઃ—
કોઈ પણ પ્રાણિનો વધ કર્યા સિવાય માંસ મળતું નથી અને પ્રાણિનો વધ કરવાથી સ્વર્ગ મળતું નથી; માટે માંસ

ખાવાનો સર્વદા ત્યાગ કરવો જોઈએ.

(૫) શ્રીમદ્ ભગવદ્ગીતાના શ્લોકમાં જણાવે છે કે—

દેવ, પવિત્ર બ્રાહ્મણ, ગુરુ અને જ્ઞાની એઓ [illegible] પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય અને અહિંસા એ દેહનું તપ કહે છે.

(૬) શ્રી વિષ્ણુપુરાણમાં કહ્યું છે કે:—

જેમ આપણો પ્રાણ આપણને વહાલો હોય તેમ [illegible] પ્રાણ વહાલો છે. છતાં પ્રાણિનો વધ કરનાર ઘોર [illegible] છે.

(૭) શ્રી રુદ્ર પરાશર સ્મૃતિમાં કહ્યું છે કે:—

જે પુરુષ પ્રાણિની હિંસા કરીને તેનાં માંસવડે પિ[illegible] તૃપ્ત કરે છે. તે મૂર્ખ [illegible] સુગંધીમાન ચંદનને બાળીને રાખનું પોતાના શરીરને લેપન કરે છે. (માટે યજ્ઞ તથા [illegible] ક્રિયા માટે જીવની હિંસા કરવી નહિ.)

"શ્રી જૈનધર્મના સૂયગડાંગ સૂત્ર" માં (ભાગ[illegible] કહ્યું છે કે—

(૧) જ્ઞાની પુરુષના જ્ઞાનનો સાર એ છે કે, કોઈ પણ જીવને [illegible] નહિ અને જીવદયા તેજ પ્રધાન એવું સિદ્ધાંત હોય [illegible]

(૨) શ્રી જૈનધર્મના ઉત્તરાધ્યયન સૂત્રના "ગર્દભાળ" મહા[illegible] "સંજતી" [illegible]

[illegible]

[illegible]

દુનિયામાં જન્મ પામીને હિંસારૂપ દુષ્કૃત્યથી શું કરવા તારા અમૂલ્ય આત્માને જોખમમાં નાખવા તત્પર રહે છે?

"મુસલમાન" આઇન અકબરીમાં લખ્યું છે કે,—"અકબર બાદશાહ દર શુક્રવાર રવિવારે, ગ્રહણનાં દિવસે, પારસીઓના તીર-રોજનોજશનના દિવસો, અને આખા ફરવરદીન તથા આવાં મહિનાનાં પવિત્ર દિવસોમાં માંસ બીલકુલ ખાતોજ નહિં."

યાદી—આજે ઘણા મુસલમાનો "સાલેકશરીઅત" માંથી "તરકીત" મા પેસે છે. તો તરતંજ માંસ ખાવાનું છોડી દે છે. વળી "શવજી વોહરા" એટલે જેને લોડીયા વહોરા કહે છે તેઓ પણ બિલકુલ માંસ ખાતા નથી. અને તેઓ માંસ ભક્ષણ નહિં કરતાં હોવાથી "નમાંસીયા" અથવા "નગોસીયા" લગ્ગુ કહેવાય છે જેઓ વડોદરા શેહેરમાં રહે છે.

"હઝરતઅલ્લી" સાહેબ ફરમાવે છે કે—તું પશુ પક્ષિઓની કબર તારા પેટમાં કરીશ નહિં. (અર્થાત્-પશુ પક્ષિઓને મારી તું ખાઇશ નહિં.)

"કુરાન" સરીફમાં અલ્લા તાલાએ ફરમાવ્યું છે કે,—અલ્લાએ ચોપગાં જનાવરોમાં કેટલાક ભાર ઉપાડવા માટે પેદા કીધાં છે અને ખાવા માટે તો જમીનને લગતી વનસ્પતિ તથા અનાજ ઉત્પન્ન કર્યું છે તે તમે ખાઓ.

"કુરાન"માં સાફ જણાવે છે કે,—કોઈપણ પ્રકારનું માંસ ખાવું નહિં. તેમ છતાં માંસના લાલચુ જેઓ કુરાનથી અવળે માર્ગે ચાલી માંસનો ઉપયોગ કરે છે તે બહુજ ખોટું છે. વળી લોહી અને ડુક્કરનું માંસ, મોતથી મરે તેનું માંસ, કોઈ મૂર્તિના નામથી મારવામાં

વે તેનું માંસ, ગળે ફાંસો દેઈ મારવામાં આવે તેનું માંસ, ઘાથી
ને તીર ગોળીથી મારવામાં આવે તેનું માંસ, પડવાથી મરે તેનું
સ, અને બીજા પ્રાણિના મારવાથી મરે તેનું માંસ, તમો બિલકુલ
ાશો નહિં.

(આ ઉપરથી મુસલમાન ધર્મમાં માંસનો નિષેધ કરેલો છે.)

"**બકરીઇદ**"ના દિવસે બકરી નહિં મારવા કુરાનમાં ફરમાવ્યું
કે, "માંસ અગર લોહી મને પહોંચશે નહિં, પણ એક પરહેજ
ારી પહોંચશે." આ દુનિયામાં પ્રાણિ માત્રના જીવ સરખા છે.

"**કુરાનમાં સૂરેઆન આમમાં**" લખ્યું છે કે,—જે પશુ
ૃથ્વી ઉપર ચાલે છે અને જે પક્ષિ પાંખોવડે ઊડે છે તે બીજું કાંઈ
ાથી પણ તમારા જેવાજ લોકો છે (મતલબ કે તેમને તેમનું જીવન
ણ તમારા જેવું જ વહાલું છે.)

"**પારસીધર્મશાસ્ત્ર**" (એતમાં શું જણાવે છે.) અમારો
જરથોસ્તી ધર્મ એવો નેક છે કે, પશુઓને મારીને ખાવાં નહિં,
અને જનાવરોનો શિકાર કરવો નહિં. તમામ જાતનાં પ્રાણિયોને
નહિં મારવા અશો જરથોસ્તે કહેલું છે. વળી તેઓ સાહેબે "ઇજરતે"
મધ્યે એવો વિચાર જણાવ્યો છે કે,—

"જેઓ આ દુનિયાની પેદાશ ઉપર દયા લાવતા નથી તેઓ
વગર દયાના દેવો તથા દોજખી આદમીઓ છે."

"**જરથોસ્તનામાં**"માં લખ્યું છે કે,—કદી કોઇપણ જાનવર
મોટું અથવા જઇફ (ઘરડું) થયું હોય તેને અથવા નાનાં બચ્ચાંને,
અથવા કોઈ પણ પ્રકારના જાનવર (જીવતા પ્રાણીને) મારવાની
અને તેનાં ઇંડાં ખાવાની સાફ મનાઈ છે.

"ખ્રિસ્તી ધર્મશાસ્ત્ર બાઈબલ" માં જણાવે છે કે, તું ખૂન કરતો ના. અને તું મારી તરફ પવિત્ર રહેજે. વગડાનાં અથવા બીજે તેવા પશુઓને મારી તેનું કોઈ પણ જાતનું માંસ ખાતો નહિ. પણ પૃથ્વી ઉપર જે બાજીપાલો અથવા ફળ તને મેં આપ્યાં છે તેનો તું ખોરાક તરીકે ઉપયોગ કરજે.

"હુસીયા" નામનાં પુસ્તકમાં જણાવે છે કે—જ્યારે તમે તમારા હાથ (વિનંતિ માટે) ઉંચા કરશો ત્યારે હું (ઈશ્વર) મારી આંખો તમારી તરફથી બીજી તરફ ફેરવીશ. અને તમે વિનંતિ ઉપર વિનંતિ કરશો તોપણ હું ધ્યાન નહિ આપું. કારણકે ("તમારા હાથ પ્રાણિને મારવાથી લોહી લુહાણ છે તે માટે.")

માંસાહારની વિરુદ્ધમાં અનેક વિદ્વાન યુરોપીયન ડાક્ટરોનો નીચેનો અભિપ્રાય છે કે ભવિષ્યમાં માંસના ખોરાકથી ફાયદો નથી પણ ગેરફાયદો છે.

(માંસાહારના ગેરફાયદા)

(૧) માંસાહારથી ક્ષય, [illegible], [illegible], [illegible] મંદાગ્નિ અને પથરીનો રોગ થવાનો સંભવ છે. જે રોગો માંસાહારી લોકમાં વિશેષ જોવામાં આવે છે.

(૨) મરડો, અતિસાર, તાવ, [illegible], અને અર્ધાંગ વાયુના રોગીઓ માંસાહાર છોડ્યા સિવાય કદી પણ સારા થતા નથી.

(૩) [illegible] રોગીને માંસનું પાણી જરૂર નુકશાન કરે છે તેમ [illegible] રોગીને પણ માંસ ખોરાક સારો નથી. [illegible]

રોગ કરે તો ફરીવાર ડબલ તાવ આવે છે અને ઘણા ભાગે તે મરણ પામે છે. માંસ ખાનારા માણસો ફુલી જાય છે અને શક્તિ રહિત બનતાં મિજાજ ગરમ થાય છે.

(૪) શુક્કર (ભુંડ) નું માંસ ખાવાથી **"વાંકડીઆ કીરમ"** શરીરમાં ઉત્પન્ન થાય છે અને ભવિષ્યમાં તેનું મરણ થાય છે. ગાય બેલનું માંસ ખાનારને ભેજાનો રોગ ઉત્પન્ન થાય છે એવું ડાક્ટર **ટોલ સાહેબ** જણાવે છે.



જ્યોતિષ.

(દોહરા)

મંત્ર જંત્રને ઔષધી, તે તો હતે [illegible];
ઠગને છે વસુધા વિષે, ભોળા જનને જુઠ.
જ્યારે જોષિ આપની, માને વાર સુધાર;
જે દિન જોષી કપરે, તે દિન વાર કપાર.

દરેક ચોઘડીયું દોઢ કલાકનું હોય છે.

દિવસનાં ચોઘડીયાં.

રવી.	સોમ.	ભોમ.	બુધ.	ગુરૂ.	શુક્ર.	શનિ.
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચળ	કાળ
ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
લાભ	શુભ	ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
અમૃત	રોગ	લાભ	શુભ	ચળ	કાળ	ઉદ્વેગ
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચળ
શુભ	ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
રોગ	લાભ	શુભ	ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચળ	કાળ

રાત્રીનાં ચોઘડીયાં.

રવી.	સોમ.	ભોમ.	બુધ.	ગુરૂ.	શુક્ર.	શનિ.
શુભ	ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ.
અમૃત	રોગ	લાભ	શુભ	ચળ	કાળ	ઉદ્વેગ
ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
રોગ	લાભ	શુભ	ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચળ
લાભ	શુભ	ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચળ	કાળ
શુભ	ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ

સવારના ૭ વાગતાથી ૧૨ કલાકમાં ૮ ચોઘડીયાં ભોગવે છે.

બાર રાશીઓ.

(૧) મેષ. (૨) વૃષભ (વરખ) (૩) મિથુન. (૪) કર્ક. (૫) સિંહ. (૬) કન્યા. (૭) તુલા. (૮) વૃશ્ચિક. (૯) ધન. (૧૦) મકર (૧૧) કુંભ. (૧૨) મીન.

દરેક રાશીઓના મુકરર કરેલા અક્ષરો.

રાશી	અક્ષરો	રાશી	અક્ષરો
મેષના—	અ, લ, ઈ.	તુલાના—	ર, ન.
વરખના—	બ, વ, ઉ.	વૃશ્ચિકના—	ન, ય.
મિથુનના—	ક, છ, ઘ.	ધનના—	ભ, ધ, ફ, ઢ.
કર્કના—	ડ, હ.	મકરના—	ખ, જ.
સિંહના—	મ, ટ.	કુંભના—	ગ, શ.
કન્યાના—	પ, ઠ, ણ.	મીનના—	દ, ચ, ઝ, થ.

બારે રાશીઓના અક્ષરો ઉપરથી પાડેલા આઠ વર્ગો.

બિલાડો.	સિંહ.	કૂતરો.	સાપ.
ક ખ ગ ઘ ઙ,	ચ છ જ ઝ ઞ,	ટ ઠ ડ ઢ ણ,	ત થ દ ધ ન,
ઉંદર.	હરણ.	ઘેટો.	ગરૂડ.
પ ફ બ ભ મ,	ય ર લ વ,	શ ષ સ હ,	અ ઈ ઉ એ.

સમસ્ત જૈન આગેવાનોને અગત્યની અપીલ.

પ્રિય બંધુઓ !

નીચેની છેલ્લી અપીલ આપ કૃપા કરીને આપના અંતઃકરણમાં ઉતારવા તસ્દી લેશો, એવી આશા છે. કારણકે આપના જેવા સુકાનીઓ પરજ સમસ્ત જૈનોનો આધાર છે. અને તેમાંથી વર્તન થશે તો અચૂક જૈન અભ્યુદય થશે એવી ખાત્રી છે.

કન્યાવિક્રય અટકાવો !

જૈન બંધુઓમાં ઘણાં સ્થળે કન્યાવિક્રયનો અધમમાં અધમ રિવાજ ચાલે છે. પોતાની વહાલામાં વહાલી પુત્રી કે જેને પ્રેમથી પાળી પોશી મોટી કરી, પચાસ સાઠ વર્ષના બુઢ્ઢાને પૈસાની લાલચે વેચતાં શરમ આવતી નથી ! એ ખચિત ખેદ ઉત્પન્ન કરનાર છે. આવું અઘોર કૃત્ય કરતાં તેઓને જરા પણ કમકમાટી પણ છૂટતી નથી, કે મહાજનના આગેવાનોની સમક્ષ આવું ક્રૂર કાર્ય થાય, અને આગેવાનો આંખે પાટા બાંધીને, કાનમાં આંગળા નાંખી, બેસી રહે, એ કાંઈ ઓછું દિલગીર થવા જેવું નથી. ગરીબ ગાય જેવી બાર વરસની કુમળી નિરાધાર અબળાને ખાસઠ વર્ષના બુઢ્ઢા સાથે તેનાં કસાઈ જેવા મા બાપો પરણાવે. એ એક ચોરીમાં રંડાપો આપવા જેવો દેખાવ લાગે છે. વળી જ્યારે બાજઠપર બેઠેલો ડોસો વરકન્યાને ચોરીમાં ફેરવે

છે ત્યારે હાજર રહેલા મહાજનના આગેવાનોની રજા માગે છે. તે વખતે આગેવાનો ખુશીથી ફેરા ફરવા મંજુરી આપે છે. આ શું ઓછો જુલમ છે. તે ખરેખરા મહા "જન" જાણવા. આ વખતે આગેવાનોએ ખાસ અટકાયત કરવી ઘટે છે.

હજારો નિર્દોષ બાળિકાઓને આપની નજર આગળ રંડાયેલી દેખો છો. છતાં "મિયાં ઘોર જોગ અને બીબી વર જોગ" જેવા બનાવમાં તમો પ્રયત્ન કેમ કરતા નથી. એજ તમારા હૃદયની ક્રૂરતા દેખાડી આપે છે. સદરહુ કારણથી આપણી જ્ઞાતિની કેટલી બધી અધોગતિ થઈ છે. માટે હવે ચેતો! આંખ ઉઘાડો! પાંચ પચીસ જણ [illegible] એ મહા ઘાતકી રિવાજને જ્ઞાતિમાંથી નાબુદ [illegible] કન્યાવિક્રયના લીધેલા પૈસાથી જમણ જમનારા અઘોર નર્કમાં જાય છે. સાધુ મહાત્માઓએ તેવા માણસોને ત્યાંથી ગોચરી પણ [illegible] (નગરી) મંડાસવાળાને ટોપલામાં [illegible] હાથમાં તાજું મોસ [illegible] છતાં આ બંગડી [illegible] તેમાં એક માણસે તે [illegible] માટે જમીન [illegible]

[illegible] આપ્યો કે [illegible] નથી છે? [illegible] માલુમ છે? [illegible]

આ વિષય વારંવાર ઘણા વિદ્વાન વક્તાઓએ આપ સન્મુખ ભાષણ દ્વારા રજુ કરેલ છે. માટે કન્યાવિક્રય અટકાવશો! એવી મ્હારી સંપૂર્ણ ખાત્રી છે.

" હિંદમાં વિધવાઓની મોટી સંખ્યા. "

હિંદુ કોમમાં એક વરસની અંદરની વિધવાઓ ૧૦૦૦ એક હજાર છે. જુઓ આ બાળલગ્નની પેહેલી મ્હોંકાણ!

એકથી પાંચ વરસની અંદરની ૧૭૦૦૦ વિધવાઓ છે. એ બાળલગ્નની બીજી મ્હોંકાણ.

પાંચથી દસ વરસની અંદરની ૬૪૦૦૦ વિધવાઓ છે. આ બાળલગ્નની ત્રીજી મ્હોંકાણ.

દસથી પંદર વરસની અંદરની બે લાખ અને બાવીસ હજાર વિધવાઓ છે.

એકંદરે પંદર વરસની અંદર નાનીબાળ વિધવાઓની સંખ્યા ત્રણલાખ ચોવીસ હજાર છે. આપ સારી રીતે જાણો છે કે આપણી જૈન કોમમાં પણ હજારો બાળ વિધવાઓ દ્રષ્ટિગોચર થાય છે. માટે કન્યાવિક્રય બાળલગ્ન અને વૃદ્ધ વિવાહ (કજોડા કષ્ટ) બંધ કરશો? એવી નમ્ર વિનંતિ છે.

" બાળલગ્ન બંધ કરો. "

—" બાળલગ્ન " એ શબ્દજ કડવો લાગે છે. બાળ સાથે લગ્ન થવુંજ સંભવે નહિં. જે રિવાજથી જ્ઞાતિ, કોમ અને દેશને (જગતને) પાયમાલ કર્યો છે. જે બાળકો જગતમાં -કિરા પાકવા જોઇએ. તે બાળલગ્નના રિવાજથી જગતના કીડા સમાન નિર્માલ્ય થઇ, હતા ન

જેના ઘરમાં મરણું થયું હોય તે બિચારી સ્ત્રીને તો રોવા કુટવામાંજ જાય છે. સ્વર બેશી જાય છે. છાતી કુટવાથી થતાં, માંદગી આવે છે ને ઘણી સ્ત્રીઓ તે પામે છે. પિછાણવાળી સાધારણ સ્ત્રીઓ જ્યાં મરણું થયુ આવી ખોટા ખોટા લાંબા રાગડા તાણી, પ્રથમ મરી ગયેલા મા યાદ કરી છાનીજ રહેતી નથી. આવા રિવાજ તુરત બંધ કરવા દલપતરામ કવિશ્વર સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે,

માનવીઓ મરનારને નવી રોશોરે
રોયે લાભ નથી લવલેશ, ખાલી આંખો ખોશોરે.

આ શબ્દો ખરેખરા છે. રડવાથી લાભ નથી. માટે હિમ્મત રાખી બીજાઓને ધૈર્ય આપવામાંજ ખરૂં ડહાપણ સમાયેલું છે. સ્ત્રી વાયેલાં બૈરાં રડવા કુટવાના જંગલી રિવાજથી મોટા ભાગે દૂર રહે છે. જે કાળે બનવાનું હોય તે બન્યા કરે છે તેમાં મનુષ્યનું જોર નથી. આનો ખરૂં છે કે, **"કુદરત પાસે કરામત અને તગદિ પાસે તબદિર ચાલતી નથી."** જન્મ મરણ અહોનિશ ચાલ્યા જ કરે છે. માટે **"સંકટ સમયે સમયસૂચકતા રાખવી."** આ ઉપરથી દરેક સ્ત્રીઓને જાપાનની માફક કેળવશો કે જેથી ભવિષ્યની પ્રજા પણ કેળવાશે. સ્ત્રીઓને માંદગીના પ્રસંગે આજારી માણસોની આરોગ્યતા કેમ સાચવવી, તેનું જ્ઞાન મળવું જોઇએ. ખુશ્રી હવાના ફાયદા સમજાવવા જોઇએ.

" સ્ત્રી કેળવણીને ઉત્તેજન આપો. "

દેશની ઉન્નતિનો મુખ્ય આધાર સ્ત્રી કેળવણી ઉપર ટકી રહેલ

છે. સ્ત્રી એ આપણું અર્ધું અંગ છે. દાખલા તરીકે–શરીરના બે અવયવો પૈકી, એક નબળો હોય, અને જો તેને સુધારવા પ્રયત્ન કરવામાં ન આવે; તો બીજા અંગને ધીમે ધીમે ખરાબ કરે છે. અને આખરે તે શરીરનો નાશ થાય છે.

અજ્ઞાન સ્ત્રીઓને લેઇને આપણને કેટલું બધું સહન કરવું પડે છે. તે સંબંધમાં આપ સહુ સારી રીતે માહિતગાર છો.

લગ્ન જેવા માંગલિક પ્રસંગે અજ્ઞાન સ્ત્રીઓની હઠ અને મૂર્ખાઇને લેઇને, કેટલાક જંગલી મિથ્યાત્વ ક્રિયાઓને આપણે નહિ છૂટકે લેઇ, ચલાવવા પડે છે. આ પ્રસંગે જો સ્ત્રી પુરૂષ બન્ને કેળવાયેલાં હોય, તો નકામાં ઉડાઉ ખરચોની અટકાયત થતાં; ચાલુ જમાનાને યોગ્ય રિવાજો સેહેલાઇથી દાખલ કરવાનું બને છે. કે જેમાં કરકસરથી ખર્ચનો બચાવ થાય છે.

આઅદારા સ્પષ્ટ સમજાય છે કે, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અનુસરીને ચાલવું જોઇએ દરેક સ્ત્રી પુરૂષોએ હવે જમાનો ઓળખતાં શીખવું જોઇએ. પુરૂષ વર્ગ ભલે તેટલો આગળ વધેલો હોય, તો પણ જો તેનાં ઘરમાં સ્ત્રી અભણ હોય, તો તેનું પરિણામ સારૂં આવશે નહિ. ફ્રાન્સનો મરહુમ નેપોલિયન બોનાપાર્ટ જણાવે છે કે,

કહે નેપોલિયન દેશને, કરવા આબાદાન;
સરસ રીત તો એજ છે, દ્યો માતાને જ્ઞાન;

ગાડીને જોડવા બે બળદો પૈકી જો એક ખરાબ હોય તો તે ગાડીની જેવી હાલત થાય છે? ઘરમાં પુરૂષ રાજા છે. અને સ્ત્રીપ્રધાન છે. જો પ્રધાન કેળવાયેલ ન હોય, તો તે રાજ્યની બાજી બગડે છે. માટે સ્ત્રી કેળવણીને ખાસ ઉત્તેજન આપવાથીજ દેશની, કોમની,

ભાગ-૭ મો.

સ્વર્ગસ્થ શેઠ લખમશીભાઇ નપુભાઇ જે. પી.નું જીવન-ચરિત્ર.

'મુંબઇના એક જાણીતા વ્યાપારી, સુલેહના અમલદાર' અને
સ્થાનકવાશી જૈન કોમના અગ્રેસર શ્રીયુત લખમશીભાઇ નપુભાઇ
જે. પી. ગઇ તા. ૨૩ જાન્યુ૦ ૧૯૧૪ પોતાના માટુંગા ખાતેના
બંગલામાં સ્વર્ગવાશી થયા છે. તેઓનો જન્મ સંવત ૧૯૦૩ ના
વૈશાખ શુદ ૩ ના રોજ કચ્છ-બારોઇ ગામમાં થયો હતો. હેમની
બાર માસની વયે હેમનાં માતાપિતા મુંબઇ આવી રહ્યાં હતાં, જ્હાં
થોડા માસમાં હેમનાં માતુશ્રી ગુજરી ગયાં હતાં. નવ વર્ષની ઉમરે
હેમને નિશાળે મૂકવામાં આવ્યા હતા, છતાં ૧૬ વર્ષની ઉમરે મેટ્રી-
ક્યુલેશનની પરીક્ષા પસાર કરી હતી, એટલા ઉદ્યમી અને ચાલાક તેઓ
હતા. હેમનું વલણ વ્યાપાર તરફ વધારે હતું. પરંતુ વ્યાપારને ખીલ-
વવા માટે બીજું બહોળું જ્ઞાન જરૂરનું માની હેમણે થોડા વખત
ક્ષાલના ઑફિસમાં અને પછી જી. આઇ. પી. રેલ્વેની ઑડીટ
ઑફિસમાં નોકરી કરી સારો અનુભવ મેળવ્યો હતો ત્યારબાદ માત્ર
૧૮ વર્ષની વયે હેમણે વ્યાપારમાં ઝીપલાવ્યું અને તે લાઇનને એવી
તો ખીલવી અને શોભાવી કે તેથી યશકીર્ત્તિ, ધન અને પ્રજાપ્રેમની
હેમને પ્રાપ્તિ થઇ. મુંબઇ, રંગુન, મોલમીન એ ત્રણે સ્થળની હેમની



કચ્છ-મુંદ્રા ખાતે પાંજરાપોળ બાંધવામાં મરહુમે ઘણી મદદ કરી હતી. કચ્છના મહારાજાઓશ્રી પાસેથી ઓછી કિંમતે જમીન મેળવી આપીને તથા પોતાની લાગવગથી મ્હોટું ઉઘરાણું કરી આપીને તેમજ સારી વ્યવસ્થા ગોઠવીને તે ખાતાને હેમણે નમુનારૂપ બનાવ્યું હતું.

મુંબઈના સ્થાનકવાસી જૈન સંઘના તેઓ અગ્રેસર હતા અને ચીંચપોકલી ખાતે મ્હોટી કિંમતનું કુસાદે બીલ્ડીંગ ધર્મક્રિયા માટે ખરીદવામાં મરહુમ શેઠ દામજીભાઈ લક્ષ્મીચંદ જે. પી. સાથે હેમણે આગેવાનીભર્યો ભાગ લીધો હતો. ઉપરાંત કચ્છમાં કેટલીક જગાએ ધર્મસ્થાનકો બંધાવવામાં સારી મદદ કરી હતી.

"મુંગાં પ્રાણીઓ પર ગુજરાતું ઘાતકીપણું અટકાવનારી મંડળી," "લેડી નૉર્થકોટ ઑર્ફનેજ" "ડીસ્ટ્રીક્ટ બેનીવોલંટ સોસાયટી" "સેનીટરી એસોસીએસન" વગેરે પરોપકારીખાતાંઓના તેઓ ઉત્સાહી સભાસદ હતા.

સંવત ૧૯૫૪-૫૫ માં પ્લેગના ભયંકર ગભરાટ વખતે હેમણે પ્રજા તથા સરકારની ઘણી સારી સેવા બજાવી હતી ક્વૉરેન્ટાઇનના કાનુનની સખતાઈ ઓછી કરાવવામાં, પરેલ ખાતે સાર્વજનિક પ્લેગ હૉસ્પીટાલ ખોલવામાં, ચીંચપોકલી ખાતે જૈન હૉસ્પીટાલ ખોલવામાં ઇત્યાદિ કામોમાં પૈસાથી તથા જાત મહેનતથી હેમણે ઘણો સારો ભાગ લીધો હતો.

[illegible] કાળ વખતે મું[illegible] વેપારીઆલમને કરે[illegible] મરહુમ શેઠ [illegible] અનાજના [illegible] ગુજરાન [illegible]

મદદ કરવા ઊભું કર્યું હતું, જેમાં પોતે સારી રકમ ભરીને બીજાઓ પાસેથી રકમો ભરાવવા પુષ્કળ મહેનત લીધી હતી.

મ્યુનીસીપલ કારપોરેશનના પ્રતિનિધિ તરીકે તથા મુંબઈના પોર્ટટ્રસ્ટની બોર્ડ ઑફ ટ્રસ્ટીના સભાસદ તરીકે પણ તેઓએ તારીફ લાયક કામ કરી બતાવ્યું હતું. સંવત્ ૧૯૪૧માં સેસન્સના એક જ્યુરર તરીકે તેમની પસંદગી કરવામાં આવી હતી અને ૧૯૫૨ માં 'જસ્ટીસ ઑફ પીસ' (સુલેહના અમલદાર)નો માનવંતો ખીતાબ સરકાર તરફથી તેમને એનાયત કરવામાં આવ્યો હતો; તથાપિ મરહૂમ ઘણા જ સાદા અને માનપાનની દરકાર વગરના હતા. વેપારી કુનેહને લીધે તેમને ઘણીએક જૉઇન્ટ સ્ટૉક કંપનીઓના ડિરેક્ટર બનવાનું પણ માન મળ્યું હતું.

મરહૂમ, કચ્છી વીશા ઓશવાળ (સ્થાનકવાસી) જ્ઞાતિના અગ્રેસર હતા અને તેમના શબ્દને આખી જ્ઞાતિ માનપૂર્વક ઉપાડી લેતી હતી. લાયક કામની બાબતમાં જેઓને તેમની સલાહ અને મદદની જરૂર પડતી તેમને તેઓ તે ઘણી ખુશીથી આપતા અને તેથી નાનાં મોટાં બધે અને સ્વજ્ઞાતિમાં તેઓ માન પામતા.

તેમની કામમાં અમેરિકન [illegible] કેનાર પહેલા નહ તેઓ ૭૮ [illegible] અને અંગ્રેજ કેળવણી સંબંધી લોકોના મોટા વકીલ હતા. [illegible] કે [illegible] તેમને [illegible] પણ તે જ [illegible] હતા. તેમના પુત્ર મી. [illegible] : H. A. LL. R. છે તેઓ [illegible] [illegible] હીરાના [illegible] અને [illegible] છે. તેઓ પણ [illegible] [illegible] [illegible] કરે છે અને [illegible] [illegible] હાલ [illegible] છે.

સાદા, નિર્દોષ અને મિતભાષી જીવનને મરહુમ ચાહનારા હતા અને સ્વધર્મનિષ્ઠ હતા. પોતાની હયાતી દરમ્યાન તેમણે જાહેર તેમજ ગુપ્ત રીતે ઘણાં ખાતાંઓ તથા દુઃખી માણસોને મદદ કરી હતી અને સાંભળવા પ્રમાણે પોતાની પાછળ પણ તેઓ પરોપકાર માટે એક મોટી રકમ કહાડતા ગયા છે.

છેલ્લા સાતેક માસથી તેઓને જીર્ણ જ્વર લાગુ પડ્યો હતો અને છેવટે ગઇ તા. ૨૩ મીએ, પોતાની પાછળ એક વિધવા, ૨ પુત્રો અને ૪ પુત્રીઓ મુકીને તેઓ સ્વર્ગવાસી થયા હતા. તેમના આત્માને અખંડ શાન્તિ મળો !

સ્વર્ગસ્થ શેઠ નેમચંદ વરશનજીનું "જીવન-ચરિત્ર."

[illegible]

મેળવીને આગળ વધવા માટે માંગરોલમાં એક જાણીતી વેપારીની પેઢીમાં ટુંકા પગારથી નોકરીમાં જોડાયા હતા. ત્યાંથી પોતાની જાત મહેનત ખંત અને બુદ્ધિબળનાં સાધનોએ, માંગરોલ છોડીને "દેશાટનં પંડિત મિત્રતા ચ" એ વાક્યાનુસાર પરદેશગમન કર્યું અને ક્રમાત મુંબઇ કલકત્તા જેવા વર્તમાનમાં પ્રખ્યાત અને બોહોળા વેપારમાં ધીકતાં શહેરોમાં સ્થાયી થયા. પોતાની લાઇન વધારવા માટે દુકાનો ખોલી અને કમીશન એજંટનો ત્યાં ચોખાનો વ્યાપાર શરૂ કર્યો જેમાં ભાગ્યદેવીની સાનુકૂળતાના યોગે સારૂં પાસું મળ્યું વેપારમાં વૃદ્ધિ થતી ગઈ, જેમ જેમ વૃદ્ધિ થતી ગઈ તેમ તેમ ઉત્સાહ, તથા પ્રમાણિકપણાના ગુણોએ કરી રંગુન, ચીટાગ, અકીયાબ વગેરે ગામોમાં માણસો મોકલી ચોખાનો વેપાર બોહોળા પ્રમાણમાં એટલે સુધી વધાર્યો કે એકથા દોઢલાખ ગુણી એકી વખતે મુંબઇમાં ભેગી કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કર્યું, આવી રીતે જાહેરમાં સારી રીતે એક જબરદસ્ત પ્રખ્યાત નામાંકિત વ્યાપારીની ગણત્રીમાં પોતે આવ્યા. એ પ્રમાણે દુકાનોની જમાવટ કરી મુંબઇમાંજ સં. ૧૯૫૨ની સાલ સુધીમાં યથારૂચિ વેપાર-રોજગાર વધારી પ્રારબ્ધવશાત્ દ્રવ્યની પણ સારી પ્રાપ્તિ કરી લીધી. એજ વરસમાં આ પુરૂષને પૂર્વના શુભ સંસ્કારોના ઉદયને પરિણામે પોતાના આત્માના કલ્યાણ અને પરભવની કમાઈ કરવા તરફ હૃદયમાં ઉર્મી પ્રકટી આવી તેથી સં. ૧૯૫૩ ના વર્ષમાં પોતાના પુત્રો તથા જુના મુનીમોને દુકાનનો વહીવટ સોંપી ફારગ થયા એટલે હવે નિવૃત્તિ-માર્ગનું શરણ કરી. પોતાના વતન-માંગરોળમાંજ બાકી શેષ-જીવન પરોપકાર આત્મચિંતન તેમજ બીજાં ધાર્મિક ખાતાંઓ તરફ વૃત્તિ પરાયણ રાખી દ્રવ્યનો સદ્વ્યય કરવામાં વ્યતિત કરવા દૃઢ સંકલ્પ કરી મુંબાઈ છોડી માંગરોળ આવ્યા.

વેપાર રોજગારની લાઈન તરફનું પોતાનું વાનપ્રસ્થપણું (R-tirelife) ગ્રહણ કર્યા બાદ પોતાના સંકલ્પ મુજબ માંગરોલ પાંજરાપોળ ખાતામાં નિરાશ્રીત વણિકખાતાં, વીગેરે જાહેર સંસ્થાઓમાં યથાશક્તિ સારી નાણાની રકમ મદદમાં આપી આ સમયમાં જ્યારે મુંબઈમાં પ્રસિદ્ધ મહારાજ શ્રી બખ્તાવરમલજી પધારેલા, તેવી રીતે અન્ય મહારાજશ્રીઓ પધારે એવી શુભ ધારણાથી રૂ. ૧૧૦૦૦) જેવડી રકમની પુંજીમાંથી લાખ એક રૂપીઆની કીંમત સુધીનો બંગલો ચીંચ પોકલીમાં ધાર્મિક-સ્થાનક માટે ખરીદ કર્યો. આ કાર્ય માટે [illegible] ટરટીઓ હતા જેમાં પોતે તે પૈકીના ૧ હોઈ જેમખમ સાથે [illegible] સાહસ ઉપાડી તે કાર્ય સિદ્ધ કર્યું છે. જો કે આજે એજ બંગ- [illegible] ત્રણ લાખની કીંમતથી માંગણી થાય છે. [illegible] રીતે દુરંદેશી વિચારોથી દરેક કામ તેઓશ્રીએ કરેલાં છે. [illegible] કામમાં હવે પછી ઉત્પન્ન થવાં એ તો [illegible]

યાચક ગમે તે નાત, જાત કે વર્ગનો હોય તેને કોઇપણ તફાવત કે અંતર રાખ્યા વિના જરૂરિયાત પ્રમાણે તેવા લાચારોને નાણાથી, વસ્ત્રોથી, અનાજથી સંતુષ્ટ કર્યા અને એટલે સુધી કે ટાઢમાં ધ્રુજતા ગરીબોને દરેકને માફક ઠીક શરીર ઉપર ઓઢવા માટે મુંબાઇથી ખાસ ચાદરોની ગાંસડી મંગાવી આપી. ને યોજના કરી આપી. ચાદરોની બક્ષીસ કરી હતી. માંગરોળમાં પોતાની વણિક જ્ઞાતિનો કોઇપણ ગરીબ લાચાર આવે તો તેને ભોજન માટે એક વીસી ભોજનગૃહ ખોલી આપ્યું એ મહાન કાર્ય યોજવામાં પણ પોતાનો મુખ્ય અગ્રેસર ભાગ હતો તે સાથે તેવી મદદ પણ કરી ગરીબોને મફત જમાડવામાં આવતા. આ ૧૯૫૫ના દુકાળમાં નદી—નાળાંઓનાં પાણી પણ સુકાઇ ગયાં હતાં અને અત્યંત પાણીની તંગદસ્તી હતી ત્યારે માંગરોળથી ૪ માઇલ દૂર આવેલી "નોળી" નામે નદી છે. તે ઉપર એક પુલ તૈયાર કરાવવા ઇચ્છા પ્રકટી કારણકે એ રસ્તાનો—નદી ઉપરનો ભાગ ઘણા એટલો બધો દુઃકર અને કષ્ટકારક છે કે જ્યાંથી હમેશાં સંખ્યાબંધ ગાડાંઓની આવ જાવ ગીરમાંથી લાકડાં ભરી લાવે છે. તેથી થયાં કરે છે. અને આવા ભયંકર વખમાં બળદોને હદ ઉપરાંતનો બોજો તાણીએ દુર્ઘટમાર્ગ ઉપરથી પસાર થવું પડે છે જેમાં અસાધારણ કષ્ટ મુગાં પ્રાણીઓને પડે છે. તેનું નિવારણ થઇ જશે. એ મોટું ધર્મનું કામ છે તે સિદ્ધ કરવા માટે મુંબઇના સુપ્રસિદ્ધ શ્રીમાન શેઠ દીનશાહજી પીટીટ વગેરે ધનાઢ્ય–પ્રતિષ્ઠીત દયાળુ ગૃહસ્થો પાસે પોતે વાત નાંખી હા પડાવી. જે ફાળામાં પોતેપણ યથાશક્તિ સારી રકમ ભરી આપી પુલ બંધાવવાનું કામ આરંભ્યું. જાતે દેખરેખ રાખી. પુલ બંધાયો જે આજે અત્યંત ઉપયોગી મનુષ્ય તેમજ જાનવરો બન્ને માટે થઇ પડ્યો છે. નબળા વરસમાં ગરીબોની રોજી ઉઘાડી હતી.

મરહુમ શેઠ એ જો કે અંગ્રેજી કેળવણી લીધી હતી તોપણ તેવી કેળવણી લેનારા વિદ્યાર્થીઓને ઉત્તેજન અર્થે માંગરોળ, પોરબંદર, રાજકોટ, ગોંડળ, જામનગર વગેરે શહેરોમાં સ્કોલરશીપો આપી, ઉત્સાહની વૃદ્ધિ કરી, વિદ્યાર્થીઓના અંતઃકરણની આશિષ પ્રાપ્ત કરી ચૂક્યા છે. અત્રે માંગરોળમાં બંદર ઉપર વસવાવાળી ખારવા વર્ગની જાતના ખલાસી લોકોના છોકરાંઓને ૨ માઇલ ચાલી માંગરોળમાં નિશાળેથી કેળવણી લેવી એ કષ્ટદાઇ તેમજ સ્થિતિમાં પણ સામાન્ય જેથી તેવા લોકોને ખાસ લાભ મળે એવી અને કેળવણીને ઉત્તેજન આપવાની પોતાની ઉચ્ચભાવના સાથે અંતરગત ધાર્મિક લાગણીને લીધે બંદર ઉપરજ એક નિશાળ ખાસ ખારવાઓ માટેજ ખોલી આપી. અને તેમાં માસ્તર વિગેરે નિભાવણી માટેની યોજના કરી એક સામાન્ય ફંડ પોતાનાંજ નાણાથી કરી આપ્યું તે હજુ ચાલે છે.

મરહુમ શેઠને પોતાની જ્ઞાતિ તથા ધર્મ બન્ને માટે બહુજ અભિમાન ગૌરવ હતું. એટલે સુધી કે બાહારગામ ઝાલાવાડ વગેરે મુલક તરફ પોતાના સ્થાનકવાસી ધર્મ પાળનારાં પુરૂષ–સ્ત્રી વર્ગને ઉચકા તરીકે ચોકસ ગૃહસ્થ મારફત નાણાંની મદદો કરેલી છે. કેટલીક વિધવાઓ માટે જીંદગી પર્યંત ચાલી શકે તેવી રકમની ગવર્મેન્ટ નોટો તેણીને નામે ચડાવી આપી છે. એ રીતે પોતાના ધનનો પરોપકારી ધર્મનાં કાર્યોમાંજ જેણે ઉપયોગ કર્યો છે તે અમર છે. કેમકે તેવી મદદ લેનાર દરેક માણસ ધર્મ–ક્રિયામાં કાયમ રહે અને મરહુમના કલ્યાણમાંજ આશિષ આપ્યા કરે છે જે આ ભવ સાથે પરભવની કમાઇ પોતે તો પ્રાપ્ત કરી ચૂક્યા છે.

મરહુમની કુટુંબ વત્સલતા માટે દૂર દૂરના સગા સંબંધમાં જેઓ ગરીબ છે તેવાં તેમજ નિરાશ્રીત વિધવાઓ માટે પોતે જાતે નાણાંની

રકમો આપી મદદ કરેલી ઉપરાંત, કુટુંબની કોઇ વિધવા માટે ચોક્કસ નાણાંની રકમો મુકરર કરાવી છે. એટલા ઉપરાંત-કુટુંબ, કે જ્ઞાતિ સિવાય જાહેર સખાવત તો પ્રસિદ્ધ પણ હોય છતાં શેઠજીનો ગુપ્ત-દાનની સખાવત પણ તેટલી હદ્દોજ એટ હતી તેવા કોઇ અયાચક-વ્રતધારી-ગૃહસ્થોને ઘેર બેઠે તમામ યોગક્ષેમ પૂરૂં પાડવામાં તેઓશ્રીએ પોતાનો હાથ કદાપણ સંકોચ્યો નથી એટલે સારી રીતે જાણીતું છે. ધર્મ-પરોપકાર—ખાતાને કેવો છતાં પોતા પાછળ રૂા. ૨૦૦૦૦)ની રકમ ખાસ તેવાજ શુભ કાર્ય માટે જુદી કાઢેલી છે. આ પ્રકારે જે પુષ્કળ અસાધારણ રકમનો વ્યય માત્ર ધાર્મિક-પરોપકારમાંજ કરેલો છે તે તેઓની દુનિયાની કીર્તિમાં વિશેષ ઉમેરો કરે છે. અસ્તુ!

શેઠ નેમચંદભાઇ ધર્મચુસ્ત હતા ને સાથે સાધુઓની ભક્તિ-સેવા કરવામાં ઉદાર અને ઉત્સાહી હતા. બંધ થતા નહતી. એટલે ઉંચા ઘણાં વરસોનું જેણે પોતાનું જીવન લગભગ ધર્મ-પરાયણ વૃત્તિ-માંજ વ્યતિત કરેલું એને શુભ પરિણામે વૃત્તિ થતાં થતાં એકવાર થતાં થતાંજ પોતાના નશ્વર દેહનો ત્યાગ કર્યો છે.

આવા એક સદ્ધર્મી અદ્વિતીય નર રત્નના વિયોગથી સંઘ નેમચંદ ભાઇને અત્યારે સાથ એનો આદર્શ નથી. છતાં હવે આપણે સર્વદા ઇચ્છીશું કે સ્વર્ગસ્થ શેઠના આત્માને નિરંતરની શાંતિ મળે અને તેમના પુત્રો પણ બીજાઓ કરે શુભ વિચારોને અનુસરી દુનિયામાં ધર્મ અને ખાનદાની કીર્તિમાં વધારો વૃદ્ધિ કરી શકશો નિવૃત્ત!

જોધપુરના કેટલાક સ્વધર્મીઓના નિર્વાહાર્થે દરમહિને પોણોસો રૂપિઆનો ખર્ચ ઘણા વર્ષથી કરવામાં આવે છે. અને તે સ્વધર્મીઓ નિરંતર સામાયિક, નવકાર મંત્રના જાપ આદિ ધાર્મિક અનુષ્ઠાન કરે છે. આવીજ પ્રવૃત્તિ રતલામ, અજમેર તેમજ અન્ય દુકાન ઉપર ચાલુ છે.

ઉપર દર્શાવેલાં ધર્માદાનાં કાર્યો હરહમેશ ચાલુ રહે એવા હેતુથી શેઠ સાહેબે પોતાના સ્વર્ગવાસ પહેલાં પોતાના બીલમાં રૂ. ૬૦૦૦૦) જેવડી ગંજાવર રકમ ધર્માદા ખાતે કાઢી છે.

તેઓના સ્વર્ગવાસથી આપણી કોમમાં ઘણી મોટી ખોટ પડી છે જે કોઈ રીતે પુરાય તેમ નથી.

મર્હુમ પોતાની પાછળ ચાર પુત્રો અને બે પુત્રીઓ મુકી ગયા છે. સૌથી મોટા કુંવર શ્રી ઘનસ્યાંમદાસજી છે. તેમનાથી નાના કુંવર શ્રી છગનમલજી સાહેબ છે કે જેઓ કોન્ફરન્સના ઑનરરી સેક્રેટરી છે તેમજ અજમેરના ઑનરરી મેજીસ્ટ્રેટ અને મ્યુનિસીપલ કમીશનર છે. તેમનાથી નાના કું. મગનમલજી તથા પ્યારેલાલજી છે. ચારે ભાઈઓ સંપૂર્ણ લાયક છે. જેઓ પોતાના સ્વર્ગસ્થ પિતાશ્રીનાં પારમાર્થિક કાર્યોનું અનુકરણ કરતા રહી તેમની ઉજ્જવળ કીર્તિમાં ઓર વધારો કરે એજ અમારા મનોભાવના છે.

અન્તરમાં અમો ઇચ્છીએ છીએ કે મર્હુમના અમર આત્માને શાશ્વત શાન્તિ મળો.



धर्मात्मा शेठ श्री अमरचंदजी साहेब.

पीतळीयाजी - रतलाम.



श्री साधुमार्गी जैन संघना जाणीता.

आगेवान गृहस्थ.

"શ્રીમાન શેઠ અમરચંદજી સાહેબનું સંક્ષિપ્ત જીવનચરિત્ર."

(લેખકઃ—ગૌરીશંકર આશારામ કવી—અમદાવાદ.

રતલામના જાણીતા ધર્માત્મા શ્રીમાન્ શેઠ અમરચંદજી સાહેબ પોતાના શ્રી સાધુમાર્ગી જૈનસમાજમાં એક નામાંકિત પુરુષ થઇ ગયા છે. જેઓએ માત્ર એક વખત આ સંખી ગૃહસ્થનો પરિચય કરેલો છે. તેઓ પણ તેમની વિદ્વતા, ન્યાય દ્રષ્ટી, ભૂતદયા, અને વિનયાદિક ઉત્તમોત્તમ ગુણોની મુક્ત કંઠે પ્રશંસા કરી રહ્યા છે તથા તેઓના હૃદયમાં એ શાણા શેઠની છાપ જેવીને તેવી વિદ્યમાન છે.

શ્રીમાન્ અમરચંદજી સાહેબ ધાર્મિક બાબતોમાં જેવા શ્રેષ્ઠ અને સુપ્રસિદ્ધ હતા તેમજ નૈતિક અને સાંસારિક કાર્યોમાં પણ તેઓશ્રીએ અત્યંત ઉચ્ચતા પ્રાપ્ત કરેલી હતી. આવા નરરત્નનું જીવનચરિત્ર જાહેર થાય તો તે અત્યંત ઉપયોગી અને લાભદાયક નીવડે એ નિઃસંશય છે, પરંતુ દીલગીરી માત્ર એટલીજ છે કે તેઓશ્રીનું સંપૂર્ણ જીવનચરિત્ર ન મળવાથી તેઓશ્રીના કુમાર સાહેબ તરફથી હાથનાં લખેલી હોટી કાગળોમાં ઉપરથી મળી આવેલી કેટલીક બાબતોને આધારે આ સંક્ષિપ્ત જીવનચરિત્ર સમાજ સેવામાં રજુ કરવાને લખવામાં આવ્યું છે.

શ્રીમાન શેઠ સાહેબ અમરચંદજી પીતળીયાજીના પિતા વરદીચંદજી પિતાશ્રીનું નિવાસ સ્થાન નાથમાથ હતું. તે પણ તે ગામના

શેઠ આબરૂદાર અને પ્રતિષ્ઠિત શ્રીમંત વર્ગમાં ગણાતા હતા. તાલ-ગ્રામ એ મારવાડ દેશના જાવરા જીલ્લાનું મુખ્ય અને પ્રથમ શ્રેણીનું ગામ છે. જાવરા જીલ્લામાં શેઠ વરદીચંદજીની કીર્તિ સુપ્રસિદ્ધ છે. અને મેવાડ દરબારમાં પણ તેમનું નામ પ્રતિષ્ઠિત પ્રતાપી પુરૂષ તરીકે પંકાયલું છે તેમના પૂર્વજો મેવાડ દેશના કુમ્ભલગઢના રહીશ હતા. ત્યાંથી તેઓ તાલગ્રામમાં કેમ આવી વસ્યા અને તેમનું 'પિતલીયા' ગોત્ર શાથી પડ્યું તે સંબંધી કેટલીક હકીકત અત્રે જણાવવાની આવશ્યકતા છે.

શેઠજી વરદીચંદજીના વડીલો મેવાડમાં રહેતા હતા. ત્યારે રાજ્યમાં એક વખત લડાઈ જાગવાથી તોપોની બનાવટમાં પિત્તળની ઘણી જરૂર પડી. જેથી મહારાણા સાહેબે તેમને સર્વ સ્થળેથી બની શકે તેટલું પિત્તળ એકઠું કરવાની ફરમાશ કરી. પરંતુ ચાલતી લડાઈને લીધે બહાર ગામથી પિત્તળ આવી શક્યું નહીં અને શહેરમાં તેટલું હતું પણ નહિ. જેથી શેઠજીએ દેવીનું આરાધન કર્યું. જગ-[illegible] શ્રી [illegible] ભગવતી દેવીએ પ્રસન્ન થઇને પિત્તળની [illegible] પ્રગટ કરી. મહારાણાને તોપોના કાર્યમાં ફતેહ મળી. અને તે માટે સંગ્રામમાં પણ શત્રુ સન્મુખે સંતોષકારક વિજય મેળવ્યો. [illegible] કરીને મહારાણાએ શેઠજીની સારી કદર કરી તેમને 'પિત્તળીયા' નો ઇલકાબ આપ્યો—ત્યારથી તેમના વંશજો પિત્તળીયા કહેવાય.

[illegible] આ વંશમાં [illegible] શેઠ [illegible] મેવાડ છોડી [illegible] તાલગ્રામમાં આવી વસ્યા. અને ત્યાં તેમને અપૂર્વ લક્ષ્મી [illegible] [illegible] [illegible]

એજ શ્રીયુત શેઠ માણેકચંદજીને પોતાની સઘળી સ્થાવર જંગમ મિલકતના વારસ ઠરાવ્યા. આ શેઠ ઘણા ઉદાર ધાર્મિક; અને દયાળુ હોવાથી તેમણે ચારે બાજુએ પોતાની પ્રગાઢ કીર્તિ ફેલાવી. અને રાજ્ય તરફથી પણ સારૂં સન્માન મેળવ્યું. તેમને ત્રણ પુત્ર રત્ન હતા. (૧) હીરાચંદજી (૨) રૂપચંદજી,-અને (૩) વરદીચંદજી આપણી આખ્યાયિકાના નાયક અમરચંદજી તે શ્રીયુત શેઠ વરદીચંદજીના સુપુત્ર છે.

શેઠ વરદીચંદજી સાધુમાર્ગી જૈનધર્મના દૃઢ અનુયાયી હતા. અને વ્યાપાર રોજગારમાં પણ તે ઘણા કાબેલ હતા. તેમની સાહસિક વ્યાપાર કુશલતાને પરિણામે તેઓ તાલગ્રામ સીવાય રતલામ, ખાચરોદ, અને મન્દસોર આદિ જગાએ પોતાની શાખા દુકાનો સ્થાપિત કર્યા હતા. તેમના શુભલગ્ન રતલામ નિવાસી સુપ્રસિદ્ધ શેઠ હુકમીચંદજી રૂપચંદજીના વંશના શેઠ હેમરાજજી મુણોતની કન્યા સાથે થયાં હતાં. આ કન્યા ઘણી સુશીલા, અને બુદ્ધિમતી હતાં. તેમનાજ ઉદરથી આપણા ચારિત્ર નાયક શેઠજી અમરચંદજીનો જન્મ વિક્રમ સંવત ૧૯૦૦ નાં ચૈત્રવદી ૧૩ ના રોજ થયો હતો જન્મનારના પૂર્વના પુણ્યમય સંસ્કારેથી આકર્ષિત થઈને શેઠ વરદીચંદજીએ પુત્ર જન્મે મહોત્સવ ભારે સમારોહથી ઉજવ્યો હતો. શેઠ સાહેબ અમરચંદજી બાલ્યપણથીજ ચંચળ, ઉત્સાહી, તથા વિદ્યાપ્રેમી હતા. તેમણે ન્હાની ઉમરમાં પોતાનો વ્યાપારોપયોગી વિદ્યાભ્યાસ સમાપ્ત કર્યો હતો. સંવત ૧૯૦૨ ની સાલમાં તેમનાં માતુશ્રી સ્વર્ગવાસી થવાથી તેમનું પિતૃ નિવાસસ્થાન તેમની નાનીજીનું ગામ રતલામ બન્યું હતું. શેઠજીને વિદ્યાભ્યાસ પણ ત્યાંજ થયેલો હતો. તે વખતે રતલામમાં ધર્મ પૂજ્યનો પ્રચાર હોવાથી શેઠજી પણ પોતાના સહચરો

સાથે મંદીરમાં પૂજન અર્ચનાદિક કરવા જતા. પરન્તુ સ્વાભાવિક રીત જ શેઠ બહુ વિવેકી હોવાથી અને તેમનાં ઉત્પાદ બુદ્ધિની પ્રબળતા હોવાથી સત્યાસત્યને નિર્ણય કરવાને તે બહુજ આતુર રહેતા હતા.

સંવત ૧૯૧૧ ની સાલમાં પૂજ્ય જૈનાચાર્ય શ્રીમદ્ ધર્મદાસજી મહારાજના સંપ્રદાયના પંડિતરાજ મુનિશ્રી કનીરામજી મહારાજ તાલગ્રામમાં પધાર્યા તે વખતે શેઠ સાહેબ પણ ત્યાંજ હતા. મુનિમહારાજનું આગમન સાંભળતાં શેઠજી તેમનાં વંદનાર્થે આવ્યા. તથા અનેક પ્રકરના સંવાદરૂપી પ્રશ્નોત્તર અને તત્વા તત્વનો નિર્ણય કરવા લાગ્યા. શેઠજીની પ્રબળ ઉત્કંઠા, તથા ચતુર્યતા જોઈ મુનિમહારાજે પણ તેમને ભિન્ન ભિન્ન પ્રકારને ખુસાસો કર્યો. અને સત્યધર્મનુ સ્વરૂપ સમજાવ્યું. શેઠજીએ તરતજ સત્યધર્મને સ્વીકાર કર્યો. અને પોતે મુનિશ્રીના મતને સંમ્મત થયા. આ વખતે તેમની ઉમ્મર ૧૧ વર્ષની હતી. અને તેમણે સાંસારિક અભ્યાસ પૂર્ણ કરી દુકાનના કાર્યમાં પણ માથું મારવા માંડયું હતું.

શેઠજીને પ્રથમ વિવાહ સંવત ૧૯૧૩ ની સાલમાં રતલામ નિવાસી શેઠ જરમજી ગાંધીની કન્યા સાથે થયો હતો. પરંતુ તે થોડા વખતમાં ગુજરી જવાથી સંવત ૧૯૧૯ ની સાલમાં શેઠજીનાં દ્વિતીય લગ્ન શ્રીયુત્ જવેરચંદજીનાં પુત્રી જડાવ કુંવરબાઇ સાથે થયાં. આ બાઈ ઘણાં હિમ્મતવાન બુદ્ધિશાળી, અને ધાર્મિક વૃત્તિવાળાં નારી રત્ન હતાં.

નાની ઉમ્મરથી લઇને આજલગી શેઠજીએ પિતાશ્રીના મદદનીશ તરીકે દુકાનનું કાર્ય ચલાવ્યું તે દરમ્યાનમાં શ્રીમાન્ શેઠ વરદીચંદજીએ પુત્રની પાકી બુદ્ધિ અને કાર્ય કુશળતાથી ખુશી થઇ સં. ૧૯૧૬ ની સાલમાં રતલામની દુકાનને કુલ કારોબાર સોંપ્યો. અને ત્યારથી

શેઠ અમરચંદજીએ તે દુકાનનો ચાર્જ સ્વીકારી પિતાને પગલે પગલે ચાલી, એવી કુશળતાથી કાર્યવાહી ચલાવી કે અલ્પ સમયમાં તેમનો વ્યવહાર, અને વિપુલપણે વિસ્તાર પામ્યો ધીરે ધીરે તેમની પ્રગાઢ બુદ્ધિ સત્ય નિષ્ઠા, અને વ્યવહાર દક્ષતાનો પ્રભાવ સર્વ વ્યાપારી વર્ગમાં એટલો બધો વધી પડયો કે વ્યાપાર સંબંધની કમિટીની મંજુરીનું કોઈ પણ કાર્ય શ્રીમાન્ શેઠ અમરચંદજીની હાજરી સીવાય થતું નહિ.

જ્ઞાતિ બીરાદરીમાં પણ શેઠ સાહેબનો પ્રભાવ ઉચ્ચ દરજ્જાનો હતો. અને ઘણાંક મુશ્કેલી ભર્યાં કામોનો નિકાલ પણ તેમણે સરલતાથી કરી આપ્યો હતો. જેથી જ્ઞાતિ ગણો તથા સરકાર દરબાર તરફથી શેઠ સાહેબને જ્ઞાતિપંચ તરીકે નિમવામાં આવ્યા હતા. જ્ઞાતિ પંચાયતમાં દાખલ થઈને પણ આ ભલા હૃદયના દયાળુ શેઠે અનેક નરનારીઓનો ભારે મુશ્કેલીમાંથી ઉદ્ધાર કર્યો હતો. શ્રીમાન્ શેઠ સાહેબે જ્ઞાતિ પંચાયતમાં આપેલા ચુકાદાઓની મ્હોટા, મ્હોટા હાકેમો એ પણ મુક્ત કંઠે પ્રશંસા કરી છે.

ધાર્મિક વિષયોમાં શેઠ સાહેબની વૃત્તિ ઘણાજ ઉચ્ચ પ્રકારની હતી. હમેશાં તેઓ નવું જ્ઞાન મેળવવાને ઉત્સુક રહેતા. જ્ઞાનવૃદ્ધિ કરવામાં તેઓ એટલી બધી કાળજી ધરાવતા, કે જ્યારથી તેમને સત્ય ધર્મની પ્રાપ્તિ થઈ, ત્યારથી તે પોતાનો ઘણો ખરો વખત સદ્ગુરુના સમાગમમાંજ વીતાવતા હતા. ગુરુસમિપે તેમણે અનેક સદ્ગ્રંથોનું અધ્યયન કરેલું હતું. તેમનું ગ્રંથાવલોકન અને શાસ્ત્ર શ્રવણ તદ્દન જુદાજ પ્રકારનું હતું. બીજાઓની માફક પાનાં આડાં અવળાં ઉથલાવી પોપટીયા જ્ઞાન પ્રાપ્ત કરી, પોથીમાંનાં રીંગણાં જેવું નહોતું. તેઓશ્રી જે જે ગ્રંથ વાંચતા, અને જે જે શાસ્ત્રાર્થ શ્રવણ કરતા તેને તે બરાબર ધ્યાનમાં લેતા, અમુક વાક્ય અમુક જગ્યાએજ કેમ

આવ્યું ? તેનો તે જગ્યા સાથે શો સંબંધ છે ? શો આશય છે ? અને કેવા પ્રકારનું વાકમ છે ?—આદિ–અનેક પ્રકારના લોમ–વિલોમ હેતુ, ન્યાય, દૃષ્ટાંત, તર્ક, વિતર્ક વગેરેથી તેનું સરલતા પૂર્વક સમાધાન કરતા. તેમ છતાં ન સમજાય તો ગુરૂજી અને અનુભવી આચાર્યો પાસેથી તેનો ખુલાસો મેળવતા. આથી તેમનું અનુભવ જ્ઞાન એટલું બધું વધી ગયું હતું કે કોઈ કોઇ વખતે તે ઘણા કઠણ અને ગુઢ પ્રશ્નોના ખુલાસા સરલતા ભરી રીતે આપીને જૈનસમાજને અજાયબીમાં ઉતારતા.

રતલામ સંઘની ધાર્મિક જ્ઞાનની અભિવૃદ્ધિ તરફ શ્રીમાન્ શેઠ સાહેબ ઘણુંજ ધ્યાન આપતા. કોઇ પણ ધાર્મિક બાબતમાં પોતે આગળ પડતો ભાગ લેતા. જેથી ઘણા નામાંકિત પંડિતરાજ તથા મુનિ મહારાજોનું રતલામમાં આવાગમન થતું. અને શેઠસાહેબ તેઓ શ્રી પ્રત્યે સંપૂર્ણ ભક્તિભાવ દર્શાવી; ઉચ્ચ કોટીના આદર સત્કારથી તેઓને વધાવી, તેમની પાસેથી અમૂલ્ય જૈન સિદ્ધાંતોનાં રહસ્યમય ગુપ્ત તત્વોની શોધ મેળવીને આનંદ પામતા. પહેલાં સંઘના અગ્રેસર તરીકે શેઠ સયાચંદજી કટારી, તથા શેઠ નાથાવર્ધ ભાણજી હતા. તેઓ સાધુ, મુનીરાજની આગતા સ્વાગતા, અને સંઘનું કાર્ય યથાયોગ્ય ચલાવ્યે જતા હતા. તેઓએ શ્રીમાન્ અમરચંદજીની ઉચ્ચ કોટિની ધાર્મિક લાગણી જોઇ, પોતાના અવસાન સમયે સંઘનું અધ્યક્ષપદ તેમને સોંપ્યું. અને પંચાયતી કોથળી પણ તેમને ત્યાં રાખવામાં આવી. શ્રીમાન્ શેઠજીએ વૃદ્ધોની આજ્ઞા શિરોધાર્ય કરી, સંઘની સેવાને સ્વફરજ સમજી, તન, મન, અને ધનથી સંઘની સેવા એવી બજાવી કે સર્વજનોને સ્વલ્પ સમયમાં સારી રીતે સંતોષ્યા. સર્વ કોઇ શેઠજીને સંઘના નેતા તરીને પૂજ્ય ભાવથી માન આપવા લાગ્યાં. અને શેઠજીએ

પણ પોતાની બુદ્ધિ મતિ અનુસારે ખર્ચનો વધારે ભાગ પોતાના તરફથી કાઢીને ગ્રંથની શ્રેષ્ટતા વધારી દીધી. આવી રીતે જ્ઞાનવૃદ્ધિ, અને સંઘ સેવામાં શેઠજી અત્યંત ઉત્સાહી બનવા લાગ્યા. અને જે વખતે દેશમાં 'કોન્ફરન્સ'નો પવન પણ નહોતો. કોન્ફરન્સનું મંડલ પણ કોઇ જાણતું નહોતું, તેમ જાણવાનું સાધન પણ નહોતું. તે વખતે એટલે સં. ૧૯૪૨ ની સાલમાં ધાર્મિક અને નૈતિક જ્ઞાન પ્રચારાર્થે શેઠજી સાહેબે રતલામમાં કોન્ફરન્સ ભરીને એક પાઠશાળા ખોલી. તેની શરૂઆત તો ઠીક ચાલી. પરંતુ વચમાં બાળકોની સંખ્યા થોડીઘણી ઘટી ગઇ. જેથી મેમ્બરોને અભ્યાસ કરાવીને પણ શેઠજીએ અખંડ ઉત્સાહથી પાઠશાળા ચાલુ રાખી. "ધીરજનાં ફળ મીઠાં." એ ન્યાયે સં. ૧૯૫૩ ની સાલથી આ પાઠશાળાની સારી કદર થવા લાગી. શેઠજીની ઉત્સાહી વૃત્તિની સારી પ્રશંસા થઇ. અને અનેક બાળકો તથા યુવકો એ પાઠશાળામાં અભ્યાસ કરવા આવવા લાગ્યા. અને ધાર્મિક તથા જ્ઞાની બની પોતાનું જીવન કર્તવ્ય પથે વાળવા લાગ્યા. એટલુંજ નહિ પણ અભ્યાસ કરનારાં બાળકોમાંથી કેટલાક તો ઉન્નતિના શિખર બિંદુ ઉપર પહોંચીને પાઠશાળાનું ગૌરવ દીપાવવા લાગ્યાં. જેની અનેક દેશ બંધુઓએ મુલાકાત લઇને મુક્ત કંઠે પ્રશંસા કરેલી છે તે પાઠશાળા આ છે. અને હજી પણ તે ઉત્સાહમાં સારી રીતે ચાલે છે.

રતલામની પાઠશાળા નિર્વિઘ્ને ચાલતી જોઇ પછી પાઠશાળાની પ્રબન્ધ કારિણી કમીટી સાથે પ્રયાસ કરીને શેઠજીએ જાવરા, ખાચરોદ, સંમેર, ઉજ્જૈન, ઇંદોર, ધાર, મહિદપુર, વિગેરે અનેક સ્થળોએ પાઠશાળાઓ ખોલીને સ્વધર્મિ બંધુઓને શિક્ષણની સગવડ કરી આપી. ઉપરોક્ત પાઠશાળાઓમાંથી કેટલીક તો હજી પણ ચાલે છે.

થઇ પડતી હતી. છપ્પનનાં ભયંકર દુષ્કાળ વખતે પોતાની પ્રાઇવેટ મિલકતમાંથી ઘણાં ગરીબ માણસોને તેઓશ્રીએ આશ્રય આપ્યો છે. પોતે બહુજ સાદા માણસ હતા. લાખો રૂપીયાની પુંજી છતાં તેઓશ્રીનો સ્વભાવ હમેશાં આનંદમય રાખતા હતા.

આવા એક પરમાર્થિ અને ચુસ્ત ધાર્મિક બંધુના સ્વર્ગવાસથી સૌ કોઇને ખેદ થાય એ સ્વાભાવિક છે. શ્રી વિરપરમાત્મા મરહુમ શેઠશ્રીના અમ્મર આત્માને સ્વર્ગમાં અખંડ શાન્તિ આપે એવી સદરહુ પુસ્તકના કર્તાની પ્રાર્થના છે.

મરહુમનું "જીવનચરિત્ર." મળી નહિ શકવાથી દાખલ થયું નથી.

પાંજરાપોળના ચુસ્ત હિમાયતી મરહુમ વોરા થાવરભાઇ ભાઇચંદ વઢવાણ સિટી.

મરહુમ વેરા થાવરભાઈ ભાઈચંદ વઢવાણ શહેરના સુપ્રસિદ્ધ ખાનદાન કુટુંબના શ્રી વિશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન હતા. પોતાને પરમાત્માની કૃપાથી બુદ્ધિ અને લક્ષ્મિ સારી છતાં બહુજ સરલ અને પાંજરાપોળના ચુસ્ત હિમાયતી હતા. તેઓશ્રીનો જન્મ સંવત ૧૯૧૪ ના ચૈત્ર સુદિ ૧ ના રોજ થયો હતો. સંવત ૧૯૭૦ ના ભાદરવા વદી ૮ નાં દિવસે તેઓશ્રી સ્વર્ગસ્થ ... આત્મા ... ૨.૨.૨.૨ થઇ ગયેલ હતા.

આપણી ઉન્નતિમાં આડે આવતી સ્ત્રીઓની અજ્ઞાનતા દૂર કરવા માટે આપણે શા શા ઉપાયો લઇ શકીએ તે જોઇએ.

૧. નાની બાળાઓને પૂરી કેળવણી નહિ આપતાં ઝટપટ નિશાળેથી ઉઠાડી લઇ તેમનાં બાળલગ્ન કરવામાં આવે છે અને એ લગ્નો ઘણીવાર કજોડાનાં નીવડે છે. એથી કરીને છોકરી કેળવાયા પહેલાં અને ગૃહિણી તરીકેની ફરજ સમજ્યા વિના ગૃહિણી થાય છે અને પરિણામે આખો ભવ અજ્ઞાનતા અને ક્લેશમાં ગાળે છે, અને આવી માતાઓની સંતતિ કેવી થાય તે ખુલ્લુંજ છે.

૨. કન્યાવિક્રય, સાટાં અને વૃદ્ધ વિવાહના પરિણામે બાળાઓ બાલ્યાવસ્થામાંજ વિધવા થાય છે, અને બીજી અજ્ઞાન સ્ત્રીઓ કરતાં વિધવાઓની દશા બહુજ દયાજનક છે. શહેરના વસવાટથી કેટલીક કોમોમાં વિધવાઓની દશાઓ કંઇક ઠીક થતી જણાય છે પણ ગામડામાં રહેતી બીજી અશિક્ષિત વિધવાઓની સ્થિતિ હજી કમકમાટ ઉપજાવે એવી છે. કેટલીક વિધવાઓ ગરીબાઇથી ત્રાસી આપઘાત કરે છે. કાંતો દુરાચારને પંથે પડે છે અગર કેટલીક સારી સ્થિતિની વિધવાઓ કેળવણીના અભાવે પોતાના સમય અને ધનનો દુરૂપયોગ કરે છે. આ કૉન્ફરન્સ તરફથી પ્રૉ. કર્વેનાં પુનાનાં વિધવાશ્રમ જેવાં વિધવાશ્રમો ખોલી તેમાં વિધવાઓને ધાર્મિક, સામાજીક, નૈતિક, હુન્નર ઉદ્યોગનું અને માંદાની માવજતનું શિક્ષણ સારી રીતે આપવામાં આવે તો આ વર્ગ આગળ જતાં કેળવાઇને લોકોપકારક ઘણાં કામો કરી આ ભવ અને પરભવ સુધારી શકે.

ગૃહસ્થો ! કેળવણી શબ્દનો અર્થ **નિશાળમાં** જઇ ભણવું **એવો થતો નથી પણ પોતાનું કર્તવ્ય કરવાને સંપૂર્ણ રીતે લાયક થવું એવો થાય છે.** કેળવણી લઇ નકલી ફેશનની ટાપ-

રીતે તથા આપને [illegible] કેળવણી [illegible]
[illegible] ગૃહિણી, [illegible]
આપનાર થઈ શકે એમ છે.

કાર્યેષુ મંત્રી કરણેષુ દાસી, ભોજ્યેષુ માતા શયનેષુ રંભા

એ જુઓ! [illegible] કેળવણીને [illegible] [illegible] વિદ્યાલયના [illegible] [illegible] કે રાજ્યમાન [illegible] ન બનશે [illegible] ન બનશે, ઘરસ્ત્રીઓનાં મોટી મોટી જોઈ પૂર્ણ [illegible] તેના ઘરનો આપવા [illegible] ન બનશે [illegible] પાણી જરૂરતને રીતે પણ પવિત્ર કરવે [illegible] ન [illegible], ધર્મ અને નીતિનો ઉપદેશ આપે અને [illegible] પોતાનોજ ધર્મ ન જાણે, તથા નીતિથી ન ચાલે, [illegible] ઈશ્વરી આદિ પણ આત્માનમાં [illegible] ન [illegible] અમારે ન જોઇએ. શ્રીયુત ગોવર્ધનરામભાઇ [illegible] અહીં કહેવરાવે છે કે અમે અમારી બુદ્ધિ રસોડામાં બાંધીશું [illegible] કે રસોઇનું કામ કઈ શકતું નથી. તમારાં સાધન [illegible] અને [illegible] રાખી આપશો તો તમારા ઘરને ઠેકાણે મહેલ રચીશું, તમારા [illegible] તમારા જેવા કરી આપીશું [illegible] કામ કરશે [illegible] કોઈ આવશેજ આવશે.

કેળવણી કેવા પ્રકારની આપવી જોઈએ.

ગૃહસ્થો ! કેળવણી આપવાની આવશ્યકતા અને [illegible] અભાવે આપણા સ્ત્રી સમાજનું હાલનું દુઃખદ ચિત્ર [illegible] રજૂ થયું છે ને તેનો ઉપાય કેળવણી સિવાય બીજો નથી.

કન્યા, બાળા, પ્રૌઢા, ગૃહિણી અને માતા એ [illegible]

જ્ઞાનસુ નીર ભરી સરિતા, સુર ધેનુ પ્રમોદ શું ખીર નિધાવી;
કર્મ જયૌ વ્યાધિ હરંત સદા, અંગમેલ હરંત શિયાકર માની;
જૈન સિદ્ધાંતકી જ્યોત ખડી, સુર દેવ સ્વરૂપ મહા સુખ દાની
લોક અલોક પ્રકાશભયે, મુનીરાજ બખાનત હે જિન વાણી.
શોભત દેવ વિષે મઘવા, ઉડુ વૃંદ વિષે શશિ મંગળકારી;
ભુપ સમોહ વિષે બળે ચક્રિ, પતિ પ્રગટ બળે કેશવ ભારી;
નાગનમેં ધરણેંદ્ર વડો ઓર હે, અસુરનમેં ચમરેંદ્ર વિધારી;
યું જિનશાસન સંઘ વિષે, મુનિરાજ હિયે શ્રુતજ્ઞાન ભંડારી.

કવિત.

કૈસે કહે કેતમી કરેણુ એક, કહો જાત.
આક દુધ ગાય દુધ અંતર ઘણેરા હે;
રિરિ હોત પાળી પણ, હોંસ કરે કંચનકી,
કહાં કાગ વાણી કહાં કોયલકી ટેર હે;
કહાં ભાનું તેજ કહાં આગિયો બીચારો કહાં,
પુનમકો અજવાળો કહાં અમાસ અંધેરા હે;
પક્ષ છોડ પારકા નિહાળ દેખો નૈન કર.
જૈન વેણ ઓર વેણ અંતર ઘણેરા હે. ૧

વીતરાગ વાણી સાચી મુગતકી નિશાની ન્હા,
સુકૃતકી ખાની જ્ઞાની આપ મુખ બખાની હે;
જિનકું આરાધ કે તરીયા હે અનંત જીવ,
એસી નિહાલ જાણ સરોવા મન આની હે;

જ્ઞાનસુ નીર ભરી સરિતા, સુર ધેનુ પ્રમોદ શું ખીર નિધાવી;
કર્મ જયૌ વ્યાધિ હરંત સદા, અંગમેલ હરંત શિયાકર માની;
જૈન સિદ્ધાંતકી જ્યોત ખડી, સુર દેવ સ્વરૂપ મહા સુખ દાની
લોક અલોક પ્રકાશભયે, મુનીરાજ બખાનત હે જિન વાણી. ૨
શોભત દેવ વિષે મઘવા, ઉડુ વૃંદ વિષે શશિ મંગળકારી;
ભુપ સમોહ વિષે બળે ચક્રિ, પતિ પ્રગટ બળે કેશવ ભારી;
નાગનમેં ધરણેંદ્ર વડો ઔર હે, અસુરનમેં ચમરેંદ્ર વિધારી;
યું જિનશાસન સંઘ વિષે, મુનિરાજ દિયે શ્રુતજ્ઞાન ભંડારી. ૩

કવિત.

કેસે કહે કેતકી કરેણુ એક, કહો જાત.
આક દુધ ગાય દુધ અંતર ઘણેરો હે;
સિરિ હોત પીળી પણ, હોંસ કરે કંચનકી,
કહાં કાગ વાણી કહાં કોયલકી ટેર હે;
કહાં ભાનું તેજ કહાં આગિઓ બીચારો કહાં,
પુનમકો અજવાળો કહાં અમાસ અંધેરો હે;
પક્ષ છોડ પારકી નિહાળ દેખી નીચે કર.
જૈન વેણ ઔર વેણ અંતર ઘણેરો હે. ૧
વીતરાગ વાણી સાચી મુગતકી નિશાની મહા,
સુકૃતકી ખાની જ્ઞાની આપ મુખ બખાની હે;
ઇનકું આરાધ કે તરીયા હે અનંત જીવ,
સોહી નિહાલ જાણ સરધા મન આની હે;
સરધા હે સારધાર, સરધા હોએ બેરો પાર,
સરધા બિના જીવ ખુવાર, નિશ્ચય કર માનીહે;
વાણી તો ઘણેરી પણ વિતરાગ તુલ્ય નહિ.
ઇનકે સિવાય ઔર છારાસી કહાની હે.

"સ્વાયલોકર"—ધનાસુતારની પોળ—અમદાવાદ.